Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૧૯
તા.૨૮-૧૨-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૪ પોષ સુદ - ૧૦
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૧ સૂર્યાસ્ત : ૦૬:૦૩
તાપમાન
ડીસા ૧૧.૩
અમદાવાદ ૧૨.૮
ગાંધીનગર ૧૨.૦
વડોદરા ૧૧.૮
સુરત ૧૭.૨
નલિયા ૦૮.૪
ચાંદી : ૩૮,૮૦૦ સોનું : ૨૯,૮૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

સરકારનું ખાનગી સ્કૂલોમાં ફી નિયમન યોગ્ય : હાઈકોર્ટ

વિદ્યાર્થીઓ અને વાલીઓના હિતમાં ચુકાદો : ખાનગી શાળાઓને મોટી પછડાટ તેમજ સરકારની પણ મોટી જીત

અમદાવાદ

ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) કાયદા-૨૦૧૭ની બંધારણીય કાયદે સરતાને પડકારતી રાજયભરની સ્વનિર્ભર શાળાઓ તરફથી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરાયેલી ઢગલાબંધ રિટ અરજીઓ આજે હાઈકોર્ટે એક અતિમહત્વના અને ઐતિહાસિક ચુકાદા મારફતે ધરાર ફગાવી દીધી હતી. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આર.સુભાષ રેડ્ડી અને જસ્ટિસ વી.એમ.પંચોલની ખંડપીઠે રાજય સરકારના ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) કાયદા-૨૦૧૭ને બહાલ રાખ્યો હતો. ગુજરાત હાઈકોર્ટના આ સીમાચિહ્નરૂપ ચુકાદાને પગલે રાજયભરના વિદ્યાર્થીઓ અને વાલીઓને બહુ મોટી રાહત મળી છે તો, બીજીબાજુ, રાજયના ખાનગી અને સ્વનિર્ભર શાળા સંચાલકો સામે નીતિવિષયક નિર્ણયના મામલે રાજય સરકારની ગુજરાત હાઈકોર્ટમાં જીત થઈ છે. હાઈકોર્ટના આ ચુકાદાને પગલે ઉંચી અને તગડી ફી વસૂલી નફાખોરી રળતી સ્વનિર્ભર શાળાઓને જબરદસ્ત પછડાટ મળી છે. હાઈકોર્ટના આ ચુકાદાથી નારાજ સ્વનિર્ભર શાળાઓ તરફથી સુપ્રીમકોર્ટમાં જવું હોઈ આ ચુકાદા સામે સ્ટેની માંગણી કરાઈ હતી જો કે, હાઈકોર્ટની ખંડપીઠે શાળાઓની સ્ટેની માંગણી પણ ધરાર ફગાવી દીધી હતી. ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદાને પગલે હવે સ્વનિર્ભર શાળાઓ નફાખોરી રળી શકશે નહી અને વિદ્યાર્થીઓ તેમ જ તેમના વાલીઓ પાસેથી મનસ્વી રીતે ઉંચી કે તગડી ફી વસૂલી શકશે નહી. હાઈકોર્ટે ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) કાયદા-૨૦૧૭નો આગામી વર્ષ ૨૦૧૮ના નવા શૈક્ષણિક સત્રાથી અમલવારી કરવા પણ સરકારને મંજૂરી આપી હતી અને તેના ચુકાદામાં એ બાબત પણ સ્પષ્ટ કરી દીધી હતી કે, રાજય સરકારને આ પ્રકારનો કાયદો બનાવવાની સત્તા છે અને સરકારે બનાવેલો આ કાયદો બિલકુલ યોગ્ય, વાજબી અને કાયદેસર છે. તેમાં સ્વનિર્ભર શાળાઓ કે તેના સંચાલકોના બંધારણીય અધિકારોનું કોઈ હનન થતું નથી. એટલું જ નહી, આ કાયદા અંતર્ગત સરકાર દ્વારા રચાયેલી ફી નિયમન સમિતિઓ પણ બંધારણીય અને કાયદેસર છે. આ અંગેના સરકારના જાહેરનામા પણ યોગ્ય અને કાયદેસર ઠરે છે. સરકારના કાયદામાં માઈ નોરીટીના કોઈ અધિકારોનું પણ ઉલ્લંઘન થતું નથી.

વિચાર વૈભવ...

આજે માણસની આંખ, હૃદય, વિચાર અને ક્રિયામાં ક્યાંય સંવેદનશીલતા રહી નથી. સ્વાર્થ માટે મા પુત્રીને પણ મારી નાખે (આરૂષી), આબરૂ માટે પિતાએ પુત્રીના પ્રેમીને મારી નાખે, જર- જમીન- જોરૂ માટે તો કરપીણ હત્યાઓ થાય જ છે, સ્મિત- હાવભાવ- શબ્દો બનાવટી થઈ ગયાં છે. સામી વ્યક્તિ તમારા દંભને ધરાર પકડી લ્યે છતાં આપણે દંભ છોડતા નથી..!

સોક્રેટિસ એક શેઠ પાસે ફંડ- ફાળો લેવા ગયા. ફાળો તો આપવાના જ હતા. પણ સોક્રેટિસનું જ્ઞાન ચકાસવા પૂછ્યું. જુઓ, મારી બે આંખમાંથી એક આંખ ખોટી છે. કઈ ખોટી છે એ ફટાફટ કહી દો.

સોક્રેટિસ બોલ્યા. તમારી 'જમણી' આંખ ખોટી છે... શેઠને આશ્ચર્ય થયું. જવાબ તો સાચો હતો. પણ કસોટીનું કારણ જાણવા પૂછ્યું. તમે કેવી રીતે નક્કી કર્યું કે જમણી આંખ જ ખોટી છે?

જુઓ, તમારી ડાબી આંખમાં ધનવાનપણાનો દંભ દોડે છે, ખોટી લાગણીની ભીનાશ છે, જ્યારે તદ્દન કોરી, નિર્દોષ દેખાતી આંખ જેને જમાનાનાં દૂષણોએ જેનો સ્પર્શ નથી કર્યો એ આંખ જ 'ખોટી' હોઈ શકે!

સુરેશ પ્રા.ભટ્ટ

મુખ્યમંત્રી ઠાકુરની સાથે અન્ય ૧૧ પ્રધાનોએ પણ શપથ લીધા

હિમાચલના મુખ્યમંત્રી તરીકે જયરામ ઠાકુરની તાજપોશી

કેબિનેટમાં છ નવા ચહેરાઓનો સમાવેશ : તમામ ૧૨ જગ્યાઓ ભરાઈ : બે ધારાસભ્યો સ્પીકર-ડેપ્યુટી સ્પીકર તરીકે સામેલ

શિમલા

જયરામ ઠાકુરે હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી તરીકે આજે શપથ લીધા હતા. તેમની સાથે ૧૧ નવા મંત્રીઓએ પણ શપથ લીધા હતા. ઐતિહાસિક રીઝ મેદાનમાં આયોજિત શપથવિધિ કાર્યક્રમમાં તમામ મંત્રીઓને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. ખીચોખીચ ભરેલા રીચ મેદાનમાં મુખ્યમંત્રી ઉપરાંત મહેન્દ્રસિંહ ઠાકુર, કિશન કપૂર, સુરેશ ભારદ્વાજ, અનિલ શર્મા, સર્વિન ચૌધરી, રામલાલ માંકડ, વિપીનસિંહ પરમાર, વિરેન્દ્ર કંવર, વિક્રમસિંહ, ગોવિંદસિંહ અને રાજીવ સહજલને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. સર્વિન ચૌધરી હિમાચલ પ્રદેશના એક માત્ર મહિલા પ્રધાન છે.

સુરેશ ભારદ્વાજ અને ગોવિંદસિંહે સંસ્કૃત ભાષામાં શપથ લીધા હતા. શપથ લેતા પહેલા ઠાકુરે કહ્યુ હતુ કે તેમની સરકાર લોકોની તમામ અપેક્ષાને પૂર્ણ કરવા માટે પ્રયાસ કરશે. કોઈ પણ મુખ્યપ્રધાનના શપથ વિધીમાં આટલી જંગી વ્યવસ્થા અગાઉ કરવામાં આવી ન હતી. હિમાચલ પ્રદેશમાં આગામી મુખ્યમંત્રી કોણ બનશે તેને લઈને છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી તમામ અટકળોનો ૨૪મીએ અંત આવી ગયો હતો.

ત્રિપલ તલાક બિલ આજે સંસદમાં રજૂ કરાશે

બિલમાં પતિને ત્રણ વર્ષની જેલની સજાની જોગવાઈ

નવીદિલ્હી

ત્રિપલ તલાક બિલ આવતી કાલે ગુરૂવારે લોકસભામાં રજૂ કરવામાં આવનાર છે. મુસ્લિમ સમુદાયના લોકોમાં ત્રિપલ તલાકની પ્રથાને ગુનેગારી તરીકે ગણાવવા સાથે સંબંધિત બિલ આવતીકાલે રજૂ કરવામાં આવનાર છે. આ ઘટનાક્રમ પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. નીચલા ગૃહની આવતીકાલની કાર્યવાહી મુજબ કેન્દ્રિય કાયદા પ્રધાન રવિ શંકર પ્રસાદ દ્વારા લોકસભામાં આવતીકાલે આ બિલ રજૂ કરવામાં આવનાર છે. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહના નેતૃત્વમાં આંતરપ્રધાન ગ્રુપ દ્વારા આ બિલ તૈયાર કરવામાં આવ્યુ છે. જેમાં કોઈ પણ સ્વરૂપમાં ત્રિપલ તલાકને ગેરકાયદે બનાવી દેવામાં આવ્યુ છે. લેખિતમાં, મૌખિકરીતે અથવા તો ઈલેક્ટ્રોનિકલીરીતે તલાક આપવાની પ્રથા પર બ્રેક મુકવામાં આવી છે. આમા પતિ માટે ત્રણ વર્ષની જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે. ગયા સપ્તાહમાં આ બિલ રજૂ કરનાર હતું પરંતુ સંસદીય બાબતોના મંત્રી અનંતકુમારે કહ્યું હતું કે, મોડેથી આ બિલ રજૂ કરવામાં આવશે. બિલની જોગવાઈ મુજબ પતિને જંગી દંડની જોગવાઈ પણ છે. કેસમાં સુનાવણી દરમિયાન મેજિસ્ટ્રેટ દ્વારા દંડ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટનો આદેશ હોવા છતાં ત્રિપલ તલાકના મામલા હજુ પણ સપાટી ઉપર આવી રહ્યા છે. આવી સ્થિતિમાં આ બિલને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

ગુજરાત કોંગી સંગઠનમાં ફેબ્રુઆરી બાદ મોટા ફેરફારો

ઉત્તરાયણ બાદ કેન્દ્રીય નેતાઓ ગુજરાત આવશે

અમદાવાદ

રાહુલ ગાંધી કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદ અને ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પૂર્ણ થઈ ગયા બાદ હવે આગામી ફેબ્રુઆરી મહિના પછી ગુજરાત કોંગ્રેસના સંગઠનમાં ધરખમ અને મહત્વના ફેરફારો કરવામાં આવે તેવી પૂરી શકયતા સેવાઈ રહી છે. ગુજરાત કોંગ્રેસના સંગઠનના નવસર્જન માટે કોંગ્રેસના કેન્દ્રીય નેતાઓની ટીમ ઉતરાયણ પછી કમૂર્હતા પૂર્ણ થયા બાદ ગુજરાતની મુલાકાતે આવે તેવી પણ પ્રબળ સંભાવના છે. કોંગ્રેસના સંગઠનમાં નવસર્જનમાં શહેર પ્રમુખથી લઈ પ્રદેશ પ્રમુખ સહિતના હોદ્દેદારો અને માળખાકીય ઘણા મહત્વના ફેરફારો અને બદલાવો થવાની શકયતા છે. ગુજરાત વિધાન સભા ચૂંટણીમાં કોંગ્રેસે આ વખતે ભાજપને જોરદાર ટક્કર આપી પરંતુ ગુજરાતની સત્તા મેળવવામાં કોંગ્રેસને પનો ટૂંકો પડયો અને ગાંધીનગર વેંત છેટુ રહી ગયું. મોં સુધી આવેલો સત્તાનો કોળિયો કોંગ્રેસના હાથમાંથી સરી પડયો, જેનો ભારોભાર વસવસો ગુજરાત કોંગ્રેસના સ્થાનિક નેતાઓથી લઈ રાષ્ટ્રીય નેતાઓ અને ખુદ કોંગ્રેસના દિલ્હીમાં બેઠેલા મોવડીમંડળને પણ છે પરંતુ આ બધો ગમ ભુલાવી નવેસરથી શરૂઆત કરવાની અને ભવિષ્યમાં વિજયી બનવાની આશાઓ સાથે કોંગ્રેસે કમર કસી છે. રાહુલ ગાંધીએ તેમના ગુજરાતના ચૂંટણી પ્રવાસો દરમ્યાન જ પહેલેથી સંકેત આપી દીધો હતો કે, તેઓ ગુજરાત કોંગ્રેસમાં ચૂંટણી પૂર્ણ થયા બાદ સંગઠનમાં મહત્વના અને ધરખમ ફેરફારો કરશે અને પક્ષના સંગઠનને ગુજરાતમાં વધુ મજબૂત, સુદ્રઢ અને કાર્યક્ષમ બનાવશે.

બનાસકાંઠા જિલ્લા પંચાયતની ૧૧ બેઠકનો વધારો

નવા સીમાંકન મુદે વિવાદ સર્જાતા રાજકીય ગરમાવો

બનાસકાંઠા જિલ્લા પંચાયત
પાલનપુર
આપનું હાર્દિક સ્વાગત કરે છે.

ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જિલ્લા પંચાયતની આગામી ફેબુઆરી માસમાં જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણી નવા સીમાંકન મુજબ યોજાનાર છે. જે મુજબ જિલ્લા પંચાયતની ૧૧ બેઠકનો વધારો થયો છે પરંતુ નવા સીમાંકનને લઈ વિવાદો સર્જાતા જિલ્લાભરમાં રાજકીય ગરમાવો છવાયો છે.

વિધાનસભાની ચૂંટણી પુરી થયા બાદ હવે બનાસકાંઠા જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણી આગામી ફેબુઆરી માસમાં યોજાનાર છે. ગત વખતે જિલ્લા પંચાયતની ૫૫ બેઠક હતી પરંતુ નવા સીમાંકન મુજબ ૧૧ બેઠક વધતા કુલ બેઠક ૬૬ થઈ છે. જો કે ગામડાઓનો વિકાસ થઈ શકે તે માટે વિસ્તાર નાનો બનાવાયો છે. જેથી જાગૃત કેલિગેટ સરળતાથી ગામોની મુલાકાત લઈ વિકાસ કાર્યો કરી શકે તેથી બેઠકોનો વધારો કરાયો છે. પરંતુ નવા સીમાંકનને લઈ વિવાદ સર્જાયો છે આ બાબતે જિલ્લા પંચાયત સદસ્ય લક્ષ્મીબેન કરણે જણાવ્યું હતું કે નવા સીમાંકનમાં ગામડાઓનું ઝુમજી બનાવવા વાંધા અરજીઓ કરી હતી. પરંતુ રાજકીય ઈશારે અધિકારીઓએ ગામડાઓનું ઝુમખુશ તોડી - મરોડીને જે - તે ગામડાઓની મોટા પાયે ફરેબદલી કરી છે. જેથી ઘણાં બેઠકનો વિસ્તાર ૧૫ થી ૨૦ કિ.મી. વધી ગયો છે. જેથી ગામડાઓના વિકાસનો મૂળભૂત હેતુ માર્યો ગયો છે.

જો કે આ મુદે જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવેએ જણાવ્યું હતું કે નવા સીમાંકન મુદે અધિકારીઓએ વાંધા અરજીઓ મંગાવી અરજદારોને સાંભળ્યા બાદ સીમાંકન કર્યું છે. જેથી રાજકીય ઈશારાનો કોઈ પ્રશ્ન જ નથી.

હવે જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીનું જાહેરનામું પંદરેક દિવસમાં બહાર પડવાનું છે ત્યારે સીમાંકન મુદે છવાયેલ વિવાદથી ભર શિયાળે રાજકીય ગરમાવો છવાયો છે.

કઈ કઈ બેઠકોનો સમાવેશ

બેઠક	અનામત	બેઠક	અનામત
આગથળા	સા.શૈ.પછાત સ્ત્રી	માડકા	બિ.અ.સા.
અંબાજી	અ.આ.જા સ્ત્રી	માલણ	સામાન્ય સ્ત્રી
અમીરગઢ	અ.આ.જા	માલણ	બિ.અ.સા.
બસુ	સા.શૈ.પછાત સ્ત્રી	માલગઢ	સામાન્ય સ્ત્રી
ભડથ	સા.શૈ.પછાત સ્ત્રી	મલુપુર	અ.જા.સ્ત્રી
ભાખરમોટી	સા.શૈ.પછાત સ્ત્રી	મેમદપુર	અ.જા.
ભોરડું	સા.શૈ.પછાત	મીઠા	સામાન્ય સ્ત્રી
ચંડીસર	સા.શૈ.પછાત	મોરથલ	બિ.અ.સા.
છાપી	અ.જા.	મોરવાડા	સામાન્ય સ્ત્રી
દાંતા	અ.આ.જા	મુડેઠા	બિ.અ.સા.
દાંતીવાડા	સા.શૈ.પછાત	નાંદલા	સામાન્ય સ્ત્રી
દિયોદર	સામાન્ય સ્ત્રી	નારોલી	સામાન્ય સ્ત્રી
ધાખા	સામાન્ય સ્ત્રી	નવાવાસ	સામાન્ય સ્ત્રી
ઢીમા	સામાન્ય સ્ત્રી	નેસડા જૂના	સામાન્ય સ્ત્રી
ઢુવા	સામાન્ય સ્ત્રી	પાંથાવાડા	સામાન્ય સ્ત્રી
ડુવા	સામાન્ય સ્ત્રી	પીલુડા	અ.જા.
ગઢ	સામાન્ય સ્ત્રી	રૈયા	સામાન્ય સ્ત્રી
જડીય	બિ.અ.સા.	રાંટીલા	બિ.અ.સા.
જગાણા	બિ.અ.સા	સમૌમોટા	બિ.અ.સા.
જલોત્રા	સામાન્ય સ્ત્રી	સાંઢોસી	અ.આ.જા
ઝેરડા	બિ..અ.સા.	સણવા	બિ.અ.સા.
જૂનાડીસા	સામાન્ય સ્ત્રી	સરાલ	બિ.અ.સા.
કાલેડા	અ.જા.સ્ત્રી	શિહોરી	સામાન્ય સ્ત્રી
કંબોઈ	સામાન્ય સ્ત્રી	સુઈગામ	બિ.અ.સા.
કાણોદર	સામાન્ય સ્ત્રી	ટડાવ	અ.જા.સ્ત્રી
કપાસીયા	અ.આ.જા	તેરવાડા	બિ.અ.સા.
ખંઢોરઉબરી	અ.આ.જા.સ્ત્રી	થાવર	બિ.અ.સા.
ખીમાણા	બિ.અ.સા.	ઉણ	બિ.અ.સા
ખિંમત	સામાન્ય સ્ત્રી	વડા	બિ.અ.સા.
કોતરવાડા	બિ.અ.સા.	વડગામ	બિ.અ.સા.
કુચાવાડા	બિ.અ.સા.	વાવ	અ.જા
લાખણી	સામાન્ય સ્ત્રી	વિરમપુર	અ.આ.જા સ્ત્રી
લવાણા	બિ.અ.સા		
મડાણા(ગઢ)	બિ.અ.સા.		

ધાનેરાના શેરા - રવિયા ગામ વચ્ચે વાહનની ટક્કરે બાળાનું મોત

તા.પ્રતિ ધાનેરા

ધાનેરા તાલુકાના શેરા - રવિયા ગામ વચ્ચે ગઈકાલે કોઈ એક અજાણ્યો વાહન ચાલક એક ૧૧ વર્ષિય બાળાને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. જેમાં બાળાનું કરૂણ મોત થતાં અરેરાટી વ્યાપી જવા પામી હતી. પ્રાપ્ત માહિતી મુજબ ધાનેરા તાલુકાના શેરા- રવિયા ગામ વચ્ચે રોડ ઉપરથી પસાર થઈ રહેલ ૧૧ વર્ષિય શિલ્પાબેન દિનેશભાઈ કોળીને કોઈ અજાણ્યો વાહન ચાલક ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. આ અંગેની જાણ થતાં ધાનેરા ૧૦૮ ના ઈએમટી હાર્દિક પ્રજાપતિ તથા પાયલોટ રજનીકાંત રાવલે તાત્કાલિક ઘટના સ્થળે પહોચી બાળાને ધાનેરા સિવિલમાં ખસેડી હતી. જયાં હાજર તબીબ ડો.શૈલેન્દ્રસિંહે તેણીને મૃત જાહેર કરી હતી. મૃતક બાળા મૂળ પરિવાર રામપૂરા ગામનો છે હાલમાં રવિયા ગામે ખેત મજુરી કરે છે. બાળાનું મોત થતાં પરિવારજનોમાં કરૂણતા સર્જાઈ હતી.

એસબીઆઈ સાથે મર્જ બેંકના ચેક અમાન્ય થશે

નવીદિલ્હી

પહેલી જાન્યુઆરીથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતા ધારકો માટે નવા નિયમો લાગૂ થઈ જશે. જે લોકોની પાસે એસબીઆઈના મર્જ થઈ ચુકેલી બેંકોની ચેકબુક છે તેમને બદલાવી લેવાની જરૂર રહેશે. આ બેંકોની જુની ચેકબુક અને આઈએફસી કોડ ૩૧મી ડિસેમ્બર બાદ માન્ય રહેશે નહીં. પહેલી જાન્યુઆરીથી એસબીઆઈના એસોસિએટ્સ બેંકોના જુના ચેક અમાન્ય થઈ જશે. એટલે કે, એવી બેંકો જે એસબીઆઈમાં મર્જ થઈ ચુકી છે તેમની ચેકબુક હવે કોઈ કામની રહેશે નહીં. એસબીઆઈના આદેશ મુજબ સ્ટેટ બેંક ઓફ પટિયાલા, સ્ટેટ બેંક ઓફ બીકાનેર એન્ડ જયપુર, સ્ટેટ બેંક ઓફ રાયપુર, સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર, સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ અને ભારતીય મહિલા બેંકના ખાતા ધારકોને નવી ચેકબુક માટે અરજી કરવી પડશે. નવી ચેકબુક માટે એસબીઆઈની શાખા, એટીએમ અથવા તો મોબાઈલ એપ પર જઈને અરજી કરી શકાય છે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

ઉત્તર ગુજરાતમાં ફોરેન એજ્યુકેશન ક્ષેત્રે કાર્યશીલ કંપની સાથે જોડાવવાની સુવર્ણ તક
સ્ટાફ જોઈએ છે.
યોગ્ય ઉમેદવારને આકર્ષક પગાર મળશે.
પાલનપુર સેન્ટર માટે...
કાઉન્સેલર (ફક્ત લેડીઝ) - ૨
અંગ્રેજી + કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું જરૂરી
ફેકલ્ટી (for IELTS) - ૨
અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ ધરાવનાર તેમજ IELTS શીખવાડવાનો અનુભવ ધરાવનાર
ઓફિસ બોય - ૨
નોંધ:
ઈન્ટરવ્યુ માટે બાયોડેટા (ફોટા) સાથે રૂબરૂ મળો.
તા. ૩૦.૧૨.૨૦૧૭
શનિવાર. સવારે ૯ થી ૧૧
BHARAT PANCHAL Education Pvt. Ltd.
Reshaping Lives
બીજે માળ, ગુરુ આશીર્વાદ કોમ્પ્લેક્ષ, સરકારી વસાહતની સામે, કોલેજ રોડ, પાલનપુર-૩૮૫૦૦૧
93777 11896

સૂર્યોદય - ૭.૨૧ સૂર્યાસ્ત - ૬.૦૩

તિથિદર્શન

પોષ સુદ-૧૦ ગુરૂવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ પોષ સુદ : દશમ ગુરૂવાર નક્ષત્ર:શીવ રાત્રે ૧૨.૩૮ પછી ભરણી યોગ :શિવ કરણ :તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

ધર્મ શનૈઃ સંચિનુયાદ્ વલ્મીકમિવ મુક્તિકાઃ પરલોક સહાયાર્થે સર્વ ભૂતાન્ય પીડ્યન્

'જે પ્રમાણે ઊધઈ અત્યંત ધીરજપૂર્વક ધીમે ધીમે પોતાનો રાફડો બનાવે છે તે જ પ્રમાણે માણસે પણ સર્વ પ્રાણીઓને ત્રાસ- પીડા આપ્યા વિના, પરલોકમાં પણ મદદરૂપ થાય એવી ગણતરીપૂર્વક,ધીમે ધીમે, શાંતિ અને ધીરજપૂર્વક ધર્મ અને પુણ્ય સંચય કરવાં જોઈએ.'

જ્યાં કોઈ ખાસ પગરવ- હલનચલન ન હોય, શાંતિ અને ગુફા જેવું એકાંત જ હોય, ત્યાં ઊધઈ પોતાનું 'આસન' જમાવે છે અને કોઈ પણ આધાર વિના પણ એવો ઢગલા જેવો દંડ ઊભો કરી દે છે. એ ઊધઈની સિદ્ધિ- સફળતા છે. માણસે ધર્માચરણમાં પણ એવી કાળજી રાખવી પડે. કામ ભલે સારું અને સર્વના હિતમાં હોય, ધર્મોત્સવ હોય. દા.ત., 'નવરાત્રી' માતાજીની ગરબી- ગીત- રાસ અને ગરબા એક ધર્મોત્સવ જ છે. પણ પરીક્ષાના વાંચન સમયમાં જ મોટાં મોટાં સ્પીકરમાં ગવાતા રાસ- ગરબાનો અવાજ વિદ્યાર્થીને વિચલિત કરી દે અને વિદ્યાર્થીની માતાજીની પ્રત્યેની શ્રદ્ધા હલબલી જાય એટલા તેના નિઃશ્વાસ ધર્માચરણ કરનારા ઉત્સવી શ્રદ્ધાળુઓને કનડે છે. મધમાખી પણ જેમ ધીમે એકત્ર કરી મધપૂડો બનાવે છે એમ કોઈને નુકસાન કર્યા વિના ધર્માચરણ શાંતિ - શ્રદ્ધા અને ધીરજપૂર્વક થવું જોઈએ.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.)ગૃહસ્થિ જીવનમાં આનંદ રહે, વણસેલા સંબંધો સુધરે.
વૃષભ : (બ.વ.ઉ.) કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.
મિથુન : (ક.છ.ઘ.)વ્યર્થ ચિંતા દૂર થાય, આનંદપૂર્ણ દિવસ વિતે.
કર્ક : (ડ.હ.)મહત્વના કાર્યોમાં સફળતા મેળવી શકો, તકનો લાભ ઉઠાવજો.
સિંહ : (મ.ટ.)લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય, મનની મુંઝવણ દૂર થાય.
કન્યા : (પ.ઠ.ણ.) વ્યર્થ ક્રોધથી દૂર રહેવું, આંધળો વિશ્વાસ મૂકીને કામ કરવાની વૃતિ ટાળવી.
તુલા : (ર.ત.)યશ-માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
વૃશ્ચિક :(ન.ય.)સ્વભાવમાં ઉગ્રતા રહે, ધારી સફળતામાં વિલંબ રહે.
ધન : (ભ.ફ.ધ.)મનની મુંઝવણ મનમાં રહે, વ્યર્થ ક્રોધ રહે.
મકર : (ખ.જ.)અચાનક પ્રવાસ થાય, મહામહેનતે કાર્યમાં સફળતા મળે.
કુંભ : (ગ.શ.સ.)કાર્યબોઝ વિશેષ રહે, શેર-સટ્ટા-લોટરીમાં લાભ મળે.
મીન : (દ.ચ.જ.થ.) આર્થિક લાભ રહે, મનની મુરાદ બર આવે.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

વિશ્વ વિખ્યાત શાયર મીરઝા ગાલીબની જન્મજયંતી છે. તરૂણાવસ્થાના આવેગમાં પિતાથી નારાજ થઈને, ઈરાનને છેલ્લી સલામ કરીને, શાલઆલમના શાસનકાળ દરમિયાન હિંદુસ્તાન આવેલા, ઉર્દુ અને હિન્દી સાહિત્ય જેમના માટે ગૌરવ લઈ શકે એમ છે -એ શાયર મિરઝાં ગાલીબનો જન્મ તા. ૨૭-૧૨-૧૭૯૭ ના રોજ આગ્રા (તે સમયનું અકબરાબાદ)માં થયો હતો. ગાંલિબ શરૂઆતમાં 'આસદ'ના ઉપનામથી લખતા હતા, પણ પછી 'ગાલિબ' ના નામે લખવા માંડયું. એમના અવસાનને આજે ૧૨૨ વર્ષ થયા છતાં સાહિત્યમાં એમનું નામ આજેય એટલું જ અમર છે. એમનું અવસાન તા. ૧૫-૨-૧૮૬૯ના રોજ થયું હતું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ..... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

તા. ૨૭.૧૨.૨૦૧૭ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નવી તેજી સંદર્ભે નિફ્ટી ફ્યુચર ૧૦૬૦૬ પોઈન્ટ નો સ્ટ્રોંગ સપોર્ટ...!!!

તા. ૨૬.૧૨.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૫૩૦ પોઈન્ટ :-

આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૭૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૬૦૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૪૯૪ પોઈન્ટ થી ૧૦૪૭૭ પોઈન્ટ, ૧૦૪૬૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૪૬૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા. ૨૬.૧૨.૨૦૧૭ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૬૯૩ પોઈન્ટ :-

આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૭૭૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૬૦૬ પોઈન્ટ થી ૨૫૫૭૦ પોઈન્ટ, ૨૫૪૬૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૪૬૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

ડો.huœe (૨૩૬૩) :- ફાર્મા ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૩૧૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૨૯૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૩૮૮ થી રૂ.૨૪૦૪ ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૪૦૪ ઉપર તેજી તરફી ધ્યાન...!!

HDFC લિમિટેડ (૧૭૧૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૬૯૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૬૭૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૭૩૩ થી રૂ.૧૭૪૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

લ્યુપિન લિમિટેડ (૮૭૪) :- રૂ.૮૬૦નો પ્રથમ તેમજ રૂ.૮૪૮ ના બીજા સપોટ'થી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૮૮૮ થી રૂ.૮૯૪ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!

બાયોકોન લિમિટેડ (૫૪૧) :- ફાર્માના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૫૫૩ થી રૂ.૫૬૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૫૨૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!

રિલાયન્સ ઇન્ફ્રા (૫૩૮) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૧૮ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૪૭ થી રૂ.૫૫૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!

ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૬૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૬૭૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૬૪૭ થી રૂ.૧૬૩૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૬૮૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!

એશિયન પેઈન્ટ્સ (૧૧૪૮) :- રૂ.૧૧૬૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૭૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૧૩૦ થી રૂ. ૧૧૧૭નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૮૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!

કોટક બેન્ક (૧૦૧૪) :- બેન્ક સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૩૩ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૦૦૩ થી રૂ. ૯૯૬ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!

તાતા સ્ટીલ (૭૨૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૭૪૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૭૦૯ થી રૂ.૬૯૭ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૭૫૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!

સન ફાર્મા (૫૩૮) :- રૂ.૫૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૫૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ફાર્મા સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૫૨૩ થી રૂ.૫૧૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૬૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

વડાલીમાં ભાગવત સપ્તાહમાં નવ નિયુક્ત ધારાસભ્ય અને પૂર્વ મંત્રીનું સ્વાગત કરાયું

નરેન્દ્રસિંહ રાઠોડ

પ્રતિ. વડાલી

વડાલી શહેરમાં શ્રી મહાકાલીમંદિર પરિસરમાં સગર સમાજ દ્વારા ભાગવત સપ્તાહ રાખવામાં આવી છે ત્યારે ઈડર, વડાલીના નવીન ધારાસભ્ય હીતુભાઈ કનોડીયા, તેમજ પૂર્વ મંત્રી રમણલાલ વોરા ગઈકાલે સવારે ૧૦ કલાકે વડાલી પહોંચ્યાં હતા. અને સંતો મહંતોના આશીર્વાદ મેળવ્યા હતા, સપ્તાહમાં મોટી સંખ્યામાં હરિભક્તો હાજર હતા. સંતો દ્વારા હીતુભાઈ કનોડીયા અને રમણલાલ વોરાનું સ્વાગત કરવામાં આવ્યુ હતું. ત્યાર બાદ બન્ને નેતાઓએ વડાલી માકેટયાર્ડમાં કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો. હીતુભાઈએ કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો હતો, અને વિકાસ કાર્યોને આગળ વધારવા માટે કટીબધ્ધ હોવાનુ જણાવ્યું હતુ,રમણલાલ વોરા જ્યારે કાર્યકરોને સબંધોતા હતા ત્યારે તેમની આંખોમાંથી આસુઓની ધાર વહેવા લાગી હતી. કાર્યકરોએ જે ૨૨ વર્ષ સારા સહકાર આપ્યો તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો આ પ્રસંગ તખતસિંહ હડીયોલ મોતીસિંહ રાઠોડ, પટેલ જયંતિભાઈ, રાઠોડ સજ્જનસિંહ, બારોટ દિનેશભાઈ ધીરૂભાઈ પટેલ,રમેશભાઈ પટેલ, કે.ડી પરમાર, સમતાબેન સગર, કિર્તીભાઈ નારણભાઈ સગર, ચંદુભાઈ સગર તેમજ વડાલી તાલુકાના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આઈપીસી અને યુએપીએની કલમ હેઠળ કેસ ચાલશે

માલેગાંવ બ્લાસ્ટમાં લેફ્ટ. કર્નલ પુરોહિત, સાધ્વી સામે કેસ ચાલશે

નવીદિલ્હી

વર્ષ ૨૦૦૮ના સનસનાટીપૂર્ણ માલેગાંવ બ્લાસ્ટ કેસમાં લેફ્ટી કર્નલ પુરોહિત અને સાધ્વી પ્રજ્ઞા સહિત તમામ આરોપીઓને આજે મોટી રાહત મળી હતી. કારણ કે, રાષ્ટ્રીય તપાસ સંસ્થા (એનઆઈએ) દ્વારા આ મામલામાં તમામ આરોપીઓની સામે ચાલી રહેલા કેસને જારી રાખવાનો નિર્ણય કર્યો છે પરંતુ પુરોહિત અને પ્રજ્ઞા સહિત બાકીના આરોપીઓની સામે મકોકા, આર્મ્સ એક્ટ અને ગેરકાયદે ગતિવિધિ અટકાયત ધારાની કલમ ૧૭, ૨૦ અને ૧૩ હેઠળ કેસ ચલાવવામાં આવશે નહીં. ૨૦૦૮માં માલેગાંવ બ્લાસ્ટ કેસના સંબંધમાં તમામ આરોપીઓને આજે મોટી રાહત મળી ગઈ હતી. માલેગાંવ બ્લાસ્ટના આરોપી સાધ્વી પ્રજ્ઞા, લેફ્ટી કર્નલ શ્રીકાંત પ્રસાદ પુરોહિતની સામે આઈપીસીની કલમ ૧૨૦બી, ૩૦૨, ૩૦૭, ૩૦૪, ૩૨૬, ૪૨૭, ૧૫૩એની સાથે યુએપીએની કલમ ૧૮ હેઠળ કેસ ચલાવવામાં આવશે. આ મામલાના આરોપીઓ હવે જામીન પર છે. અત્રે નોંધનીય છે કે, ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૮ના દિવસે માલેગાંવ બ્લાસ્ટમાં સાત લોકોના મોત થયા હતા. આ કેસમાં સાધ્વી પ્રજ્ઞાની સાથે કર્નલ પુરોહિત પણ આરોપી છે. સાધ્વી પ્રજ્ઞા અને કર્નલ પુરોહિત બંને જામીન ઉપર ચાલી રહ્યા છે. મામલાની આગામી સુનાવણી મુંબઈમાં એનઆઈએની કોર્ટમાં હાથ ધરાશે. કોર્ટે અતિમહત્વપૂર્ણ તારણો પણ આપ્યા છે. નવા ચાર્જ આઈપીસી હેઠળ દાખલ કરવામાં આવશે. જો કે, ડિસ્ચાર્જ કરવાની અપીલને ફગાવી દેવામાં આવી હતી. આ કેસમાંથી લેફ્ટી કર્નલ પુરોહિત, સાધ્વી પ્રજ્ઞા, સમીર કુલકર્ણી, રમેશ ઉપાધ્યાય, સુધાકર દ્વિવેદીને નિર્દોષ છોડી મુકવાની અપીલને ફગાવી દેવાઈ છે. જો કે, રાકેશ દાવડે અને જગદીશ મહાત્રે સામે આર્મ્સ એક્ટ હેઠળ ટ્રાયલ ચાલશે. કોર્ટે બ્લાસ્ટ કેસમાંથી પ્રવિણ તકલકી, શ્યામલાલ સાહૂ અને શિવનારાયણ કલસાંગરાને નિર્દોષ છોડી દીધા છે.

અનુસંધાન પાના નં.૬

દિયોદર તાલુકાના કોતરવાડા ગામે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનો પ્રારંભ

નટુજી ઠાકોર

પ્રતિનિધિ કોતરવાડા

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે શાળા આરોગ્ય તપાસણી વર્ષ ૨૦૧૭-૧૮ રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોતરવાડા દ્વારા પે.કેન્દ્ર શાળા ખાતે સરપંચ મગનજી ઠાકોર, લાલજીજી ઠાકોર તથા મેડિકલ ઓફિસર પ્રદિપભાઈ કે. સોલંકી, દિયોદર તાલુકા કક્ષાએથી ટી.એચ.વી. એન. તથા આર.બી.એસ.કે. તથા મે.ઓ. રાકેશ પરમાર તથા ફી.હે. વર્કર ધારાબેન પટેલ તથા મધુબેન મોદી તથા ડી.કે.પઢિયાર તેમજ પે.કેન્દ્ર શાળાના તમામ સ્ટાફગણ તેમજ ગ્રામજનોની હાજરીમાં ઉદઘાટન કરવામાં આવેલ. ત્યારબાદ રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. હવે શાળામાં બાળકોના આરોગ્યની તપાસણી કરાશે.

સિક્કિમ યુનિવર્સિટીની મુલાકાત વેળાએ સેનેટ સભ્યની વર્તમાન શિક્ષણ વિષય પર ચર્ચા

ડીસા

તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્યો દેશની વિવિધ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. જેમાં વર્તમાન શિક્ષણ વિષય પર ચર્ચા કરી હતી.

ગુજરાત યુનિવર્સિટીના માસ્ટર ઓફ આર્ટસ ફેકલ્ટીનાં સેનેટ સભ્ય અને બનાસકાંઠા યુથ કોંગ્રેસના મહામંત્રી મુકેશ આંજણાએ આર્ટ્સ પ્રવાહમાં હાલના સમયમાં શું પરિવર્તન લાવી શક્યા તે વિષયને લઈને માર્ગદર્શન આપ્યું હતુ.

ડીસામાં 'લોકશાહીમાં નાગરીકોની જવાબદારી' વિષય પર વકતવ્ય

ડીસા

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન શ્રી સંસ્કાર મંડળ ડીસા સંચાલિત આદર્શ વિદ્યા સંકુલ ખાતે ત્રિદિવસીય શ્રીમતી ચુનીબેન શાંતિલાલ કોઠારી વિદ્યા વિચાર વ્યાખ્યાન માળાનું આયોજન કરાયું છે.

ડો.હેડગેવાર પ્રાર્થના ખંડ ખાતે યોજાઈ રહેલ આ વ્યાખ્યાન માળામાં મંગળવારે બીજા દિવસે સાંજે ૭.૩૦ થી ૯.૩૦ કલાકે વ્યાખ્યાન માળાના અધ્યક્ષ તરીકે ડો.કિશોરભાઈ આસનાની અને મુખ્ય મહેમાન તરીકે ચંદુભાઈ સિસોદીયા ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગુજરાત રાજયના પૂર્વ મુખ્ય સચિવ પી.કે. લહેરીએ 'લોકશાહીમાં નાગરીકોની જવાબદારી' વિષય ઉપર વ્યાખ્યાન રજૂ કર્યું હતું.

ભાડામાં વધારો કરવાની કોઇ દરખાસ્ત નથી : રેલ્વે

નવીદિલ્હી

રાજ્યસભામાં આજે સરકાર તરફથી માહિતી આપવામાં આવી હતી કે, ભારતીય રેલવેને ભાડામાં વધારો કરવાની કોઇ દરખાસ્ત મળી નથી. રેલવે રાજ્યમંત્રી રાજેન ગોહેને માહિતી આપતા કહ્યું હતું કે, રેલવેને પેસેન્જર ટ્રાફિકમાં ૦.૬૮ ટકાનો વધારો થયો છે. દિલ્હી અને મુંબઈ વચ્ચે ઉલ્લેખનીય વધારો નોંધાયો છે. ગયા વર્ષે આજ ગાળાની સરખામણીમાં એપ્રિલ-નવેમ્બર ૨૦૧૭ દરમિયાન મુંબઈ-દિલ્હી વચ્ચે ૦.૬૮ ટકા અને ૦.૯૯ ટકા વચ્ચેનો વધારો થયો છે. પેસેન્જર ટ્રાફિક અંગે પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, ખાસ ટ્રેનો અને તેમના ભાડાને લઈને રેલવે બિલકુલ સાવધાન છે. યાત્રી ભાડામાં વધારો કરવા માટેની હાલમાં કોઇ દરખાસ્ત નથી. ખાસ ચાર્જ પર સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવામાં આવી ચુકી છે. સુવિધા ટ્રેનો પણ રેલવે દ્વારા દોડાવવામાં આવી રહી છે.

જે શાળાઓએ વધુ ફી લીધી હશે તેણે ક્રેડિટ આપવી પડશે

અમદાવાદ

ફી નિયમનના સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આજે આપ્યો હતો. હાઈકોર્ટે તેના ચુકાદામાં એ પણ સ્પષ્ટ કરી દીધું હતું કે, જે શાળાઓએ સરકારે નિયત કરેલી ફી કરતાં વધુ ફી ઉઘરાવી હશે તેવી શાળાઓએ વિદ્યાર્થીઓને આગામી શૈક્ષણિક સત્રમાં વધારાની ઉઘરાવેલી ફીની રકમ મજરે આપવી પડશે એટલે કે, ક્રેડિટ આપવી પડશે. જે વિદ્યાર્થીઓએ અને વાલીઓએ શાળા દ્વારા ઉઘરાવાયેલી વધારાની ફી મુદ્દે તેમને કોઇ ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે, શાળા સંચાલકોએ નવા સત્રમાં તફાવતની રકમ ક્રેડિટ આપવી પડશે એટલે કે, નવા સત્રની ફીમાં તેટલી રકમ વાળી આપવી પડશે. રાજય સરકારના ફી નિયમન કાયદામાં બહુ વિસ્તૃત અને અસરકારક જોગવાઇ લાગુ કરવામાં આવી છે જે મુજબ, જો કોઇ ખાનગી કે સ્વનિર્ભર શાળા દ્વારા સરકારના ફી નિયમન કાયદાનો ત્રણ વાર ભંગ કરાશે તો, તે શાળાની શૈક્ષણિક માન્યતા રદ કરી દેવાશે.

પહેલીવાર કાયદાનો ભંગ કરશે તો, તેને પાંચ લાખ રૂપિયાનો દંડ, બીજીવાર કાયદાના ભંગ બદલ રૂ. દસ લાખનો દંડ અને ત્રીજી વાર કાયદાના ભંગ બદલ શાળાની સીધી માન્યતા જ રદ કરવાની કાયદામાં જોગવાઇ છે.

સુરતમાં ગોપી કલા ઉત્સવનો પ્રારંભ

વસંત બારોટ

સુરત

મહાનગરપાલિકા દ્વારા તા. ૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ દરમ્યાન ગોપી તળાવ ખાતે આયોજીત ''ગોપી કલા ઉત્સવ ૨૦૧૭'' અંતર્ગત તા. ૨૬/૧૨/૨૦૧૭ ના રોજ યોજાયેલ 'ગુજરાતી ગીતોનો ગુલદસ્તો' કાર્યક્રમનું દીપ પ્રગટાવી શુભારંભ કરાવતા મેયર અસ્મિતાબેન શિરોયા, સાંસદ દર્શનાબેન જરદોષ,ડે.મેયર શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજેશભાઈ દેસાઈ, મ્યુનિસિપલ કમિશન એમ. થેન્નારસન, આઈ.એ.એસ. શાસક પક્ષના નેતા ગિરીજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા રૂપલબેન શાહ તેમજ અન્ય મહાનુભાવો તથા કાર્યક્રમ રજુ કરવા કલાકારો દ્રશ્યમાન છે.

રવિયાણા શાળા પરિવાર દ્વારા બટુક ભોજન

મહાદેવ પરમાર

પ્રતિનિધિ રવિયાણા

કાંકરેજ તાલુકાની રવિયાણા પ્રા.શાળામાં શાળા પરિવાર દ્વારા તમામ બાળકો તથા આંગણવાડીના બાળકોને ટોપરાપાક, પુરી શાક, દાળભાત, છાસ સાથેનું સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવ્યું હતું. અત્રે યાદ આપવું જરૂરી કે શાળા પરિવાર દ્વારા શિક્ષણની સાથોસાથ દર સાલ શાળાના તમામ બાળકોને સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવે છે. આ પ્રસંગે શાળાના આચાર્ય જીવરાજભાઈ પટેલ, ભરતકુમાર શાહ, પોપટભાઈ પ્રજાપતિ, નિલેષકુમાર પટેલ, વસંતભાઈ ચૌહાણ, ભરતભાઈ પટેલ, ચૌધરી નારાયણભાઈ, પરસોત્તમભાઈ દેસાઈ, રજનીકાન્તભાઈ પટેલ, સંચાલક, રસોયા અને મદદનીશ હાજર રહેલ.

ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પૂજા અર્ચના સાથે કાર્યાલય શરૂ કર્યું

ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કેબિનેટ મંત્રી તરીકે સપથ લીધા પછી પ્રથમ દિવસે સ્વર્ણિમ સંકુલ - ૧, ગાંધીનગર ખાતે મારા કાર્યાલયમાં પ્રભુની પૂજા અર્ચના કરી અને ગુજરાતના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. પ્રભુને પ્રાર્થના કરીકે સમગ્ર ગુજરાતની પ્રજાની આશાઓ અને અપેક્ષાઓને પરિપૂર્ણ કરવા માટે નવરચિત સરકારના પ્રતિનિધિ તરીકે હું સાંગોપાંગ પાર ઉતરીશ અને પ્રજાની અહર્નિશ સેવા કરતો રહીશ તે જ મારી જીવનની અમૂલ્ય આશા અને ઈચ્છા છે.

મનમોહનસિંહની નિષ્ઠા પર કોઈ જ પ્રશ્નો ઉઠાવાયા નથી

નવીદિલ્હી

ગુજરાત ચૂંટણીમાં પ્રચાર દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પર કરવામાં આવેલી ટિપ્પણીને લઇને આજે કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ રાજ્યસભામાં સ્પષ્ટતા કરી હતી. જેટલીએ કહ્યું હતું કે , વડાપ્રધાને પોતાના ભાષણમાં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અને પૂર્વ ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારીની દેશ પ્રત્યે નિષ્ઠાને લઈને કોઇ પ્રશ્નો ઉઠાવ્યા ન હતા. તેમના કોઇ એવા ઈરાદા પણ ન હતા. આ પ્રકારની બાબત ખોટી છે. અમે આ નેતાઓની સાથે ભારત પ્રત્યે તેમની કટિબદ્ધતાનું સન્માન કરીએ છીએ. જેટલીના ખુલાસા બાદ કોંગ્રેસ નેતા ગુલામ નબી આઝાદે તેમનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, જે વિવાદ હતો તેને લઈને સ્પષ્ટતા બાદ તેઓ નેતાનો આભાર માને છે. પોતાની પાર્ટી તરફથી તેઓ આભાર માને છે. અમે આ પ્રકારની ટિપ્પણીથી પોતાને અલગ કરીએ છીએ જેના લીધે વડાપ્રધાનના હોદ્દાને ઠેસ લાગી છે.

દેશમાં રેલવે સ્ટેશનોના યોગ્ય ઉપયોગ પર પૂર્ણ ધ્યાન અપાશે

નવીદિલ્હી

ભારતીય રેલવેને વધુ સંપત્તિ સાથે સજ્જ કરવા માટે તૈયારી કરી લેવામાં આવી છે. રેલવેની સંપત્તિના વધુ અસરકારક ઉપયોગના મામલે ધ્યાન આપવામાં આવે તેવા સંકેત દેખાઇ રહ્યા છે. બજેટમાં આ અંગેની જાહેરાત કરવામાં આવી શકે છે. સાથે સાથે લોકોની તકલીફો દૂર કરાશે. મધ્યમ અવધિમાં રેલવે ફાઇનાન્સને સુધારવાના પાસા ઉપર પણ ધ્યાન અપાશે. થોડાક સમય પહેલા એસબીઆઈને કેટલીક વિશેષ જવાબદારી સોંપવામાં આવી હતી. રેલવેના ઓપરેશનમાં વધારે ખાનગી સેક્ટરને પ્રોત્સાહન આપવાની દિશામાં વિચારણા ચાલી રહી છે. રેલવે ટ્રેક ઉપર ખાનગી ટ્રેન દોડાવવા અને તેના પોતાના ઓપરેશનને ઘટાડવા પણ ઈચ્છુક છે. રેલવે સ્ટેશનોને યોગ્ય ઉપયોગને પણ ધ્યાનમાં લેવામાં આવશે.

અનુસંધાન પાના નં.૬

ડીસા હુસૈની ચોકથી ગવાડી સુધી રોડ ન બનતા પ્રજા ત્રાહીમામ

ધૂળની ડમરીઓ ઉડતા લોકો બીમારીના ભરડામાં સપડાયા

જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસાના હુસૈની ચોકથી ગવાડી સુધીનો રસ્તો ન બનતા પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. ડીસાનો વિકાસ ગવાડીમાં આવીને અટકી જવા પામ્યો છે. ભૂગર્ભ ગટર માટે ખોદેલા રસ્તાઓ ફરીથી બની ગયા છે. ત્યારે હુસૈની ચોકથી ગવાડી સુધી રસ્તો ન બનતા લોકો પરેશાન થઈ ઉઠ્યા છે.

આ રોડ પરથી દિવસમાં કેટલાય વાહનો જતા હોય છે. ત્યારે ધૂળની ડમરીઓ હવામાં ઉડતા લોકોના શ્વાસ રૂંધાતા બીમારીમાં સપડામાં કેટલાય લોકો સપડાઈ જવા પામ્યા છે. વળી આ માર્ગ પર ડીસામાં મીની અજમેર તરીકે સુપ્રસિદ્ધ દરગાહ, હઝરત ભાઈજાનબાવાની આવેલી છે. જેથી દરરોજના વિશાળ સંખ્યામાં હિન્દુ- મુસ્લિમો વાહનો લઈને આવતા હોય છે. ત્યારે આ માર્ગ ઉપર ધૂળની ડમરીઓ ઉડતા શ્રધ્ધાળુઓ હેરાન- પરેશાન થઈ જાય છે.ત્યારે ડીસાના ન.પા. પ્રમુખ પ્રવિણભાઈ માળી હુસૈની ચોકથી અખ્બર સુધીનો રસ્તો તાત્કાલિક બનાવી ધર્મપ્રેમીઓની માંગણી સંતોષે તેવી માંગ છે. આ અંગે ડીસાના જાગૃત નાગરિકોએ અનેકવાર ન.પા.માં રજુઆત કરી તાત્કાલિક રોડ બનાવી ડીસાનો વિકાસ વધારે તેવી જાગૃત નાગરિકોની માંગ છે.

મુડેઠામાં પુરના કારણે તુટેલ સીંગલ રોડ સમારકામ ક્યારે

સાદુળસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

ડીસા તાલુકાના મુડેઠા ગામે ૨૦૧૫ના ભયંકર વરસાદના લીધે મુડેઠા સીંગલ રોડ તુટેલ જોવા મળે છે. તો સીંગલ રોડ લગભગ મહીનાઓ વીતી ગયા છતાંય આજદીન સુધી કામકાજ કરાયું નથી.

સીંગલ રોડ પર કાંકરા અને પથ્થર નાખી રસ્તા પર વાહન ચાલક પરેશાન ભોગવી રહ્યા છે. અગાઉ આવેલા પુરના લીધે મુડેઠા સીંગલ રોડ તુટેલ હાલતમાં આજદીન સુધી કામકાજ કરાયું નથી. વાહન ચાલકો ખુબજ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં વાહન ચાલકો ખુબજ મુશ્કેલી વેથવી રહ્યા ૨૦૧૫ના ભયંકર વરસાદના લીધે મુડેઠા સીંગલ રોડ તુટેલ હાલતમાં પૂરના લીધે સીંગલ રોડ ધોવાઈને ખાડા પડયા હતા. ધીરે ધીરે પથ્થર પાથરીને કામકાજ વાળા ફરાર થઈ ગયા છે. સીંગલ રોડે આજદીન સુધી કામકાજ કરાયું નથી જેના લીધે વાહન ચાલકો ખુબજ મુશ્કેલી વેઠી રહ્યા છે. ૨૦૧૫ના ભયંકર વરસાદ લીધે વાહન ચાલકો ખુબજ મુશ્કેલ ભોગવી રહ્યા છે. તંત્ર દ્વારા કામકાજ કરવામાં આવે તેવી માંગ છે.

બનાસ ડેરી ખાતે ફિઝિયોથેરાપી કેમ્પમાં ૧૨૮થી વધુ દૂધ ઉત્પાદકોએ સેવાનો લાભ લીધો

પાલનપુર

ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ અને સુવિધા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી જે. જે દેસાઈ ફિઝિયોથેરાપી કોલેજ એન્ડ હોસ્પિટલ, હેડુવા દ્વારા ફિઝિયોથેરાપી કેમ્પનું બનાસ ડેરી ખાતે આયોજન કરવામાં હતું જેમાં પાલનપુર તાલુકાના આજુબાજુ ગામના ૧૨૮ વધુ દૂધ ઉત્પાદકોને શારીરિક તકલીફોનું સચોટ રીતે નિદાન કરીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આપણી ડેરીના સ્થાપક ગલબાકાકાના નામે ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ થકી સેવાલક્ષી પ્રવૃત્તિ કરવામાં આવે છે તેના અંતર્ગત શારીરિક તકલીફો જેવી કે વા, ખભાનો દુખાવો, ઘૂંટણનો દુખાવો, ફ્રેક્ચર પછીની કસરતો, કમરનો દુખાવો તથા કમર અને ગરદનના મણકાનો ઘસારો, ગાંઠીયો વા, લકવો, મોં નો લકવો, નાના બાળકોમાં (મગજનો) લકવો વગેરે જેવી તકલીફોનું નિ:શુલ્ક રીતે નિદાન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં બનાસ પરિવાર સાથે જોડાયેલ કર્મચારીઓ, કામદારો તેમજ કોન્ટ્રક્ટ કામદારોએ લાભ લીધો હતો.

બનાસ ડેરી ખાતે કેમ્પ પુરો થયા બાદ સાંજના સમયે ફિઝિયોથેરાપીને લગતા રોજીંદા જીવનમાં તથા ઓફિસવર્ક કરતી વખતે શું સાવચેતી રાખવી જોઈએ તે વિષયને લઈને નિષ્ણાતો દ્વારા સ્પેશિયલ વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં દૂધ ઉત્પાદકો અને બનાસ ડેરીના કર્મચારીઓ અને વરિષ્ટ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ સંદેશો આપતા કહ્યું હતું કે બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. ગલબાકાકાની સ્મૃતિ અખંડ રહે અને તેમનો સેવા કરવાનો ગુણ સદાય ચાલતો રહે તે હેતુથી બનાસ ડેરીએ તેમની જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરેલ છે. આ ટ્રસ્ટ થકી જિલ્લામાં સતત સેવાલક્ષી પ્રવત્તિ થતી રહેશે. હું હદયપૂર્વક આ કેમ્પના આયોજકોને અભિનંદન પાઠવું છું અને ભવિષ્યમાં સેવા કર્યો થતા રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

છાપી નજીક એલ.સી.બી. પોલીસે વિદેશી દારૂ ઝડપ્યો

સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજર જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા જે એચ સિંધવ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી તથા તથા એચ.કે.સોલંકી તથા ટીમના ગણપતલાલ, બીલાલભાઈ, ભરતભાઈ, ધેગાજી, દીલીપસિંહની ટીમેં ડીસા છાપી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. દરમ્યાન બાતમી હકીકત આધારે શેરપુરા ગામની સીમ અમદાવાદ હાઈવે પુલ પાસે નાકાબંધી કરી સેવરોલેટ કંપનીની ઓપ્ટ્રા કાર ગાડી નં GJ-1-HF-7846 ની પકડી પાડતા તેનો ચાલક રીતે સુરેશભાઈ સથવારા રહે. ગીતામંદિર પાછળ લાઠી બજાર વિભાગ-૨ હીરાલાલની ચાલી અમદાવાદ વાળો પકડાઈ જઇ તેની ગાડી માં જોતા વિદેશી દારૂની બોટલ નંગ-૧૬૮ કી.રૂ ૬૭,૨૦૦ /-નો તથા કાર કિ. રૂ.૨,૦૦,૦૦૦ /- એમ કુલ મુદા માલ કિ.રૂ ૨,૬૭,૨૦૦/- મળી આવેલ હોઈ છાપી પો.સ્ટે ધી પ્રોહિબિશન એકટ ક.૬૫ એઈ,૧૧૬ બી,૮૧,૯૮(૨) હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

વેડંચાના પ્રૌઢે એસિડ પીતા મોત

પાલનપુર

પાલનપુર તાલુકાના વેડંચા ગામના ૬૫ વર્ષીય પ્રૌઢએ અગમ્ય કારણોસર એસિડ પી લેતા તેમનું મોત નિપજયું હતું. પાલનપુર તાલુકાના વેડંચા ગામના ૬૫ વર્ષીય બાબુભાઇ કાળુભાઈ છાપીયાએ અગમ્ય કારણોસર એસિડ પી લેતા તેમને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. જયાં ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા.

તાણા- થરા શિવમહાપુરાણ કથા જ્ઞાનયજ્ઞ મહોત્સવમાં કથાનું રસપાન કરતા ભાવિક શ્રોતાઓ

કલાત્મક બર્ફીલા શિવલીંગે કથા મંડપમાં આકર્ષણ જમાવ્યું

યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના તાણા-થરા ગ્રામજનો આયોજીત શ્રી શિવમહાપુરાણ કથા જ્ઞાન યજ્ઞ મહોત્સવ તાણા શિશુ મંદિર સામે શ્રી શિવ આનંદધામ ખાતે કથાકાર ધનેશ્વર જોષીના વ્યાસાશને ગત તા. ૨૫/૧૨/૨૦૧૭ ને સોમવારથી ઠક્કર લતાબેન જયંતિલાલ કાઠીવાળાના મુખ્ય યજમાન પદે શુભારંભ થયો છે. તા. ૨૬/૧૨/૨૦૧૭ રાત્રે ૮-૩૦ સંગીતમય શૈલીમાં સુંદરકાંડ પાઠ યોજાયેલ. જેમાં ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ને શ્રી શિવ આનંદધામ ખાતે ગઈકાલે કલાત્મક બર્ફીલા શિવલીંગ બનાવવામાં આવ્યું હતું. જે કથા મંડપમાં આકર્ષણનું કેન્દ્ર બનેલ. થરા મહાકાળી મંદિરના પૂ.મમતામયી દેવી ઉપસ્થિત રહ્યા હતા. કથા આયોજકો દ્વારા બપોરની કથા વિરામ બાદ ટોકન શુલ્કથી ભોજનપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. કથા મંડપની વ્યવસ્થા પણ અતિસુંદર છે.

શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ કથાનું રસપાન લોકો ઉત્સાહભેર કરી રહ્યા છે. આ કથામાંથી પક્ષીઓને ચણ, ગાયોને દાન કરવાનું પણ આયોજન છે.

અનુસંધાન પાના નં.૬

બાપલા નજીકથી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ

દિનેશ ત્રિવેદી

પ્રતિનિધિ પાંથાવાડા

પાંથાવાડા પોલીસ મથકના સૂત્રોના જણાવ્યા અનુસાર પાંથાવાડા પી.એસ.આઈ. ભાગ્યેશ ચૌધરી ૩૧ ડિસેમ્બરને લઈ પોતાના સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા.ત્યારે મંગળવારે મોડી રાત્રે રાજસ્થાનના બાંટ તરફથી આવતી હુંડાઈ કાર નંબર-જીજે-૯-બીઈ-૬૭૬૧ ને બાપલા નજીક થોભાવી તલાસી લેતા અંદરથી રૂ! ૧,૦૧,૦૦૦ના કિંમતની વિદેશી દારૂ બિયરની બોટલ નંગ-૬૯૮ તથા રૂ! બે લાખની કાર મળી રૂ! ૩,૦૧,૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ગાડીના ચાલક કેતનકુમાર સુરેન્દ્રકુમાર યાદવની ધરપકડ કરી તેની વિરુદ્ધ પ્રોહીબીસન મુજબ ગુનો નોંધી રિમાન્ડ અર્થે કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરી હતી.

ધાનેરામાં ડો.શ્યામા પ્રસાદ મુખર્જી શોપિંગની આજુ બાજુના દબાણ હટાવ્યા

એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાના મધ્યે આવેલા ડો શયામાં પ્રસાદ મુખર્જી શોપિંગની હરાજીનો સમય નક્કી કરી દેવામાં આવ્યો છે. આગામી ૨૯ ડિસરમ્બરના રોજ આ ૧૩૮ દુકાનો ધરાવતું ત્રણ માલિય શોપિંગની હરાજીને લઈને ધાનેરા નગર પાલિકા સત્તા ધીશો હાલ સજ્જ છે.જયારે આજ રોજ આ શોપિંગની આજુ બાજુ કેટલાક વેપારી દવારા કેબીન ગલ્લા મુકવામાં આવ્યા હતા. જો કે હરાજી પૂર્વે આજે નગરપાલિકા દવારા તમામ દબાણ દૂર કરવામાં આવ્યા હતા અને આ શોપિંગ ની ફરતે આંખે આખી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી.

ગુજરાતભરમાં કાતિલ ઠંડીનું મોજુ : નલિયામાં પારો ૭.૭

અમદાવાદ

અમદાવાદ સહિત રાજયભરમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ઉત્તર પૂર્વીય પવનોના કારણે લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. આજે રાજ્યના અનેક ભાગોમાં પારો ૧૦થી પણ નીચે પહોંચી ગયો હતો. નલિયામાં લઘુત્તમ તાપમાન ગગડીને ૭.૭ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું જયારે કંડલા એરપોર્ટ ખાતે પારો ગગડીને ૯.૫ સુધી પહોંચ્યો હતો. અમરેલીમાં ૯.૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. રાજયના અન્ય ભાગોમાં પણ તીવ્ર ઠંડી અનુભવાઈ હતી. સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. રાજયમાં એકાએક ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. હાલમાં ઠંડા પવન ફુંકાઇ રહ્યા છે. છેલ્લા બે ત્રણ દિવસમાં તાપમાન નીચે પહોંચી ગયુ છે. રાજયના જે ભાગોમાં વધારે ઠંડીનો અનુભવ આજે થયો હતો તેમાં ડીસા, ગાંધીનગર, વડોદરા, વલસાડ, મહુવા, નલિયાનો સમાવેશ થાય છે.

અનુસંધાન પાના નં.૬

ધાનેરામાં ખાતા ખોલવામાં બેંક કર્મચારીઓની આડોડાઇ

તા.પ્રતિનિધિ ધાનેરા

બેન્ક ઓફ બરોડા ધાનેરા શાખા ગરીબ પરિવારોના ખાતા ખોલવા માં અવળચંડાઈ પ્રધાન મંત્રી ઉજવલા યોજના અંતર્ગત ડાઈબેન નામ ની દલિત મહિલા તા.૨૬.૧૨.૧૭ ના રોજ બપોરે લગભગ ૩.૪૫ બેન્ક ઓફ બરોડ ધાનેરા શાખા મા એકાઉન્ટ ખોલાવવા ગયેલ અધિકારીએ આવતીકાલે સવારે આવવા કહેલ ફરી આજે ૨૭.૧૨.૧૭ ના સવારે એકાઉન્ટ ખોલાવવા ગયેલ પરંતુ હાલ માં એકાઉન્ટ ખોલવા બંધ કરેલ છે તેવો વાહિયાત જવાબ આપી એકાઉન્ટ ખોલેલ નહીં સરકાર ની યોજનાઓ ખૂબજ છે પરંતુ કેટલીક બેન્ક ના અધિકારીઓ ની કામ કરવાની દાનત ન હોવા ને કારણે ગરીબ લોકો આવી યોજનાઓ થી વંચિત રહી જાય છે. કોઇ ઉચ્ચ અધિકારી ના કાને આ મેસેજ આવે તો ઉપરોક્ત બેન્ક અધિકારીઓ સામે પગલા લે અને ગરીબ લોકો ને એનો અધિકાર મળે.

ભુતેડીની પરિણીતાએ આપઘાત કરી જીવનલીલા સંકેલી લીધી

સાસરિયા ત્રાસથી પરણીતાએ આપઘાત કર્યો હોવાની ફરિયાદ નોંધાઇ

પાલનપુર

પાલનપુર તાલુકાના ભુતેડી ગામની પરિણીતાએ સાસ રિયાના ત્રાસથી ઝેરી દવા પી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. પાલનપુર તાલુકા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ભુતેડી ગામની પરણીતા લખુબેનને તેણીના સાસરિયા દહેજના મુદ્દે અવાર નવાર શારીરિક માનસિક ત્રાસ ગુજારતા હતા. અને તું ગરીબ ઘરની ભૂખડી તારા બાપે કરિયાવર માં કશુ આપ્યું નથી તેવા મેણા ટોણા સહન ન થતા તેણીએ મંગળવારે રાત્રે ઝેરી પ્રવાહી પી આપઘાત કરી લીધો હતો. આ અંગે પાલનપુર તાલુકાના વરવાડિયા ગામના ગોવિંદભાઇ ગણેશ ભાઈ કોરોટએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે મુકેશભાઇ નાનજીભાઇ પટેલ, ગંગાબેન નાનજીભાઇ પટેલ, નાનજી ભાઇ લાલજીભાઇ પટેલ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વિદેશમાં રહેતા ભારતીયએ

અનાપુર છોટા પ્રાથમીક શાળાના બાળકોને ગરમ સ્વેટર આપ્યા

એન.કે.મોદી

તા. પ્રતિનિધિ ધાનેરા

હાલ શિયાળા ની ઋતુ માં ઠંડી નું પ્રમાણ દિન પ્રતિ દિન વધી રહ્યું છે. જયારે જિલ્લા ની પ્રાથમીક શાળા માં અભ્યાસ કરતા બાળકો ને પણ આ આકરી ઠંડી માં ભારે મુશ્કેલી પડતી હોય છે.જેને લઈ હાલ જિલ્લા ના ધાનેરા તાલુકામાં પ્રાથમીક શાળા માં બાળકો ને સ્વેટર આપવાના સેવાભાવી કામગીરી કરવામાં આવી રહી છે.બાળકો ને આ કડકડતી ઠડી સામે રક્ષણ મળી રહે તે માટે કેટલીક સેવાભાવી સંસ્થા આ માસૂમ બાળકો માટે આગળ આવી રહી છે.

જયારે આજે ધાનેરા શહેર ના રહેવાસી કરણ સિંહ કે જેઓ વ્યવસાય માટે વિદેશ ના બર્મા દેશ માં રહે છે.અને મૂળ ધાનેરા ના વતની આવા કરણ સિંહ રાજપૂત તેમજ મોબતાજી રાજપૂત એ આજે ધાનેરા ની અનાપુર છોટા પ્રથમીક શાળા માં રૂબરૂ જઈ બાળકો ને ગરમ સ્વેટરઆપ્યા હતા.

આજે અનાપુર છોટા ગામ ની પ્રાથમિક શાળા બાળકો ખુશી ખુશી સ્વેટર પહેરી રહ્યા હતાં. આજે શાળા પરિવાર દવારા પણ આ દાતા નું સન્માન કરવામાં આવ્યું હતું .જયારે પત્ર કાર સાથે ની મુલાકાત દરમિયાન કરણ સિંહ એ જણાવ્યું હતું કે

અનુસંધાન પાના નં.૬

રાજયમંત્રી પરબતભાઈ પટેલે માં અંબાના આર્શિવાદ મેળવ્યા

પ્રતિનિધિ અંબાજી

ગુજરાત રાજય માં સતત છઠ્ઠી વખત ભાજપાની સરકાર ની શાસન સ્થાપીત થયુ છે ત્યારે રાજય માં નવનિયુક્ત પ્રધાનો પણ હર્ષ ઘેલાં બન્યાં છે. ને જાણે દેવાલયો નાં દર્શન માટે નાં સંકલ્પ લીધા હોય તેમ એક પછી એક નવનિયુક્ત પ્રધાનો અંબાજી ની મુલાકાતે પહોંચી રહ્યા છે. આજે સવારે નવનિયુક્ત પ્રધાન ગણપતભાઇ વસાવા માતાજી નાં દર્શન કરી પરત ફર્યા હતા. ત્યારે આજે રાજય નાં બીજા નવનિયુક્ત રાજય કક્ષા નાં મંત્રી પરબતભાઇ પટેલ મોડી સાંજે યાત્રાધામ અંબાજી ની મુલાકાતે પહોંચ્યાં હતા. જ્યાં બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર થી સ્વાગત કરાયુ હતુ. ને ત્યાર બાદ પરબતભાઇ પટેલ માં અંબા ના દર્શને નીજ મંદિર માં પહોંચ્યા હતા. જ્યાં મંદિર નાં પુજારી એ કુંમકુંમ તીલક ને માતાજી ની ચુંદડી અર્પણ કરી આશીર્વાદ આપ્યા હતા. ત્યાર બાદ માતાજી ની ગાદી ઉપર ભટ્ટજી મહારાજ નાં આશીર્વાદ લીધા હતા. ને પરબતભાઇ એ આ પ્રસંગે જણાવ્યુ હતુ કે પોતે મંત્રી બન્યાં બાદ માં અંબા નાં દર્શન કર્યા બાદ જ પોતાનું કાર્ય શરૂ કરશે. એટલુંજ નહી પ્રજા નાં પ્રશ્નો ને પણ સંતોષવા સરકાર પુરેપુરા પ્રયાસો કરશે તેવું જણાવ્યુ હતુ.

ધનકવાડા પ્રાથમિક શાળામાંથી લેપટોપ, કોમ્પ્યુટરની ચોરી

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના ધનકવાડા ગામે આવેલ પ્રાથમિક શાળામાં તા.૨૬-૧૨-૨૦૧૭ના રોજ રાત્રીના સમયે કોઈ અજાણ્યા ઈસમોએ શાળાના બંધ ઓફીસનું લોક તોડી અંદર પ્રવેશી ઓફીસમાંથી લેપટોપ નંગ-૨, પિન્ટર, એલ્યુમીટર, કોમ્પ્યુટર સેટ, કેમેરો, એલ.સી.ડી. વિગેરે ઈલેક્ટ્રીક સાધનો મળી કુલ ૫૪,૫૦૦/-ની ચોરી કરી ફરાર થઈ જવા પામેલ.આ ઘટનાની જાણ સવારે શાળા ટાઈમે થતાં શાળામાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા દશરથજી કડવાજી ઠાકોરે અજાણ્યા ઈસમો વિરૂધ્ધ દીઓદર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.જે અંગે દીઓદર પોલીસે ગુના નં.૭૬/૨૦૧૭ કલમ ૩૫૪, ૪૫૭,૩૮૦ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શશીકલાના પ્રાંગણો પર ફરી દરોડા પડાયા : ઉંડી ચકાસણી

ચેન્નાઇ

આવકવેરા વિભાગના અધિકારીઓએ આજે જેલમાં રહેલા અન્નાદ્રમુકના નેતા વીકે શશીકલા અને તેમના પરિવારના સભ્યો સાથે જોડાયેલા છ સ્થળો ઉપર ફરી દરોડાની કાર્યવાહી શરૂ થઇ હતી. ચેન્નાઈ અને અન્ય સ્થળો ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. આરકેનગરની પેટાચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યાના ત્રણ દિવસ બાદ દરોડા પડાયા હતા. શશીકલાના ભત્રીજા ટીટીવી દિનાકરણે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી જીતી હતી. ચેન્નાઈમાં મિડાસ, સાઈ ગ્રુપ ઓફ કંપની પર દરોડા પાડવામાં આવ્યા હતા. અત્રે નોંધનીય છે કે, ૯મીથી ૧૩મી નવેમ્બર દરમિયાન આવકવેરા વિભાગે અગાઉ શશીકલા, તેમના સગાસંબંધીઓ અને સમર્થકો સાથે જોડાયેલા ૧૮૭ સ્થળો ઉપર તપાસ કરી હતી. તમિળનાડુમાં ઈન્કમ ટેક્સ વિભાગની કેટલીક ટીમોએ અગાઉ એક સાથે દરોડાની કાર્યવાહી હાથ ધરતા ખળભળાટ મચી ગયો હતો. અન્નાદ્રમુકના નેતા શશીકલાના નિયંત્રણવાળા જયા ટીવીની ઓફિસ ઉપરાત, તેમના પરિવારના સભ્યો,

અનુસંધાન પાના નં.૬

અરજદાર તરફે વિ.વકીલ શ્રી બી.કે.જોષી

મહે.દિયોદરના એડી.ચીફ જ્યુ.મેજી.સાહેબની કોર્ટમાં, મુ.દિયોદર

કિ.પ.અ.નં.-૧૦૨/૨૦૧૭

અરજદાર : વાઘાભાઈ રૂપાભાઈ ભીલ (મકવાણા) ઉ.વ.આ.૬૦, ધંધો-ખેતી, રહે.કુંવાતા, તા.દિયોદર, જિ.બ.કાં.
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રી, ગ્રામ પંચાયત - કુંવાતા, તા.દિયોદર, બનાસકાંઠા
અરજ : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ કલમ - ૧૩ અન્વયે મરણની નોંધણી કરવા હુકમ કરવા અરજ.

આથી ઉપરોકત હકીકત બાબતે લાગતા વળગતા તમામ ઈસમોને આ નોટીસથી જણાવવાનું કે, આ કામના અરજદાર મોજે ગામ કુંવાતા, તા.દિયોદર મુકામે અમારા કુટુંબ કબીલા સાથે રહે છે તેમજ કુંવાતા મુકામે ખેતીકામ કરી પોતાનુ ગુજરાન ચલાવે છે.

અરજદારના લગ્ન મોજે ગામ સુબાપુરા, તા.રાધનપુરના રહીશ ભીલ હરીભાઈ રૂપાભાઈની દિકરી મેનાબેન સાથે થયેલ હતા. અરજદાર તથા તેમની પત્નીના લગ્ન જીવનથી તેમને સંતાનમાં ત્રણ દિકરા અને એક દિકરીનો જન્મ થયેલ જેમાં સૌથી મોટો દિકરો સાદુળભાઈ તેનાથી નાનો નરસિંહભાઈ તથા તેનાથી નાનો પ્રકાશભાઈ તથા સૌથી નાની દિકરી નામે ભાવનાબેન છે. ત્યારબાદ આજથી આશરે ૨ (બે) વર્ષ અગાઉ અરજદારની પત્નીનું ગઈ તા.૫/૮/૨૦૧૪ ના રોજ મોજે ગામ કુંવાતા, તા.દિયોદર મુકામે અવસાન થયેલ.

આ કામના અરજદારની પત્ની મેનાબેન મરણ ગયેલ હોવાથી તેઓના નામે ચાલતી જમીનના અરજદાર તથા તેમના સંતાનો સીધી લીટીના વારસદાર છે. અરજદાર તથા તેમના સંતાનો અરજદારની પત્નીના સીધી લીટીના વારસદાર હોવાથી નર્મદા કેનાલના કેસમાં એવોર્ડના કામે વારસાઈ કરાવવાની હોવાથી અરજદાર તેમની પત્ની મેનાબેનના મરણનું પ્રમાણપત્ર મેળવવા માટે મેનાબેનના મરણની નોંધણી કરાવવા માટે નામદાર કોર્ટમાં અરજ ગુજારેલ છે. જો કોઈ ઈસમને માગ્યા સદર અરજી સામે વાંધો યા તકરાર હોય તો વાંધા સાથે જાતે અથવા તેમના વકીલ મારફતે બીનચુક અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૧૨/૨૦૧૭ ના કલાક ૧૦.૩૦ વાગે હાજર રહી વાંધા રજુ કરવા અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજ તા.૧૧ માહે. ડીસેમ્બર સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરી આપ્યું.
મુ.દિયોદર, તા.૧૧/૧૨/૨૦૧૭

તૈયાર કરનાર સહી/અવાચ્ય આસીસ્ટન્ટ	કોર્ટનો સિક્કો	મુકાબલ કરનાર સહી/અવાચ્ય સુપ્રિટેન્ડન્ટ	હુકમથી સહી/અવાચ્ય રજીસ્ટ્રાર એડી.ચીફ જ્યુ.મેજી.કોર્ટ, દિયોદર

અરજદાર તરફે વિ.વકીલ શ્રી બી.કે.જોષી

મહે.દિયોદરના એડી.ચીફ જ્યુ.મેજી.સાહેબની કોર્ટમાં, મુ.દિયોદર

કિ.પ.અ.નં.-૧૦૦/૨૦૧૭

અરજદાર : રાજાભાઈ વીરાભાઈ ભીલ (વાગડીયા) ઉ.વ.આ.૬૧, ધંધો-ખેતી, રહે.કુંવાતા, તા.દિયોદર, જિ.બ.કાં.
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રી, ગ્રામ પંચાયત - કુંવાતા, તા.દિયોદર, બનાસકાંઠા
અરજ : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ કલમ - ૧૩ અન્વયે મરણની નોંધણી કરવા હુકમ કરવા અરજ.

આથી ઉપરોકત હકીકત બાબતે લાગતા વળગતા તમામ ઈસમોને આ નોટીસથી જણાવવાનું કે, આ કામના અરજદાર મોજે ગામ કુંવાતા, તા.દિયોદર મુકામે અમારા કુટુંબ કબીલા સાથે રહે છે તેમજ કુંવાતા મુકામે ખેતીકામ કરી પોતાનુ ગુજરાન ચલાવે છે.

આ કામના અરજદારના પિતા સ્વ.વીરાભાઈ નાથાભાઈના લગ્ન મોજે ગામ સુબાપુરા, તા.રાધનપુરના રહીશ ભીલ રૂપાભાઈ રાણાભાઈની દિકરી પાલુબેન સાથે થયેલા જેમના લગ્ન જીવનથી કુલ ૮ સંતાનોનો જન્મ જેમાં સૌથી મોટી દિકરી નામે કેશુબેન તેમનાથી નાની દિકરી પુરાબેન તથા તેમનાથી નાનો દિકરો માદેવભાઈ જે મૈયત થયેલ તથા તેમનાથી નાનો દિકરો રાજાભાઈ તેનાથી નાનો દિકરો પ્રેમાભાઈ તથા તેનાથી નાનો દિકરો કાન્તીભાઈ તથા તેનાથી નાની દિકરી શારદાબેન તથા તેનાથી નાની દિકરી શારદાબેન અને ત્યારબાદ સૌથી નાના દિકરા ભલાભાઈ વીરાભાઈનો જન્મ થયેલ. અરજદારની માતૃશ્રીનુ ગઈ તા.૩/૪/૧૯૯૪ ના રોજ મોજે કુંવાતા, તા.દિયોદર મુકામે અવસાન થયેલ.

આ કામના અરજદારની માતૃશ્રી સ્વ.પાલુબેન મરણ ગયેલ હોવાથી તેઓના નામે ચાલતી જમીનના અરજદાર તથા તેમના ભાઈઓ અને બહેનો સીધી લીટીના વારસદાર છે. અરજદાર તેમના માતાના સીધી લીટીના વારસદાર હોવાથી નર્મદા કેનાલના કેસમાં એવોર્ડના કામે વારસાઈ કરાવવાની હોવાથી અરજદારની માતૃશ્રી સ્વ.પાલુબેનના મરણના પ્રમાણપત્રની જરૂર પડતાં પારૂબેનના મરણની નોંધણી કરાવવા માટે નામદાર કોર્ટમાં અરજ ગુજારેલ છે. જો કોઈ ઈસમને માગ્યા સદર અરજી સામે વાંધો યા તકરાર હોય તો વાંધા સાથે જાતે અથવા તેમના વકીલ મારફતે બીનચુક અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૧૨/૧૭ ના કલાક ૧૦.૩૦ વાગે હાજર રહી વાંધા રજુ કરવા અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજ તા.૧૧ માહે. ડીસેમ્બર સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરી આપ્યું.
મુ.દિયોદર, તા.૧૧/૧૨/૨૦૧૭

તૈયાર કરનાર સહી/અવાચ્ય આસીસ્ટન્ટ	કોર્ટનો સિક્કો	મુકાબલ કરનાર સહી/અવાચ્ય સુપ્રિટેન્ડન્ટ	હુકમથી સહી/અવાચ્ય રજીસ્ટ્રાર એડી.ચીફ જ્યુ.મેજી.કોર્ટ, દિયોદર

જાહેર નોટીસ

દિયોદરના મે.એડી.જ્યુડી મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.દિયોદર

(એમ.જે.ખાન સાહેબની કોર્ટ)

કિ.પર.અ.નં.-૧૦૧/૧૭, મુ.તા.૨૭/૧૨/૨૦૧૭

અરજદાર : કાનાભાઈ દાનાભાઈ ભીલ (મકવાણા) રહે.કુંવાતા, તા.દિયોદર, જિ.બ.કાં.
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રી, ગ્રામ પંચાયત - કુંવાતા, તા.દિયોદર, જિ.બનાસકાંઠા

આથી આ જાહેર નોટીસ આપી લાગતા વળગતા તમામ ઈસમોને અત્રેની કોર્ટથી જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજદારે તેમના માતૃશ્રી નામે સ્વ.મણીબેન દાનાભાઈ ભીલ (મકવાણા) ના વારસદાર હોવાથી નર્મદા કેનાલના કેસમાં એવોર્ડના કામે વારસાઈ કરાવવાની હોવાથી સદર અરજદારે સ્વ.મણીબેન દાનાભાઈ ભીલ (મકવાણા) ના મરણના પ્રમાણપત્રની જરૂર હોવાથી અત્રેની કોર્ટમાં મરણના પ્રમાણપત્રની નોંધણી કરાવવા સારૂ ઉપરોકત નંબરથી અરજી દાખલ કરેલ છે. અરજદારના માતૃશ્રી તા.૦૪/૦૬/૧૯૯૨ ના રોજ મોજે ગામ - કુંવાતા, તા.દિયોદર મુકામે અવસાન પામેલ છે. જેથી જે કોઈ ઈસમને આ સ્વ.મણીબેન દાનાભાઈ ભીલ (મકવાણા) ના મરણના દાખલા બાબતેની અરજી સામે વાંધા કે તકરાર હોય તો લાગતા વળગતા ઈસમોએ વાંધા સાથે જાતે અથવા પોતાના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૧૨/૨૦૧૭ ના રોજ સવારના કલાક ૧૦/૩૦ વાગે હાજર રહી વાંધા રજુ કરવા અન્યથા કોઈ વાંધા તકરાર નથી તેમ માની અત્રેની કોર્ટ દ્વારા સદર અરજીમાં આગળની યોગ્ય તે ન્યાયાયિક કાર્યવાહી કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજ તા.૧૧ માહે. ડીસેમ્બર સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.
મુ.દિયોદર, તા.૧૧/૧૨/૨૦૧૭

તૈયાર કરનાર (એમ.આઈ.સીદ્દી આસીસ્ટન્ટ	કોર્ટનો સિક્કો	મુકાબલ કરનાર (એ.એ.શેખ) સુપ્રિટેન્ડન્ટ	હુકમથી કરનાર (એન.જે.દવે) રજી.કમ નાઝીર દિયોદર કોર્ટ

તંત્રી સ્થાનેથી ...

મૃત્યુ પછી ધર્મ અને કર્મ જ મનુષ્યના સાચા મિત્રો છે.

કાળા નાણાંની પેચીદી સમસ્યા

ભારત બહારની બેંકોમાં જે કાળું નાણું રહેલું છે તેને લઈને સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારની સારી પેઠે ખબર લઈ નાખી છે અને એ સાથે જ કાળા નાણાંનું ભૂત ફરીથી ધૂણવા લાગ્યું છે. સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારે છ દાયકા સુધી આ કાળા નાણાં પાછા લાવવા શું કર્યું એ સવાલ પણ ઉઠાવ્યો છે ને કેન્દ્ર સરકારને આ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સીટ)ની રચના કરવાનું ફરમાન કર્યું છે. વાસ્તવમાં સુપ્રિમે બે વર્ષ પહેલાં જ આ ફરમાન કરેલું પણ કેન્દ્ર સરકારે તે સામે વાંધો લઈને અરજી કરેલી. સુપ્રિમે એ અરજી ફગાવી દીધી છે ને એ રીતે સીટની રચનાનો માર્ગ ખૂલી ગયો છે. વિદેશની બેંકોમાં જમા ભારતીયોનાં કાળા નાણાં એટલે કે બ્લેક મનીની બબાલ આમ તો બહુ જૂની છે ને આપણા રાજકારણીઓએ ભેગી કરેલી હરામની કમાણી સ્વિટ્ઝર્લેન્ડની બેંકોમાં જમા છે તેવા આક્ષેપો લાંબા સમયથી થયા કરે છે. ૧૯૮૦માં સંજય ગાંધી વિમાન અકસ્માતમાં ગુજરી ગયા પછી ઈન્દિરા ગાંધી સંજયનું વિમાન જ્યાં પડેલું ત્યાં તેની ઘડિયાળ શોધવા ગયેલા. કેમકે, એ સ્વિસ મેઈડ ઘડિયાળની પાછળ સ્વિસ બેંકનો એકાઉન્ટ નંબર ને પાસવર્ડ લખેલા હતા એવી વાતો એ વખતે બહુ ચાલેલી. જો કે, એ વાતનો કોઈ આધાર નહોતો પણ બ્લેક મનીની બબાલ બહુ લાંબા સમયથી ચાલે છે તેનો આ પુરાવો છે. છેલ્લા પાંચેક વર્ષથી આ બબાલ વધી છે ને તેના મૂળમાં લાલકૃષ્ણ અડવાણી છે એમ કહીએ તો ચાલે. ૨૦૦૯ની લોકસભા ચૂંટણી વખતે અડવાણી એનડીએના વડાપ્રધાન પદના ઉમેદવાર હતા ને એ વખતે તેમણે બ્લેક મનીનો મુદ્દો ઉઠાવેલો. અડવાણીએ જાહેર કરેલું કે અમે સત્તામાં આવીશું તો વિદેશની બેંકોમાં જમા ભારતીયોના નાણાં પાછા લાવીશું. અડવાણીની વાત વજનદાર હતી તેની ના નહિ પણ લોકોને તેમાં રસ ના પડ્યો કેમકે, કેન્દ્રમાં ૃહેલા ભાજપની સરકાર હતી જ ને અડવાણી તેમાં નાયબ વડાપ્રધાન હતા. એ વખતે તેમને આ વાત યાદ નહોતી આવી.

અડવાણીની પોતાની સામે ૧૯૯૬માં હવાલા કૌભાંડમાં સંડોવણીના આક્ષેપો થયેલા ને જેની ડાયરીમાં તેમનું નામ ખૂલેલું એ વખતે બીજા રાજકારણીઓના નામ પણ બહાર આવેલા ને એ લોકોની હરામની કમાણી વિદેશી બેંકોમાં છે તેવી વાતો ચગેલી જ. વાજપેયી સરકાર એ પછી આવી પણ તેમણે એ વખતે પણબ્લેક મની પાછા લાવવા કશું કર્યું નહોતું ને પછી એ અચાનક પાંચવર્ષ પછી જાગે ને બ્લેક મનીની ધૂન વગાડવા માંડે એટલે લોકો તેના પર પાગલ થઈને નાચવા માંડે એવું બને જ નહિ.અડવાણીનો એ દાવ તો ખાલી ગયો પણ તેના કારણે બ્લેક મનીની બબાલ પાછી શરૂ થઈ. મોકાનો લાભ ઉઠાવીને રામ જેઠમલાણીએ સુપ્રિમ કોર્ટમાં અરજી કરી નાખી. જેઠમલાણીએ તેમની જિંદગીમાં આમ તો કાળા કરમ જ કર્યા છે પણ જે થોડા ઘણા પુણ્યનાં કામ તેમનાથી થયા છે તેમાં આ એક છે. તેમણે આ બ્લેક મની પાછા લાવવા સરકારને ફરમાન કરવા સુપ્રિમને વિનંતી કરેલી. આ મામલો સુપ્રિમ કોર્ટમાં ચાલતો જ હતો ત્યાં ૨૦૧૧માં બાબા રામદેવ તેમાં કૂદી પડ્યા ને તેમણે ખાસ્સી હોહા મચાવી દીધી. એ પછીના સમયમાં આ મામલે ખાસ્સી ધમાધમી થઈ છે ને એ બધાંની વાત કરવા બેસીએ તો આખું પુસ્તક લખાય. આ અરજીના પગલે સુપ્રિમ કોર્ટે વિદેશની બેંકોમાં જમા નાણાંની તપાસ કરવા એક

સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સીટ)ની રચના કરવા ફરમાન કરેલું. કેન્દ્રની કોંગ્રેસ સરકારના શાણા લોકોને તેમાં ન જાણે કશો વાંધો પડ્યો કે તેમણે આ ચુકાદા સામે સુપ્રિમ કોર્ટમાં અરજી કરેલી ને સુપ્રિમ કોર્ટે તેના અનુસંધાનમાં જ બુધવારે કેન્દ્ર સરકારને બરાબરની આડે હાથે લીધી. જો કે, સુપ્રિમના આ ફરમાન પછીય આ બ્લેક મનીને પાછા લાવવા કશું થશે કે કેમ તેમાં શંકા છે કેમકે, આ મામલે આપણા રાજકારણીઓની દાનત ખોરા ટોપરા જેવી છે. સૌથી પહેલાં તો તેમને વિદેશની બેંકોમાં કેટલા નાણાં જમા છે તેની વાત બહાર લાવવામાં જ રસ નથી. વિદેશી બેંકોમાં ભારતીયોનાં કેટલા કાળા નાણાં જમા છે એ અંગે જાતજાતની વાતો થાય છે. એક વાત એવી છે કે આખી દુનિયામાં સૌથી વધારે બ્લેક મની ભારતીયો પાસે છે ને વિદેશની બેંકોમાં જ ભારતીયોના ૧.૫૦ લાખ કરોડ ડૉલર જમા છે. આ રકમને રૂપિયામાં ફેરવીએ તો આપણી આંખો જ નહિ પણ હૃદય પણ ફાટી પડે. છતાં દિલ પર પથ્થર મૂકીને એ કામ કરી જ નાખીએ. આ રકમ ૯૦ લાખ કરોડ રૂપિયા થાય. મતલબ કે નવડાની પાછળ ૧૫ મીંડા. સીબીઆઈના ડિરેક્ટર એ.પી.સિંહે પોતે આ રકમ ૫૦૦ અબજ ડૉલર હોવાનું કબૂલ્યું છે.

એનર્જી ડ્રિંક્સ શરીર-મગજ બંન્નેને લાંબા ગાળે નુકસાન પહોંચાડશે : સર્વે

કામનો કંટાળો દૂર કરવા, મગજની સુસ્તી તરત દૂર કરવા કે ઈવન રાતે જાગીને કામ કરવા માટે તમે અવારનવાર એનર્જી ડ્રિંક્સ પીઓ છો? તો એ તમારા શરીર અને મગજ બન્નેને લાંબા ગાળે નુકસાન પહોંચાડશે. એનર્જી ડ્રિંક્સમાં શુગર અને કેફીન બન્નેનું પ્રમાણ ખૂબ જ વધુ હોય છે. આ પીણાનું માર્કેટિંગ ખોટી રીતે કરવામાં આવ્યું છે. એનર્જી, સ્ટેમિના, એકાગ્રતા અને એથ્લેટિક પર્ફોર્મન્સ સુધારી શકે છે એવા દાવા કરતાં એનર્જી ડ્રિંક્સ પીવાથી તરત ફાયદો પણ થાય છે. મગજ જાણે સતેજ થઇ ગયું હોય એમ હાઇ અલર્ટમાં આવી જાય છે અને સુસ્તી દર થઇ જાય છે જોકે આ અસર બહુ ટૂંકા ગાળા માટે હોય છે. જેવી કેફીનની અસર પૂરી થાય કે તરત જ શરીર-મગજ ઢીલાંઢસ થઇ જાય છે. અમેરિકાની હાર્વર્ડ સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના નિષ્ણાતોનું કહેવું છે કે વારંવાર ઈન્સ્ટન્ટ એનર્જી મેળવી લેવાની આદતને કારણે મગજ ડિસ્ટર્બ થાય છે. એન્ગ્ઝાયટી અને સ્ટ્રેસ વધે છે જેને કારણે લાંબા ગાળે મેદસ્વિતા, કિડની ડેમેજ, થાક ,પેટમાં દુખાવો જેવી તકલીફો થઇ શકે છે. જે લોકો એનર્જી ડ્રિંકની સાથે આલ્કોહોલ મેળવે છે તેમને માનસિક અને શારિરીક સમસ્યાઓનું પ્રમાણ ૨૮ ટકા જેટલું વધુ જોવા મળે છે.

હાર્ટ-ડિસીઝ ધરાવતા અપરિણીતોમાં મૃત્યુનું જોખમ વધુ : અભ્યાસ

કુંવારા હતા ત્યારે કેવા મુક્ત પંખીની જેમ મજા માણેલી એવા વિચારો તમને આવતા હોય તો અમેરિકાના નિષ્ણાંતોની વાત સાંભળી લો. અમેરિકાના એટલાન્ટામાં આવેલી એમોરી યુનિવર્સિટીના નિષ્ણાંતોનું કહેવું છે કે, જો તમને હાર્ટ-ડિસીઝ હોય તો તમે પરણેલા છો કે અપરિણીત એ મહત્વનું થઇ જાય છે. કુંવારા અને સિંગલ લોકોનું હાર્ટ-ડિસીઝથી વહેલું મૃત્યુ થાય છે. પરણેલા હાર્ટના દર્દીઓ તેમના રોગ અને સમસ્યાઓ છતાં લાંબુ જીવે એવું બની શકે છે, જ્યારે સિંગલ લોકોને હાર્ટની તકલીફ થઇ હોય તો તેઓ પહેલા જ હાર્ટ-એટેકમાં જીવ ગુમાવે એવી સંભાવનાઓ વધુ હોય છે. પરિણીત વ્યકિતઓ હાર્ટ-ડિસીઝમાં જરૂરી કાળજી રાખે છે અને તેમની રિકવરી પણ ઝડપી હોય છેઅભ્યાસકર્તાઓએ એવરેજ ૬૩ વર્ષના ૬૦૫૧ હાર્ટના દર્દીઓનો સ્ટડી કર્યો હતો. સારવાર દરમિયાન તેમના મેરિટલ સ્ટેટસને પણ ધ્યાનમાં લેવામાં આવ્યું હતું. એમાં નોંધાયું હતું કે, કુંવારા, વિધુર, છૂટા પડેલા લોકોમાં હાર્ટની સારવાર પછીની રિકવરી ધીમી હોય છે અને કાર્ડિયોવેસ્કયુલર ડિસીઝને કારણે મૃત્યુ થવાનું જોખમ ૪૫ ટકા જેટલું હોય છે.

‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

હોટેલિયર ઈન્ડિયા એવોર્ડ્સ ૨૦૧૭માં ઈન્ડિયન સ્કૂલ ઓફ હોસ્પિટાલિટીના સ્થાપક અને સીઈઓ દિલીપ પુરી 'હોલ ઓફ ફેમ એવોર્ડથી સન્માનિત

ઈન્ડિયન સ્કૂલ ઓફ હોસ્પિટાલિટીના સ્થાપક અને સીઈઓ દિલીપ પુરી અને સ્ટારવૂડ હોટેલ્સના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર અને પ્રાદેશિક ઉપપ્રમુખ અને સિસોર્ટ્સ સાઉથ એશિયામાં મળી પ્રતિષ્ઠિત હોટ-લિયર ઈન્ડિયા એવોર્ડ્સ ૨૦૧૭ ઈવેન્ટમાં ટોચના સન્માન, જ્યાં તેમને હોલ ઓફ ફેમ એવોર્ડ્ સાથે રજૂ કરવામાં આવ્યા હતા.

આ એવોર્ડ તેના આતિથ્ય ક્ષેત્રે તેમના અમૂલ્ય યોગદાન અને વર્ષોથી અનુકરણીય નેતૃત્વ કરવા માટે સન્માન કરવાનો હતો. દિલીપ હવે ઉચ્ચ શિક્ષણમાં આવ્યા છે અને ગુડગાંવમાં ઈન્ડિયન સ્કૂલ ઓફ હોસ્પિટાલિટીની સ્થાપના કરવાની પ્રક્રિયામાં છે.

હોસ્પિટાલિટી ઉદ્યોગમાં ત્રણ દાયકાથી વધુ અનુભવ સાથે, પુરી ભારત અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓબેરોય, તાજ, આઈએચજી અને સ્ટારવુડ સહિત મુખ્ય હોસ્પિટાલિટી બ્રાન્ડ સાથે નેતૃત્વ ભૂમિકાઓમાં કામ કર્યુ છે.

એડમિશન એલર્ટ

રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ (રેમી) દ્વારા ગણપત યુનિવર્સિટી સાથેના સહયોગથી રિયલ એસ્ટેટ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ હાઉસિંગ ફાઈનાન્સ સર્ટિફિકેશન માટે પ્રવેશ શરૂ

અમદાવાદ

રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ (રેમી) દ્વારા તેના ગણપત યુનિવર્સિટી, અમદાવાદ સાથેના સહયોગથી ૧૭ માર્ચ ૨૦૧૮થી શરૂ થનારા રિયલ એસ્ટેટ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ હાઉસિંગ ફાઈનાન્સના સર્ટિફિકેશન પ્રોગ્રામ માટેની પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.રિયલ એસ્ટેટ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ હાઉસિંગ ફાઈનાન્સમાં રેમીનો સર્ટિફિકેશન પ્રોગ્રામ એક વ્યાપક પ્રોગ્રામ છે જે વિદ્યાર્થીઓ, અર્લી સ્ટેજ પ્રોફેશનલ્સ, ઉદ્યોગસાહસિકો, નવી પેઢીના ડેવલપર્સ અને બ્રોકર્સ માટે ડિઝાઈન કરાયો છે. આ પ્રોગ્રામમાં મહત્ત્વના વિષયો જેમકે રિયલ એસ્ટેટમાં એડવાન્સ્ડ કન્સેપ્ટ અને ટર્મિનોલોજીસ, કોસ્ટ શીટ અને લે આઉટ ડેવલપમેન્ટ સહિતની મહત્ત્વની ગણતરી, રિયલ એસ્ટેટ લીગલ ડોક્યુમેન્ટેશન, કન્સ્ટ્રક્શન પ્રોસેસ, અપ્રુવલ પ્રોસેસ, પ્રોજેક્ટ ફિઝિબિલીટી, અફોર્ડેબલ હાઉસિંગ, સ્માર્ટ સિટીઝ, એસઆરએ અને રિડેવલપમેન્ટ, પ્રોજેક્ટ મેનેજમેન્ટનો પરિચય અને ફેસિલિટીઝ મેનેજમેન્ટને આવરી લે છે.આ પ્રોગ્રામમાં સામેલ થનારની બિઝનેસ સ્કીલ્સને રેસિડેન્શિયલ, કમર્શિયલ અને રિટેલ પ્રોપર્ટીઝ, સોફ્ટ સ્કીલ્સ અને બિઝનેસ સ્કીલ્સ ટ્રેનીંગ, એન્ટરપ્રેનોરશીપ મોડ્યુલ અને ડિજિટલ માર્કેટીંગ મોડ્યુલ માટેના માર્કેટીંગ અને સેલ્સ મોડ્યુલ્સથી વધારે છે. આ પ્રોગ્રામમાં આઈઆરઈએમ, યુએસએ મોડ્યુલ છે જે નોંધપાત્ર રીતે કમર્શિયલ અને રિટેલ પ્રોપર્ટીઝના માર્કેટીંગ અને લિઝીંગ પર નોંધપાત્ર રીતે લક્ષ આપે છે અને સાથે નિષ્ણાતો દ્વારા ઈન્ડસ્ટ્રી વર્કશોપનું આયોજન કરાશે. આ પ્રોગ્રામમાં ફિલ્ડ વિઝિટ, ઈન્ડસ્ટ્રી એક્સપર્ટસ દ્વારા વિઝિટીંગ લેક્ચર્સ, ઈન્ડસ્ટ્રી પ્રોજેક્ટ અને આરઈએમઆઈના સમર્પિત કરિયર ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા ઈન્ટર્નશીપ અને પ્લેસમેન્ટનું આયોજન કરાશે. રજિસ્ટ્રેશન માટે વિદ્યાર્થીઓ www.remi.edu.in પર લોગ ઓન કરી શકે છે અથવા ૧-૮૦૦-૨૨-૭૩૬૪ નંબર પર કોલ કરી શકે છે.

રેમી દ્વારા અમારા ૨૦૦૦ વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સને તાલીમ આપવામાં આવી છે અને રિયલ એસ્ટેટ સેક્ટરમાં મહત્ત્વના કોર્પોરેટ જૂથોમાં કસ્ટમાઈઝ્ડ રિયલ એસ્ટેટ ટ્રેનીંગ વર્કશોપ્સનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

જય પાઠક અને ગૌરવ શર્માએ તેમની સુધારણા સાથે દર્શકો સાથે ઉત્તમ સુમેળ સાધ્યો

બિગ મેજિકનો શો દીવાને અંજાનેએ લોન્ચ થયો ત્યારથી ગતિ પકડી છે અને દર્શકો સાથે તેને વ્યુઅરશિપ પણ સારી મળી રહી છે. જય ફાટક અને ગૌરવ શર્મા તેમના ઉત્તમ કોમિક ટાઈમિંગ સાથે દર્શકોમાં હિટ નીવડી રહ્યા છે. તેમની આ પરફેક્ટ કેમિસ્ટ્રી પાછળ એક બહુ ઓછી જ્ઞાત વાત એ છે કે આ કલાકારો વ્યક્તિગત જીવનમાં પણ સારા મિત્ર છે. બંને પહેલી વાર નાદાનિયાંના સેટ પર મળ્યા હતા અને તેમની વચ્ચે તાત્કાલિક મજબૂત જોડાણ બની ગયું છે. કોમેડીમાં નૈસર્ગિક ખૂબી ધરાવતા આ બંનેએ હવે તેમની સ્ક્રિપ્ટમાં વધુ સુધારણા લાવી દીધી છે, જેથી વધારાના હાસ્યનો ઉમેરો થયો છે અને તેઓ હવે વધુ આસાનીથી કામ કરી શકે છે.સીન પાછળ શું ચાલે છે તેમાં ડોકિયું કરાવતાં જય ઉમેરે છે, ગૌરવ અને હું એક જ પાર્શ્વભૂના છે, જેથી જોડાણ આસાન બન્યું છે. અમારી વિચાર પ્રક્રિયા એકસમાન છે, જેથી કોઈ પણ દશ્યમાં અમારું પોતાનું તત્ત્વ ઉમેરવામાં મદદ મળે છે.સેટ્સ પર રિલેક્સ્ડ હોય તેની સાથે કામ કરવાનું આસાન છે. અમે બંને એવું વિચારીએ છીએ કે અમારી ક્રિયાત્મકતાથી અમારાં એકબીજાનાં પાત્રો વધુ બહેતર બનવા સાથે શોમાં હાસ્ય પણ બહેતર ઊપજશે.તેમની પરફેક્ટ કેમિસ્ટ્રી અને કોમિક ટાઈમિંગ વિશે વધુ જાણકારી માટે જોતા રહો દીવાને અંજાને, રાત્રે ૯ વાગ્યાથી, ફક્ત બિગ મેજિક ચેનલ પર.

પર્પલ એલિફન્ટ રિયલ્ટી એડવાઈઝર્સ દ્વારા ગુજરાત કેન્દ્રિત ઓલ્ટરનેટિવ ઈનવેસ્ટમેન્ટ ફંડ-કેટેગરી-II ની રજૂઆત

અમદાવાદ

આજે પર્પલ એલિફન્ટ રિયલ્ટી એડવાઈઝર્સ એલએલપી દ્વારા ગુજરાત કેન્દ્રિત ઓલ્ટરનેટિવ ઈનવેસ્ટમેન્ટ ફંડ(એઆઈએફ)-કેટેગરી-૨ની રજૂઆત કરવામાં આવી છે જે રિયલ્ટી ઈનવેસ્ટમેન્ટ દ્વારા ભાવિ રોકાણકારોને ઉંચા વળતર અને પ્રોફેશનલ મેનેજમેન્ટનો લાભ આપે છે. પર્પલ એલિફન્ટ ફંડ એ અગ્રણી રિઅલ એસ્ટેટ સલાહકાર અને ટ્રાન્ઝેકશન કંપની પરીખ રિઅલ એસ્ટેટ ગ્રુપ દ્વારા પ્રમોટ કરવામાં આવેલ છે. પરીખ રિઅલ એસ્ટેટ ગ્રુપ આ ક્ષેત્રમાં એક દાયકા કરતાં પણ વધુ સમયનો અનુભવ ધરાવે છે. તેના સ્થાપકોમાં અગ્રણી બિઝનેસ ગૃહો અને ફેમિલી ઓફિસીસના રિઅલ એસ્ટેટ સલાહકારોનો સમાવેશ થાય છે.

સેબીની માર્ગરિખાઓ અનુસાર વર્ષ ૨૦૧૨માં શરૂઆત કરાયેલ આ ઓલ્ટરનેટિવ ઈનવેસ્ટમેન્ટ ફંડ (એઆઈએફ) રોકાણકારોમાં જાણીતુ બન્યું છે. આ સૂચિત ફંડ ગુજરાત,બેંગાલુરુ, પુના અને મુંબઈમાં ડેબ્ટ અથવા ઈક્વિટી ફંડીંગ દ્વારા ૬ થી ૧૦ જેટલી કોમર્શિયલ,રેસિડેન્સિયલ અને ઈન્ડસ્ટ્રીયલ એસેટસમાં રોકાણ કરશે. દરેક ટ્રાન્ઝેકશનની ટિકિટ સાઈઝ રૂ.૧૦ થી ૧૫ કરોડ રહેશે અને મૂડીરોકાણની મુદત ૨૪ થી ૪૦ માસ જેટલી રહેશે. વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં નાના જથ્થામાં ભંડોળનું રોકાણ કરીને અને સીધી માલિકી સિવાયના રિઅલ્ટી ક્ષેત્રે રોકાણના ઝોકને કારણે રોકાણના જોખમમાં ઘટાડો થાય છે. એસેટસનું પીઠબળ અને કોલેટરલ્સ ધરાવતા આ રોકાણોમાં લાભદાયી વાટાઘાટો દ્વારા ફંડનું હેજીંગ કરવામાં આવશે. “રોકાણની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન બજારનું નિયમિત સર્વેક્ષણ કરવામાં આવશે.સક્ષમ પ્રોજેકટસ પસંદ કરવામાં આવકનો મજબૂત પ્રવાહ અને વ્યુહાત્મક રીતે બહાર નીકળવામાં ધ્યાન આપીને પસંદ કરેલી પ્રોડક્ટ્સનું ઘનિષ્ઠ મોનિટરીંગ કરવામાં આવશે.

ગંગોત્રી ટ્રસ્ટના ઉપક્રમે પ્રસિધ્ધ પત્રકાર પી. સાઈનાથ ઉમાશંકર જોશી સ્મૃતિ વ્યાખ્યાન આપશે

અમદાવાદ

આ વર્ષનું ઉમાશંકર જોશી સ્મૃતિ વ્યાખ્યાન પ્રસિધ્ધ પત્રકાર પી. સાઈનાથ “ ટેલિંગ ધ સ્ટોરીસ ઓફ ૮૩૩ મિલિયન ઈંડિયંસ ઈન ધ ડિજિટલ એજઃ ધ પીપલ્સ આર્કાઈવ ઓફ રૂરલ ઈન્ડિયા” (ડિજિટલ યુગમાં ૮૩ કરોડ ભારતીયોના વૃત્તાંતો/અનુભવોઃ ગ્રામીણ ભારતનો લોક-સંગ્રહ) એ વિષય પર આપશે. આ વ્યાખ્યાન શુક્રવાર ૨૯ ડિસેંબરે સાંજે ૬ વાગ્યે અમદાવાદ મેનેજમેંટ એસોસિએશન ખાતે યોજવામાં આવ્યું છે.

પી. સાઈનાથ છેલ્લા ૩૭ વર્ષથી પત્રકાર છે. તેઓ પારી (પીપલ્સ આર્કાઈવ ઓફ રૂરલ ઈન્ડિયા – ગ્રામીણ ભારતનો લોક-સંગ્રહ)ના સ્થાપક સભ્ય છે. તેઓ પહેલાં ‘હિન્દુ’ સમાચાર પત્રના ગ્રામીણ ઘટનાઓના તંત્રી રહી ચૂક્યા છે. તેઓ ‘એવરીબડી લવ્સ એ ગુડ ડ્રાઉટ’ (દરેકને સારો દુકાળ ગમે છે) પુસ્તકના લેખક છે. તેમના લખાણોનું મુખ્ય કેન્દ્ર સામાજિક અને આર્થિક અસમાનતા છે. તેમણે ગ્રામીણ ઘટનાઓ, ગરીબી અને વૈશ્વિકીકરણની ભારત પર અસર એ વિષે ઘણું લખ્યું છે. ભારતની રાષ્ટ્રીય ચેતનામાં ગ્રામીણ ગરીબોને સ્થાન આપવા માટેની તેમની પ્રતિબધ્ધતા માટે તેમને રામોન મેગ્સેસે એવોર્ડ મળ્યો છે. છેલ્લા ૩૦ વર્ષથી તેમણે જે માહિતી ભેગી કરી છે તેના ફોટા પણ સાથે તેમણે મૂક્યા છે. તેમનું પ્રદર્શન “ દેખીતું કામ, અદ્રશ્ય મહિલાઓઃ ગ્રામીણ ભારતમાં મહિલાઓ અને કામ” ૬૦૦,૦૦થી પણ વધુ લોકોએ જોયું છે. છેલ્લા દાયકામાં સાઈનાથનું ખૂબ જ અગત્યનું કામ ભારતમાં ખેતીને લગતી કટોકટી વિષે છે. લગભગ ૨૦૦ જેટલા વિશિષ્ટ હેવાલો, માહિતીનું વિવરણ અને અસંખ્ય ફોટાઓ સાથે તેમણે બતાવ્યુ છે કે ૧૯૫૫થી આજ સુધીમાં ૨૫ હજાર જેટલા ખેડૂતોએ આત્મહત્યા કરી છે.

આ સ્મૃતિ વ્યાખ્યાનમાં સાઈનાથ ‘પારી’માં સંગ્રહાયેલા હેવાલોમાથી કેટલાક સચિત્ર રજૂ કરશે. તેઓ પોતે અને પોતાની ટીમ દ્વારા એકઠા કરાયેલા ગ્રામીણ ગરીબ લોકોના અનુભવો અને બયાનોને આધારે ખેતી વિષયક કટોકટી, અસમાનતા અને ગ્રામીણ દુર્દશા વિષે ચર્ચા કરશે.

મોંની સ્વચ્છતા બરાબર ન રાખો તો ઘડપણમાં નબળાઈ ખૂબ આવી જાય : અભ્યાસ

કેટલાક લોકો સિત્તેર વર્ષની વયે પણ તાકતવર અને તાજગીસભર હોય છે, જ્યારે કેટલાક લોકો ૬૦થી ૬૫નો આંકડો પાર કરતાં જ શરીરથી સાવ ઢીલા પડી જાય છે. પાછલી વયે જો શરીર નબળું પડી જાય એવું ન ઈચ્છતા હો તો દાંત અને પેઢાંનું ધ્યાન રાખવું જરૂરી છે.

અમેરિકન જેરિયાટ્રિક્સ સોસાયટીની જર્નલમાં છપાયેલા અભ્યાસ મુજબ ઓરલ હેલ્થ ખરાબ રહેતી હોય એવા લોકો પાછલી વયે જલદી નબળા પડી જાય છે. ઓરલ હેલ્થ સારી ન હોય તો દાંત અને પેઢાં નબળાં પડે છે એને કારણે દાંત અને દાઢ વહેલા પડી જાય, મોંમાં ડ્રાયનેસ આવી જાય, વધુ ચાંદાં પડે, લાળ ઓછી ઝરે એવી સમસ્યાઓ થઇ શકે છે. ઓરલ અસ્વચ્છતા હોય એવા લોકોનાં પેઢાંમાં ઈન્ફેકશન્સ વધુ થાય છે. આ બધાને કારણે પાચનની સમસ્યા વધે છે અને શરીરમાં નબળાઈ જલદી આવે છે.

જો કાનમાં દુખાવો થતો હોય તો એ રેર કેન્સરનું લક્ષણ પણ હોઈ શકે છે

કાનનું કેન્સર બહુ જૂજ જોવા મળે છે. આ પ્રકારનું કેન્સર કાનના બહારના ભાગની ત્વચામાં શરૂ થાય છે. જોકે એને કારણે કાનના ઈનર, મિડલ અને આઉટર એમ ત્રણમાંથી કોઈપણ ભાગને માઠી અસર થઈ શકે છે. આમ તો કાનમાં ટ્યુમર કઈ જગ્યાએ અને કેવડી છે એના આધારે એનાં લક્ષણો નિશ્ચિત થાય છે, પરંતુ અંદરના કાનમાં થતા અસામાન્ય ગ્રોથની ખબર બહુ મોડેથી થાય છે, બહારના ભાગમાં કાનનું કેન્સર થાય ત્યારે બહાર જોઈ શકાય એવા પિંક સ્પોટ્સ હોય છે.

આ સ્પોટ કે ગાંઠ ચાર વીકમાં ન મટે તો એ ગંભીર લક્ષણ હોઈ શકે છે. કાનના મધ્ય ભાગમાં કેન્સરની શરૂઆત હોય તો એનાથી શ્રવણક્ષમતામાં ઘટાડો અને કાનમાં દુખાવો થાય છે; જ્યારે કાનના એકદમ અંદરના ભાગમાં કેન્સરનો ગ્રોથ થતો હોય તો માથાનો દુખાવો થવો, સાંભળવાની ક્ષમતા ઘટવી, ઘંટડીઓ સંભળાવી અને ચક્કર આવવાં જેવાં લક્ષણો હોય છે. કાનમાં થતા દુખાવાને કે એની બહારની ત્વચામાં આવતા બદલાવને હળવાશથી ન લેવો જોઈએ એવું બ્રિટિશ નિષ્ણાતોનું કહેવું છે.

અમેરિકિ મહાત્મા

બેન્જામીન ફ્રેન્કલી એ અમેરિકન મહાપુરૂષ નહીં પણ અમેરિકન મહાત્મા હતા તેવું એમનું જીવન ચરિત્ર વાંચ્યા પછી લાગ્યા વિના રહેતું નથી. માતા-પિતા ચર્ચમાં પાદરી હોવાને લીધે વ્યક્તિત્વમાં ઈસુનો પ્રેમ ઝળકતો હતો. જેનાથી તેઓ અમેરિકાના તમામ ખ્રિસ્તી સમુદાયોના લાડલા બની ગયા હતા.

ભારતના રાષ્ટ્રપિતા જેમ ગાંધીજી છે અને પાકીસ્તાન રાષ્ટ્રપિતા મોહમદઅલી ઝીણા છે તેમ અમેરિકાના રાષ્ટ્રપિતા બેન્જામીન ફ્રેન્કલીન ગણાય છે. ઘણા લોકો તેમને અમેરિકાના રાષ્ટ્રપતિ ગણે છે પરંતુ તેઓ અમેરિકાના તમામ રાષ્ટ્રપતિઓ કરતાં વધારે લોકપ્રિય હતા અને પ્રજાનો અઢળક પ્રેમ તેમને પ્રાપ્ત થયો છે એવું એમના લખાણો, પુસ્તકો અને ઠેર ઠેર લગાડવામાં આવેલ બાવલા પરથી પ્રતિપાદિત થાય છે.

ઈંગલેન્ડના સામાન્ય કુટુંબમાં જન્મ (૧૭૦૫) ત્યારબાદ નાની ઉંબરે (૧૭) પરતંત્ર અમેરિકામાં પ્રસ્થાન,ભાઈના પ્રેસમાં જોડાયા. ભાઈ સાથે સંઘર્ષ થયો, ત્યાંથી ગયા, રખડ્યા,ફરી પ્રેસમાં, પ્રખ્યાત થયા, લોકનેતા થયા, નાની-મોટી ચૂંટણીઓ લડી, ગવર્નર થયા, અમેરિકન છાપામાં લેખો લખ્યા અને છાપા શરૂ કર્યા. આમ, લેખો લખીને તથા ભાક્ષણો આપીને અમેરિકાનું ઘડતર કર્યુ. ૨૦ વર્ષથી નાની ઉંમરે જીવન જીવવા માટે નીતિ-નિયમો બનાવ્યા કેટલું ખાવું, કેટલું ઉંઘવું અને કેટલું બોલવું તેના પણ નિયમો બનાવ્યા અને જીવનભર આ નિયમોને પ્રમાણીકતાથી પામ્યા.(આ નિયમોની એક નાની યાદી અંતમાં સામેલ છે.)

અત્યંત વિપરીત લાગે તેવી વાત એ છે કે માઈકલ ફેરાડે (વીજળીનો શોધક)ના જન્મની પણ પહેલા બેન્જામીન ફ્રેન્કલીને આકાશની વીજળી જમીન પર ઉતારીને વીજળીનો પ્રયોગ કર્યો હતો. આ પ્રયોગ ઈતિહાસમાં ફિલોડેલ્ફિયા પ્રયોગ તરીકે મશહુર થઈ ગયો. ઝંઝાવાતી વરસાદી વાતાવરણમાં આકાશમાં સેંકડો મીટર ઉંચે પતંગ ચગાવીને વીજળીને જમીન પર (૧૭૫૨) ઉતારવી એ કલ્પના પણ કેટલી રોમાંચક છે.

જે માણસ મહાન રાજનીતિજ્ઞ હોય એ જ માણસ વિજ્ઞાનના ક્રાન્તિકારી પ્રયોગ કરે એ જ કેટલું આશ્ચર્યકારક છે. આમ, ફ્રેન્કલીન એ મહાન વૈજ્ઞાનિક પણ હતા. રાજનીતિના વિશેષ જ્ઞાન અને અનુભવને લઈને અમે અમેરિકન બંધારણ લખવાનું અત્યંત ગંભિરતાભર્યુ કામ સોંપવામાં આવ્યું જે એમણે સુપેરે પાર પાડ્યું. એમની ભારે જહેમતથી જ બ્રિટીશ ગુલામીમાંથી અમેરિકા આઝાદ થયું. (૧૭૩૬) ત્યારબાદ તેમને ફ્રાન્સમાં અમેરિકાના એલચી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. ત્યાંથી પણ એમણે અમેરિકાની ખૂબ સેવા કરી અને આખરે ૮૩ વર્ષની સુદીર્ઘ જીવનયાત્રા પૂર્ણ કરીને એ પરલોક સિધાવ્યા.(૧૭૯૦)એમને લોકો સહનશીલતાના પયગંબર કહેતા. એમને પ્રજાનો ખૂબ જ પ્રેમ મળ્યો. આ પ્રજાને ન્યાય અને નિતિના માર્ગે લાવવા માટે એમણે ખૂબ દોડધામ કરી.વીજળીના પ્રયોગ સિવાય એ સંગીતકાર પણ હતા અને ખ્યાતનામ ચેસ પ્લેયર પણ હતા. એમણે અનેક અન્ય શોધો કરી પરંતુ એકપણ શોધની પેટન્ટ ન કરી. માનતા કે જેમ બીજાઓ આપણને કશુંક આપે છે એમ આપણે પણ બીજાઓને કશુંક આપવું જોઈએ. આમ સમગ્ર જીવન પરોપકાર માટેની દોડધામમાં વીત્યું. એટલે જ કહેવું પડે કે તેઓ મહાપુરૂષ નહીં પણ મહાત્મા હતા. અમેરિકન ડોલરની નોટ પર એમનો ફોટો આપણે હંમેશા જોઈએ છીએ.

બેન્જામીન ફ્રેન્કલીને બનાવેલા નિયમોઃ

શાંતિઃ તુચ્છ વાતો અથવા સામાન્ય અથવા જે થવાનું છે તેથી ક્યારેય ડરવું નહીં, શાંત રહેવું.

સંકલ્પઃ જે કરવું જરૂરી હોય તે કરવા માટે સંકલ્પ કરવો અને અસફળ થયા વગર કરીને જ જંપવું.

શ્રમઃ સમય ન નષ્ટ ન કરવો હંમેશા કોઈ સાર્થક કામમાં લાગ્યા રહેવું બેકાર અને બિનજરૂરી કામો ન કરવા.

કરકસરઃ પોતાના અને બીજાના ભલા માટે ખ્ચ કરવો, પૈસો બરબાદ ન કરવો .

મૌનઃ એ જ બોલવું જેનાથી પોતાનું કે બીજાનું ભલું થાય. ખરાબ વાતચીતથી બચવું.

વ્યવસ્થાઃ પોતાની બધી વસ્તુઓ, વ્યવસ્થિત રાખો, જેથી અંધારામાં પણ એમને ઉપાડી શકો ઈત્યાદિ.

ફ્રેન્ડલીનની કેટલીક સૂક્તિઓઃ

★ જે માણસ પોતાની બુદ્ધિમતાને છૂપાવી શકતો નથી તે મૂર્ખ વ્યક્તિ છે.

★ ભૂખ સૌથી સારૂ અથાણું છે.

★ એક પૈસો બચાવવો એજ એક પૈસાની કમાણી છે.

★ સૂતેલી શિયાળ મરઘા પકડી શકતી નથી માટે ઉઠો, જાગો.

★ ત્રણ લોકો ગુપ્તતા જાળવી શકે છે, જો એમાંથી બે મરી જાય તો.

★ સતત તકલીફો અને હાનિઓથી ઝઝૂમવાથી માણસ વધારે નમ્ર અને બુદ્ધિમાન બને છે.

★ સારૂ બોલવાં કરતાં સારૂ શકામ કરવું એ વધારે સારૂ છે.

★ ભીડ એક રાક્ષસ છે, જેમાં માથાં તો અસંખ્ય હોય છે પણ મગજ એકપણ નથી હોતું.

કર્દમ ર.પાટણ પાટણ

કથાસાગર-વિચારભેદ

એક ગુરૂએ તેમના શિષ્યોની પરીક્ષા લેવાનું મન થયું. તેમણે બે શિષ્યોને બોલાવ્યા અને પ્રશ્ન પૂછ્યો,

જગત કેવું છે? તમને કેવું લાગે છે? તે મને કહો.

એક શિષ્યએ જવાબમાં કહ્યું, આ જગત બહુ ખરાબ છે. ચારે બાજુ અંધકાર જ અંધકાર છે. આપ જૂઓ! દિવસ એક અને રાત બે, બે રાત વચ્ચે એક દિવસ. પહેલી રાત હતી. અંધારૂ હતું. પછી દિવસ આવ્યો. ઉજળું થયું, પ્રકાશ થયો. ફરી પાછી રાત આવી અને અંધકાર છવાઈ ગયો. એકવાર ઉજળુ, બે વાર અંધકાર વધારે અંધારૂ અને ઓછો પ્રકાશ એવું આ જગત છે.

બીજા શિષ્યે આ પ્રશ્નના જવાબમાં કહ્યું, ગુરૂદેવ! આ જગત બહું જ સારૂ છે.

ચારેબાજુ પ્રકાશ. રાત ગઈ ઉજળું થયું. ચારે બાજુ પ્રકાશ, અંધકાર નષ્ટ થયો. પ્રકાશે પદાર્થ વસ્તુને પ્રગટ કરી, જે અંધકારમાં ઢંકાયેલ હતી તેને ક્ષણવારમાં પ્રકાશે પ્રગટ કરી. કેટલું સુંદર છે આ જગત? કે જ્યાં ચારે દિશામાં પ્રકાશ અને પ્રકાશ.

મેં જોયું કે દિવસ આવ્યો... પ્રકાશ ફેલાયો... ફરી રાત આવી અને ગઈ ફરીથી દિવસ આવ્યો. આ પ્રમાણે બે દિવસ વચ્ચે એક રાત. પ્રકાશ વધારે અને અંધકાર ઓછો. બે વાર ઉજળુ વધારે અને અંધકાર ઓછો.

પ્રશ્ન એક હતો પણ જવાબ આપવા માટે બે શિષ્યો હતાં. શિષ્યોમાં વિચાર ફેર હતો. એક નેગેટિવ વિચાર રાખતો હતો. એક પોઝિટિવ વિચાર રાખતો હતો.

ખેલફલક

જેમાં ક્રિકેટથી
માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

સિંધુ દુબઈમાં તાજ જીતીને વર્ષ પૂરું કરવા મક્કમ

(જી.એન.એસ) મુંબઈ

ઓલિમ્પિક રમતોત્સવની રજતચંદ્રક વિજેતા પી. વી. સિંધુને આ વર્ષે તેના દેખાવથી સંતોષ છે, પણ બુધવારથી રમાનાર ૧૦૦૦,૦૦૦ અમેરિકન ડોલરની દુબઈ વર્લ્ડ સુપર સિરીઝ ફાઈનલનું એક વધુ વિજેતાપદ જીતવા સાથે તે પોતાની આ સફળ મોસમની સમાપ્તિ કરવા ઈચ્છે છે.

ગયા વર્ષે રિયો રમતોત્સવમાં પોતાના નોંધપાત્ર દેખાવ પછી સિંધુએ વર્તમાન મોસમમાં ઈન્ડિયા ઓપન સુપર સિરીઝ અને કોરિયા ઓપન સુપર સિરીઝ સ્પર્ધાઓ જીતી હતી તથા ગ્લાસગોવ ખાતેની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં રજતચંદ્રક જીત્યો હતો અને ગયા મહિને હોંગકોંગ ઓપન સ્પર્ધામાં તે રનર્સ-અપના સ્થાને રહી હતી.

"મારા માટે આ વર્ષ સારું નીવડ્યું છે અને હું મારા દેખાવથી ખુશ છું, જેથી મને કોઈ ખેદ નથી અને હવે હું દુબઈ સુપર સિરીઝ ફાઈનલ જીતવા સાથે વર્ષ સમાપ્ત કરવા ઈચ્છું છું, એમ સિંધુએ કહ્યું હતું.

આઈસીસી ટેસ્ટ રેંકિંગમાં પુજારા ત્રીજા ક્રમાંક ઉપર

ભારતના મિડલઓર્ડર બેટ્સમેન ચેતેશ્વર પુજારા આઈસીસી રેંકિંગમાં હવે ત્રીજા ક્રમે પહોંચી ગયો છે. પુજારાએ ટેસ્ટ બેટ્સમેનોના રેંકિંગમાં ૫૭૩ અંક મેળવી ત્રીજુ સ્થાન મેળવ્યું છે. ઓસ્ટ્રેલિયાઈ કેપ્ટન સ્ટિવ સ્મિથ છેલ્લા બે વર્ષથી ટોચના ક્રમે છે. તેણે ઈંગ્લેન્ડ સીરીઝ પર્થમાં ત્રીજી ટેસ્ટમાં બેવડી સદી ફટકારી અને ડોન બ્રેડમેનના રેકોર્ડની નજીક પહોંચી ગયો છે. ત્રીજી ટેસ્ટમાં ૨૩૯ રન બનાવનાર સ્મિથના ૯૪૫ અંક છે તે મેનહટનની સાથે બીજા સ્થાન પર છે. બ્રેડમેનના ૯૬૧ પોઈન્ટ હતા જેનાથી તે ૧૬ પોઈન્ટ પાછળ છે. ટોચના ક્રમે રહેતા સર્વાધિક ટેસ્ટ રમવાના મામલે સ્મિથ બ્રેડમૈનથી આગળ છે. તે ૧૧૪ ટેસ્ટમાં નંબર વન રેંક પર રહ્યો છે. અનાથી પછી ગેરી સોબર્સ ૧૮૯, વિવ રિચર્ડ્સ ૧૮૯, બ્રાયન લારા ૧૪૦ અને સચિન તેંડુલકર ૧૩૯ અંક ધરાવે છે. બોલરોની યાદીમાં રવિન્દ્ર જાડેજા અને અશ્વિન ત્રીજા અને ચોથા ક્રમ પર છે જ્યારે ઈંગ્લેન્ડના જેમ્સ એન્ડરસન અને ઓસ્ટ્રેલિયાના જોશ હેઝલવુડ એક ક્રમ ઉપર ચઢી ટોપ પાંચમાં પહોંચી ગયા છે. જાડેજા અને અશ્વિન ઓલરાઉન્ડરોની યાદીમાં ક્રમશઃ બીજા અને ચોથા સ્થાને છે. ફર્સ્ટ ટેસ્ટ બાદ ઈંગ્લેન્ડના ડેવિડ માલન ૪૭ અંક સાથે કેરિયરની સર્વશ્રેષ્ઠ બાવનની રેંકિંગ પર પહોંચી ગયો છે **અનુસંધાન પાન નં.૬ ઉપર**

રણજી ટ્રોફી : કર્ણાટકને રોમાંચક મેચમાં પાંચ રને હરાવી વિદર્ભનો ફાઈનલમાં પ્રવેશ

ટીમ સ્પીરીટ

કોલકાતાના ઈડન ગાર્ડન ખાતે ફરી એક વખત ઈતિહાસનું પુનરાવર્તન થયું હતું. રણજી ટ્રોફીની સેમિફાઈનલમાં વિદર્ભે આઠ વખતની રણજી ચેમ્પિયન કર્ણાટકને એક રોમાંચક મુકાબલામાં પાંચ રનથી પરાજય આપી પ્રથમ વખત ફાઈનલમાં સ્થાન મેળવી લીધું હતું. ફાઈનલમાં વિદર્ભનો સામનો દિલ્હી સામે થશે. આ પહેલા પ્રથમ સેમિફાઈનલમાં દિલ્હીએ બંગાળને હરાવી ૧૫મી વખત ફાઈનલમાં સ્થાન મેળવી લીધું હતું.

જીત માટેના ૧૯૮ રનના લક્ષ્યાંકનો પીછો કરતા કર્ણાટકની ટીમ ૧૯૨ રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી. વિદર્ભ તરફથી ફાસ્ટ બોલર રજનીશ ગુર્બાનીએ કારકિર્દીનું શ્રેષ્ઠ પ્રદર્શન કરતા ૬૮ રન આપી સાત વિકેટ ઝડપી હતી. આ પહેલા પણ તેણે પ્રથમ ઈનિંગ્સમાં પાંચ વિકેટ ઝડપી હતી. તેના આવા શાનદાર પ્રદર્શનને કારણે તેને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

વિનય કુમાર, મિથુન અને ગોપાલની વળતી લડત : આ પહેલા કર્ણાટકે પાંચમાં દિવસે પોતાની ઈનિંગ્સનો પ્રારંભ કર્યો હતો. કેપ્ટન વિનયકુમારે શ્રેયસ ગોપાલ સાથે આઠમી વિકેટ માટે ૩૭ રન ઉમેરી જીતની આશા ઉભી કરી હતી. જોકે, ૧૪૧ રનના સ્કોરે ગુર્બાનીએ વિનયકુમારને ગત ૩૬ રને આઉટ કરી મેચને રોમાંચક મોડ પર લાવી દીધી હતી. વિનયકુમારની વિકેટ બાદ અભિમન્યુ મિથુન ગોપાલની જોડે જોડાયો હતો અને બંનેએ સંભાળપૂર્વક બેટિંગ કરી કર્ણાટકની ટીમને જીતની એકદમ નજીક લઈ ગયા હતા.

કર્ણાટકની ટીમ જ્યારે જીતથી ફક્ત નવ રન દૂર હતી ત્યારે ગુર્બાનીએ મિથુનને અંગત ૩૩ રને આઉટ કરી કર્ણાટકને મોટો ફટકો પહોંચાડયો હતો. મિથુને ગોપાલ સાથે મળીને

નવમી વિકેટ માટે કિમતી ૪૮ રન જોડયા હતા. મિથુનની વિકેટ પડી તે સમયે કર્ણાટક જીતથી નવ રન અને વિદર્ભની ટીમ ફક્ત એક વિકેટ દૂર હતી અને વિદર્ભના ફાસ્ટ બોલર ગુર્બાનીએ અરવિંદને આઉટ કરી વિદર્ભને ફાઈનલમાં પ્રવેશ અપાવી દીધો હતો.

મેચનો સંક્ષિપ્ત સ્કોર : આ પહેલા વિદર્ભની ટીમ તેની પ્રથમ ઈનિંગ્સમાં ૧૮૫ રન બનાવી ઓલ આઉટ થઈ ગઈ હતી. જવાબમાં કરૂણ નાયરના ૧૫૩ રનની મદદથી કર્ણાટકની ટીમ ૩૦૧ રન બનાવી ઓલ આઉટ થઈ હતી. આમ કર્ણાટકની ટીમ પ્રથમ ઈનિંગ્સને આધારે ૧૧૬ રનની લીડ લેવામાં સફળ રહી હતી. વિદર્ભની ટીમે બીજી ઈનિંગ્સમાં ૩૧૩ રન બનાવ્યા હતા જેના કારણે કર્ણાટકની ટીમને ફાઈનલમાં સ્થાન મેળવવા માટે ૧૯૮ રનનો લક્ષ્યાંક મળ્યો હતો.

સ્પોર્ટ્સ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

સવાલ :

૧.હાલમાં જ પૂર્ણ થયેલ વર્લ્ડ વેઈટ લિફટીંગ ચેમ્પિયનશીપ્સમાં ગોલ્ડમેડલ જીતનારી સૌખોમ મીરાબાઈ ચાનુ કયા રાજયની વતની છે ?

૨. હાલમાં જ પૂર્ણ થયેલ વર્લ્ડ હોકી લીગ ફાઈનલ્સ ટુર્નામેન્ટમાં કયા દેશે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો ?

૩. ટીમ ઈન્ડિયા ૨૦૧૯ થી ૨૦૨૩ સુધી કેટલા આંતરરાષ્ટ્રીય ક્રીકેટ મેચો રમશે ?

૪. ૨૦૨૧ માં ક્રીકેટની ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કયા દેશમાં થશે ?

૫. ૨૦૨૩ માં ક્રિકેટ વર્લ્ડકપનું આયોજન કયા દેશમાં કરવવામાં આવશે ?

૬. હાલમાં ટવેન્ટી-૨૦ માં ૧૧,૦૦૦ થી વધુ રન કરનાર એકમાત્ર ખેલાડી કોણ છે ?

૭. હાલમાં ટવેન્ટી-૨૦ માં સૌથી વધુ સદી કરનાર ખેલાડી કોણ છે ?

૮. હાલમાં વિશ્વમાં વન-ડે માં ત્રણ બેવડી સદી કરનાર એક માત્ર ખેલાડી કોણ છે ?

૯. હાલમાં આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશનના પ્રમુખ કોણ છે ?

૧૦. હાલમાં જ ભારતની પી.વી.સીંધુ કઈ મહિલા ખેલાડીને હરાવીને બેડમીન્ટનની દુબઈ સુપર સીરીઝની ફાઈનલમાં પ્રવેશી હતી ?

૧૧. હાલમાં જ વર્લ્ડ યુથ ચેસ ઓલિમ્પિયાડનું આયોજન ભારતમાં કયાં કરવામાં આવ્યું હતું ?

૧૨. હાલમાં જ ભારતની પી.વી.સીંધુ કઈ મહિલા ખેલાડી સામે હારી જવાથી બેડમીન્ટનની દુબઈ સુપર સીરીઝમાં રનર્સઅપ રહી હતી ?

૧૩. હાલમાં જ ભારતના કયા ભારતીય કુસ્તીબાજે દક્ષિણ આફ્રિકામાં આયોજીત કોમનવેલ્થ કુસ્તી ચેમ્પિયનશીપમાં ૭૪ કી.ગ્રા.વજન વર્ગની ફ્રી સ્ટાઈલ કુસ્તીમાં ગોલ્ડમેડલ જીત્યો હતો ?

જવાબ

૧.હાલમાં જ પૂર્ણ થયેલ વર્લ્ડ વેઈટ લિફટીંગ ચેમ્પિયનશીપ્સમાં ગોલ્ડમેડલ જીતનારી સૌખોમ મીરાબાઈ ચાનુ મણીપુર રાજયની વતની છે.

૨. હાલમાં જ પૂર્ણ થયેલ વર્લ્ડ હોકી લીગ ફાઈનલ્સ ટુર્નામેન્ટમાં ભારત દેશે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

૩. ટીમ ઈન્ડિયા ૨૦૧૯ થી ૨૦૨૩ સુધી ૩૦૬ આંતરરાષ્ટ્રીય ક્રીકેટ મેચો રમશે.

૪. ૨૦૨૧ માં ક્રીકેટની ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન ભારત દેશમાં થશે.

૫. ૨૦૨૩ માં ક્રિકેટ વર્લ્ડકપનું આયોજન ભારત દેશમાં કરવામાં આવશે.

૬. હાલમાં ટવેન્ટી-૨૦ માં ૧૧,૦૦૦ થી વધુ રન કરનાર એકમાત્ર ખેલાડી વેસ્ટ ઈન્ડીઝના ક્રીસગેલ છે.

૭. હાલમાં ટવેન્ટી-૨૦ માં સૌથી વધુ સદી કરનાર ખેલાડી વેસ્ટ ઈન્ડીઝના ક્રીસગેલ છે.

૮. હાલમાં વિશ્વમાં વન-ડે માં ત્રણ બેવડી સદી કરનાર એક માત્ર ખેલાડી ભારતના રોહીત શર્મા છે.

૯. હાલમાં આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશનના પ્રમુખ શ્રી નરેન્દ્ર બત્રા છે.

૧૦. હાલમાં જ ભારતની પી.વી.સીંધુ ચીનની અને યુફેઈને ૨૧-૧૫, ૨૧-૧૮ થી મહિલા ખેલાડીને હરાવીને બેડમીન્ટનની દુબઈ સુપર સીરીઝની ફાઈનલમાં પ્રવેશી હતી.

૧૧. હાલમાં જ વર્લ્ડ યુથ ચેસ ઓલિમ્પિયાડનું આયોજન ભારતમાં અમદાવાદ મુકામે કરવામાં આવ્યું હતું.

૧૨. હાલમાં જ ભારતની પી.વી.સીંધુ જાપાનની યામાગુચી નામની મહિલા ખેલાડી સામે હારી જવાથી બેડમીન્ટનની દુબઈ સુપર સીરીઝમાં રનર્સઅપ રહી હતી.

૧૩. હાલમાં જ ભારતના ભારતના ડબલ ઓલિમ્પિક મેડાલીસ્ટ કુસ્તીબાજ સુશીલકુમાર નામના ભારતીય કુસ્તીબાજે દક્ષિણ આફ્રિકામાં આયોજીત કોમનવેલ્થ કુસ્તી ચેમ્પિયનશીપમાં ૭૪ કી.ગ્રા.વજન વર્ગની ફ્રી સ્ટાઈલ કુસ્તીમાં ગોલ્ડમેડલ જીત્યો હતો.

-ડો.પી.ડી.શર્મા
(અમદાવાદ)

એક ટેસ્ટમાં ટીમના બે દાવમાં રનોનું સૌથી વધુ અંતર

ખેલના મેદાનમાંથી

કમલેશ કંસારા

૨૦૧૭માં વેલીંગ્ટન ખાતે રમાયેલ ન્યુઝીલેન્ડ અને બાંગ્લાદેશ વચ્ચેની ટેસ્ટમાં બાંગ્લાદેશની પ્રથમ ઈનીંગ્સ અને બીજી ઈનીંગ્સ વચ્ચે જે ૪૩૫ રનનું અંતર હતું તે એક ટેસ્ટમાં કોઈપણ ટીમ દ્વારા બે ઈનીંગ્સમાં કરેલા રનમાં સાતમું સૌથી વધુ અંતર હતું.બાંગ્લાદેશે આ સંદર્ભમાં પોતાનો જ રેકોર્ડ તોડયો હતો.

સૌ પ્રથમ વાર ટેસ્ટ ક્રિકેટમાં બે ઈનીંગ્સ વચ્ચે રનનો તફાવત. ૧૯૫૮ ની શ્રેણીમાં જોવા મળેલો. આ શ્રેણી વે.ઈ.અને પાકિ.વચ્ચે રમાયેલી હતી. બ્રિજટાઉન ખાતેની ટેસ્ટમાં પાકિસ્તાને પ્રથમ દાવમાં ૧૦૬ રન નોંધાવ્યા હતા અને બીજા દાવમાં ૮ વિકેટે ૬૫૭ રન કરીને દાવ ડીકલેર્ડ કર્યો હતો. આમ બંને દાવ વચ્ચે ૫૫૧ રનનો તફાવત હતો જે એક રેકોર્ડ છે.

૧૯૯૧ માં વેલીંગ્ટન ખાતે રમાયેલ ન્યુઝીલેન્ડની ટીમે શ્રીલંકા સામે પ્રથમ દાવમાં ૧૭૪ રન નોંધાવ્યા બાદ બીજા દાવમાં ૪ વિકેટે ૬૭૧ રન નોંધાવીને બે દાવ વચ્ચે રનનો તફાવત ૪૯૭ રનનો બનાવ્યો હતો. જે ટેસ્ટ ક્રિકેટમાં બીજી ઘટના હતી.

ત્રીજી ઘટના ન્યુઝીલેન્ડ અને ભારત વચ્ચે ૨૦૧૪ ની વેલીંગ્ટન ટેસ્ટમાં નોંધાઈ હતી. જયારે ન્યુઝીલેન્ડે પ્રથમ દાવમાં ૧૯૨ રન અને બીજા દાવમાં ૮ વિકેટે ૬૮૦ રન નોંધાવીને દાવ ડીકલેર્ડ કર્યો હતો. આમ પ્રથમ અને બીજા દાવ વચ્ચે ૪૮૮ રનનો તફાવત જોવા મળ્યો હતો.

૨૦૦૧ માં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે કોલકત્તા ખાતેની ટેસ્ટમાં ભારતે પ્રથમ દાવમાં ૧૭૧ રન નોંધાવ્યા બાદ બીજા દાવમાં સાત વિકેટે ૬૫૭ રન કરીને દાવ ડીકલેર્ડ કર્યો ત્યારે બે ઈનીંગ્સ વચ્ચે રનનું અંતર ૪૮૬ રનોનું હતું.

વેસ્ટ ઈન્ડીઝ અને ભારત વચ્ચેની મુંબઈ ખાતેની ૨૦૧૧ ની શ્રેણીની ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડીઝે પ્રથમ દાવમાં ૫૯૦ રન બનાવ્યા બાદ બીજા દાવમાં માત્ર ૧૩૪ રન બનાવીને બે ઈનીંગ્સ વચ્ચેના રનનું અંતર ૪૫૬ રનોનું બન્યું હતું.

૨૦૧૬ ની દુબઈ ખાતેની પાકિસ્તાન અને વે.ઈ. વચ્ચેની ટેસ્ટમાં પાકિસ્તાને પ્રથમ દાવમાં ૩ વિકેટે ૫૭૯ રન નોંધાવીને દાવ ડીકલેર્ડ કર્યા બાદ બીજા દાવમાં માત્ર ૧૨૩ રન નોંધાવતાં બે ઈનીંગ્સ વચ્ચે ૪૫૬ રનોનું અંતર જોવા મળ્યું હતું.

આમ અત્યાર સુધી રમાયેલ ટેસ્ટમેચોમાં પ્રથમ અને બીજા દાવ વચ્ચે વધુમાં વધુ અંતરની ઘટના સાત વાર બની છે.

-કમલેશ કંસારા

ભારત એક વર્ષમાં સૌથી વધુ મેચો જીતનાર વિશ્વની બીજા નંબરની ટીમ

(હિં.સ.) મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમે અહીં વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલ આખરી ટી ૨૦માં શ્રીલંકાને પાંચ વિકેટે પરાજય આપ્યો હતો અને । સાથે ત્રણ ટી ટવેન્ટી મેચોની સીરીજ પર ૩-૦થી કબજો જમાવી લીધો હતો.વર્ષ ૨૦૧૭ ભારતીય ટીમ માટે ખુબ સારૂ રહ્યું છે.આ વર્ષ ભારતીય ટીમ અનેક રેકોર્ડ પોતાના નામે કરવામાં સફળ રહી છે.

ભારતીય ટીમ એક વર્ષમાં સૌથી વધુ આતરરાષ્ટ્રીય મેચોમાં જીત દાખલ કરનારી દુનિયાની બીજી ટીમ બની ગઈ છે.ભારતે આ વર્ષ ૩૭ આંતરરાષ્ટ્રીય મેચોમાં જીત હાંસલ કરી છે. ભારત પહેલા ઓસ્ટ્રેલિયાની ટીમે વર્ષ ૨૦૦૩માં ૩૮ આંતરરાષ્ટ્રીય મેચમાં જીત હાંસલ કરી હતી. ભારત આ મામલામાં હવે બીજા નંબર પર આવી ગઈ છે.આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાએ જ વર્ષ ૧૯૯૯માં ૩૫ આંતરરાષ્ટ્રીય મેચમાં જીત હાંસલ કરી હતી. ભારત જો આ વર્ષ બે મેચ વધુ જીતી ગઈ હોત તો તે સૌથી વધુ મેચ જીતવાના મામલામાં નંબર એકર પર પહોંચી જાત અને ઓસ્ટ્રેલિયાના રેકોર્ડને તોડી આગળ નિકળવામાં સફળ રહી હોત

વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલ અંતિમ મેચમાં શ્રીલંકાની વિરૂધ્ધ મહેન્દ્રસિંહ ધોનીએ ચોકકો મારી ટીમને જીત અપાવી હતી.ધોની વિનિગ શોર્ટ લગાવવાના મામલામાં બીજા ખેલાડીઓથી ખુબ આગળ નિકળી ગયો છે. ધોનીએ વનડેમાં ૨૭ વાર ટીમ માટે વિનંગ શોર્ટ લગાવ્યો છે જયારે ટી ટવેન્ટીમાં ૧૦ અને ટેસ્ટ મેચમાં ૩ વાર તેમણે આ સિધ્ધિ હાંસલ કરી છે.આ ઉપરાંત ધોની ભારતીય ટીમની ટી ૨૦ જીતમાં ૮૬ વાર ટીમનો હિસ્સો રહ્યો છે. ધોનીથી વધુ પાકિસ્તાની બેટસમેન શોએબ મલિક ૯૨માં વારલલ પોતાની ટીમની જીતમાં રહી ચુકયો છે. ભારતીય ટીમે આ વર્ષ સાત ટેસ્ટ મેચ,૨૧ વનડે અને ૯ ટી ટવેન્ટી મેચમાં જીત હાંસલ કરી છે.ભારતીય ટીમ જો શ્રીલંકાની વિરૂધ્ધ ધર્મશાળા વનડે જીતી હોત તો તે આજે એક વર્ષમાં સૌથી વધુ મેચ જીતવાના મામલામાં નંબર વન પર હોત.

રોહિત વર્ષ ૨૦૧૭માં ૬૪ છગ્ગાઓ ફટકારી ચુક્યો છે

ટર્નીંગ પોઈન્ટ

રોહિત શર્માએ વર્ષ ૨૦૧૭માં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ પણ સર્જ્યો છે. રોહિત શર્મા અભૂતપૂર્વ ક્રિકેટર તરીકે ઉભરી રહ્યો છે. રોહિત શર્માએ પહેલા ટેસ્ટમાં સદી ત્યારબાદ વનડેમાં બેવડી સદી અને હવે સૌથી ઝડપથી ટ્વેન્ટી સદીના રેકોર્ડ પોતાના નામ ઉપર કરી રહ્યો છે. રોહિત શર્માએ ૨૦૧૭માં ૬૪ છગ્ગાઓ ફટકાર્યા છે જે એક વર્ષમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ છે. ક્રિસ ગેઈલ, ડિવિલિયર્સ, શેન વોટસન, શાહીદ આફ્રિદી અને મેક્કુલમ જેવા ખેલાડીઓની વાત કરવામાં આવે તો આ તમામ ખેલાડીઓ કરતા પણ રોહિત શર્મા આગળ નિકળી ગયો છે. ગઈકાલે રાત્રે ભારતીય કેપ્ટન રોહિત શર્માએ વધુ એક સિદ્ધિ હાસલ કરી હતી. રોહિત શર્મા ટ્વેન્ટી ક્રિકેટમાં પણ સૌથી ઝડપથી સદી કરવાના રેકોર્ડ સુધી પહોંચી ગયો હતો.

રોહિત શર્માએ દક્ષિણ આફ્રિકાના ડેવિડ મિલરના રેકોર્ડની બરોબરી કરી લીધી હતી. રોહિત શર્માએ આજે માત્ર ૩૫ બોલમાં ૧૨ ચોગ્ગા અને ૧૦ છગ્ગાની મદદથી આ રેકોર્ડ સિદ્ધિ હાસલ કરી હતી. ડેવિડ મિલરે પણ આ વર્ષે ૨૯મી ઓક્ટોબરના દિવસે બાંગ્લાદેશની સામે ૩૫ બોલમાં સદી ફટકારી હતી. ઈન્દોરના હોલ્કર સ્ટેડિયમમાં રોહિત શર્માએ ચોગ્ગા છગ્ગાની રમઝટ બોલાવી હતી. આ મેચમાં રોહિતે ૧૨ ચોગ્ગા અને ૧૦ છગ્ગા સાથે ૧૧૮ રન ૪૩ બોલમાં બનાવ્યા હતા. જો કે, સદી ૩૫ બોલમાં પુરી કરી હતી.

એક વર્ષમાં વધુ છગ્ગા...

ટ્વેન્ટી ક્રિકેટમાં સૌથી ઝડપી સદી કરનાર ખેલાડીઓમાં પ્રથમ સ્થાને પહોંચી ગયા બાદ રોહિત એક વર્ષમાં સૌથી વધુ છગ્ગાનો રેકોર્ડ પણ કરી લીધો છે.

એક વર્ષમાં સૌથી વધુ છગ્ગાનો રેકોર્ડ
પહેલા ટેસ્ટમાં સદી ત્યારબાદ વનડેમાં બેવડી સદી અને હવે ટ્વેન્ટી ક્રિકેટમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ સર્જ્યો

મેસ્સીને પછાડી રોનાલ્ડોએ જીત્યો 'બેલન ડી' એવોર્ડ

ફુટબોલ જગતના દિગ્ગજ ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ રમત-ગમત જગતના સૌથી પ્રતિષ્ઠિત ગણાતા બેલન ડી એવોર્ડ મેળવવામાં સફળતા મેળવી છે. સ્પેનિશ ક્લબ રીયલ મેડ્રીડના આ સ્ટ્રાઈકર રોનાલ્ડોને પેરીસમાં યોજાયેલ સમારોહ દરમિયાન આ એવોર્ડ એનાયત કરાયો હતો. રોનાલ્ડોએ આ એવોર્ડ જીતવામાં પાંચમી વખત સફળતા મળી છે.

આ એવોર્ડ જીતવા માટેની રેસમાં રોનાલ્ડો ઉપરાંત બાર્સિલોનાના સ્ટ્રાઈકર લિયોનેલ મેસ્સી અને નેમારનો સમાવેશ થતો હતો. જોકે રોનાલ્ડોએ મેસ્સી અને નેમારને પછાડી આ એવોર્ડ મેળવ્યો છે. આ સાથે જ રોનાલ્ડોએ સૌથી વધુ વખત આ એવોર્ડ મેળવવાના મેસ્સીના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. મેસ્સી પણ પાંચ વખત આ એવોર્ડ જીતી ચુક્યો છે. રોનાલ્ડોએ વર્ષ ૨૦૦૮માં માનચેસ્ટર યુનાઈટેડ તરફથી રમતા પ્રથમ વખત આ એવોર્ડ જીત્યો હતો. ત્યારબાદ ૨૦૧૩ અને ૨૦૧૪માં પણ તેણે આ એવોર્ડ જીત્યો હતો. ગત વર્ષે ૨૦૧૬માં ચોથી વખત તેણે બેલન ડી એવોર્ડ જીત્યો હતો. ફુટબોલ જગતના આ પ્રતિષ્ઠિત એવોર્ડ ઉપરાંત રોનાલ્ડોએ ૨૦૧૬-૧૭માં ફીફાના પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ પણ જીત્યો હતો. તેમજ રોનાલ્ડોના નામે ફીફા વર્લ્ડ ગોલ્ડન બોલ ઓફ ધ યરનો એવોર્ડ પણ છે. એવોર્ડ જીત્યા બાદ પોર્ટુગલના આ સ્ટાર સ્ટ્રાઈકરે જણાવ્યુ હતું કે આ મારી કારકિર્દીની એક સુવર્ણ તક છે. હું દર વર્ષે આ એવોર્ડ જીતવા માંગુ છું.

હોકીમાં નિપુણતા મેળવવા તાપસી પન્નુએ કમર કસી

ટોચની અભિનેત્રી તાપસી પન્નુ પોતાની આગામી ફિલ્મ સૂરમાના રોલ માટે હોકીની રમતમાં નિપુણતા મેળવવા ખૂબ પરસેવો પાડી રહી હોવાની માહિતી મળી હતી. આ ફિલ્મમાં એ એક ઓલિમ્પિક્સ ખેલાડીનો રોલ કરે છે. પંજાબી ગાયક અભિનેતા દિલજિત દોસાંઝ આ ફિલ્મમાં હીરો છે. અગાઉ તાપસી મેગાસ્ટાર અમિતાભ બચ્ચન સાથે પિંક ફિલ્મ કરવા ઉપરાંત અક્ષય કુમાર સાથે બેબીની સિક્વલ નામ શબાનામાં ચમકી હતી. તાજેતરમાં રજૂ થયેલી વરુણ ધવન સાથેની એની ફિલ્મ જુડવા ટુ પણ હિટ સાબિત થઈ હતી. આમ અત્યારે તાપસી એ ગ્રેડના કલાકારોની હરોળમાં છે. તાપસીની નિકટનાં સૂત્રોએ કહ્યું કે પોતે ખેલાડી છે એવું દર્શાવવા તાપસીએ ડાયેટ પર અને વર્ક આઉટ પર પણ વધુ ધ્યાન આપવા માંડયું છે. એ પોતાના ખેલાડી તરીકેના પાત્રને યાદગાર બનાવવા માગે છે. સાથોસાથ અનુભવી કોચ પાસે હોકીની રમતની આકરી તાલીમ પણ લઈ રહી છે. એક તરફ ખેલાડી અને બીજી તરફ રમત માણનાર ઓડિયન્સ એમ બંને રીતે તાપસી આ રમતનો અડભ્યાસ કરી રહી છે. અત્યાર અગાઉ એણે બતાવી આપ્યું હતું કે પોતે જે પાત્ર કરવાની હોય એની વ્યવસ્થિત તાલીમ લે છે. બેબી વખતે એણે માર્શલ આર્ટની તાલીમ પણ લીધી હતી.

દેશમાં રેલવે...

અનુસંધાન ૨ નુ ચાલુ..

રેલવે જમીન, ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક, બેટા, એડવર્ટાઈઝિંગ, તેના યુનિટોને વધુ સરળ કરવાની બાબતોનો સમાવેશ થાય છે. આગામી પાંચ વર્ષની અંદર રેલવેના ચહેરાને બદલી નાંખવા માટે વિશેષ રણનીતિ ઘડી કાઢવામાં આવી છે. રેલવે દ્વારા જે સૌથી મોટી તકલીફનો સામનો કરવામાં આવી રહ્યો છે તે ૩૨૦૦૦ કરોડના પગાર બિલમાં વધારાનો સમાવેશ થાય છે. સાતમાં વેતન પંચના અહેવાલને અમલી બનાવી દેવામાં આવ્યા બાદ રેલવે ઉપર બિનજરૂરી બોજ પડશે.

રેલવેનુ કહેવું છે કે, જ્યારે પ્રોજેક્ટો પૂર્ણ થતાં નથી અને ખર્ચ વધી જાય છે ત્યારે નવી સમસ્યા સર્જાય છે. રેલવે યાત્રીઓને વધુ સુવિધા આપવા માટે વિદેશીની પણ મદદ લેવામાં આવશે. સ્ટેશન ડેવલપમેન્ટ માટે દક્ષિણ કોરિયાની મદદ લેવાશે.

માલેગાંવ બ્લાસ્ટમાં...

અનુસંધાન ૨ નુ ચાલુ..

તમામ આરોપીઓ જામીન ઉપર છે. તમામ અગાઉના બોન્ડ અને બાંહેધરી ચાલું રહેશે. ગયા સપ્તાહમાં કોર્ટે પ્રોસીક્યુશનને પડકાર ફેંકતી લેફ્ટી કર્નલ પુરોહિત અને સમીર કુલકર્ણી દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને ફગાવી દીધી હતી. આરોપીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં યુએપીએની જોગવાઈ હેઠળ ખટલો ચલાવવાને પડકાર ફેંકવામાં આવ્યો હતો. પુરોહિત અને કુલકર્ણીને ૨૨મી ઓગસ્ટ ૨૦૧૭થી જામીન મળેલા છે. તે વખતે સુપ્રીમ કોર્ટે મુંબઈ હાઈકોર્ટના ચુકાદાને રદ કર્યો હતો. એપ્રિલ ૨૦૧૧માં એનઆઈએ દ્વારા તપાસ મહારાષ્ટ્રીય એટીએસ પાસેથી પોતાના હાથમાં લેવામાં આવી હતી.

તાણા- થરા શિવમહાપુરાણ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ઝાઝાવડા વાળીનાથ મહાદેવતીર્થના મહંત શ્રી ઘનશ્યામપુરીજી ગુરુ શિવપુરીજી મહારાજ, કાંકરેજ ધારાસભ્ય કિર્તિસિંહ વાઘેલા કથાનું રસપાન કર્યું હતું.

તા. ૨૮/૧૨/૨૦૧૭ રાત્રે ૮-૩૦ જલારામબાપાના ભજન સત્સંગ, તા. ૩૦/૧૨/૨૦૧૭ રાત્રે ૮-૩૦ કલાકે શ્રી ચંદુમા મહિલા મંડળ દ્વારા આનંદનો ગરબો, તા. ૧/૧/૨૦૧૮ રાત્રે ૯-૦૦ હાસ્ય કલાકાર અને શિવમહિમા ઈ ટી.વી. કલાકાર ભરત રાવલ, મહેશ દેસાઈ હાજર રહેશે. આ જ્ઞાનયજ્ઞ કથા દરમ્યાન પૂ.સંતશ્રી સદારામ બાપુ, સંતશ્રી જાનકીદાસ કમીજલા, સંતશ્રી પરસોતમદાસ બાપુ- વરલી, પૂ.શ્રી સૂર્યદિવી મા- સાણંદ, પૂ.હાંસબાઈ દેવીમાં વાંધ કચ્છ, પૂ.સંતશ્રી ભુરાનંદજી કુંવારવા, સંતશ્રી રામદાસ બાપુ- શિરવાડા આશિર્વચન આપવા પધારશે.

ગુજરાતભરમાં કાતિલ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જોકે ક્રિસમસના પર્વ ઉપર જેટલી ઠંડીનો અનુભવ સામાન્ય રીતે થાય છે તેટલો અનુભવ થયો નથી. વર્તમાન સિઝનમાં નિષ્ણાત તબીબો દ્વારા ખાસ કરીને બાળકોને સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. ઈન્ફેકશન અને પેટના દુખાવાની ફરિયાદો જોવા મળી રહી છે. ફુડ પોઈઝનીંગના કેસ પણ આ સિઝનમાં વારંવાર જોવા મળે છે. અમદાવાદ શહેરમાં પણ લોકોએ સવારમાં ઠંડીનો અનુભવ કર્યો હતો.

સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. ઉત્તર ભારતમાં એક બાજુ તીવ્ર ઠંડી અને ધુમ્મસના કારણે ટ્રેન અને વિમાની સેવા ઉપર માઠી અસર થઇ રહી છે ત્યારે હવે ગુજરાતમાં પણ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. દરમિયાન અમદાવાદ શહેરમાં ડિસેમ્બર-૨૦૧૬ કરતા પણ વધુ ઝાડા ઉલ્ટીના કેસ નોંધાવા પામ્યા છે જેમાં આ વર્ષે માત્ર ૨૩ દિવસમાં ઝાડા ઉલ્ટીના ૪૭૩ કેસ નોંધાવા પામ્યા છે આ ઉપરાંત શહેરમાં જમાલપુર અને વેજલપુર વોર્ડમાં કોલેરાનો એક એક કેસ નોંધાવા પામ્યો છે.

અનાપુર છોટા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

બી કે ન્યુઝ ચેનલ પર પરસિદ્ધ થયેલા અહેવાલ થી પ્રેરિત થઈ આ કામ કર્યું છે.અને અન્ય લોકો ને પણ આવા સેવાકીય કામ કરવા માટે આગળ આવવા પ્રાથના કરી હતી. આજે આ સેવાકીય કાર્ય માં શાળા ના આચાર્ય નરેશ ભાઈ પ્રજાપતી. સી.આર.સી.અને જિલ્લા સરાફી મંડળી ના ચેરમેન રમેશ ભાઈ પટેલ હજાર રહ્યા હતા.

શશીકલાના પ્રાંગણો...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સમર્થકો તેમજ પૂર્વ મુખ્યપ્રધાન જે જયલલિતાના કોદાંદ એસ્ટેટ સહિત રાજ્યભરમાં ૮૦ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દેશવ્યાપી પાડવામાં આવ્યા હતા.જેલમાં રહેલા શશીકલા અને તેમના સાથીઓની સાથે જોડાયેલા સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. આઈટીના અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ હતુ કે અન્નાદ્રમુકના નેતા ટીટીવી દિનાકરણ , શશીકલાના ભાઈ દિવાકરણના કોટ્ટાઇ આવાસ અને તેમના સમર્થકોના આવાસ તેમજ અન્ય પ્રાંગણો પર દરોડા પાડવામાં આવ્યા હતા. આઈટીના અધિકારીઓએ શશીકલાના ભત્રીજા વિવેક જયરામનના નિવાસસ્થાને પણ તપાસ કરી હતી. જયરામન હાલમાં જયા ટીવી અને જાજ સિને ટીવીની જવાબદારી સંભાળે છે. કુલ ૧૮૭ સ્થળો પર ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટની ટીમ દરોડા પાડતા તમિળનાડુની રાજનિતીમાં ભારે ચકચાર મચી ગઈ હતી. તપાસના ભાગરૂપે શેલ કંપનીઓ અને શંકાસ્પદ રોકાણ સામેલ છે. શશીકલા હાલમાં જેલમાં છે.

વાવ તાલુકા...

પાના નં.૮ ચાલુ

જયારે સૂઈગામ તાલુકા પંચાયત ઉપર ભાજપાનું શાસન છે જો કે ડીસે.૧૭ ની વિધાનસભા સીટ કોંગ્રસ તરફી આવતા ધારાસભ્ય પદે ગેનીબેન ઠાકોર ચૂંટાઈ આવતાં કોંગ્રેસ અગ્રણીઓ વાવ સૂઈગામ - ભાભર તાલુકા પંચાયત ઉપર કબજો જમાવતા મરણીયો પ્રયાસ કરી રહ્યા છે જો કે સામાપક્ષે પૂર્વ ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીની દેખરેખ હેઠળ ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોએ વિધાનસભાની ચૂંટણીનો બદલો લેવા વાવ-સૂઈગામ ભાભર તાલુકા પંચાયતમાં કમળ ખીલવવા મરણીયો પ્રયાસ કરી રહ્યો છે જો કે વાવ જિલ્લા પંચાયતની ઢીમાં - વાવ - માડકા ત્રણ સીટોમાંથી ૨ ઉપર કોંગ્રેસ અને ૧ ઉપર ભાજપનું પ્રભુત્વ છે

ધાનેરામાં પાલિકાની...

પાના નં.૮ ચાલુ

સોસાયટીમાં નગરપાલિકા કચેરીની પરવાનગી વગર ધાનેરાના ચૌધરી હોટલના માલિક ઈશ્વરભાઈ ચૌધરી, દ્વારકાધીશ હોટલ તથા કારગીલ હોટલના માલીકોએ તેમજ વોરવાસ વિસ્તારમાં રહેતા જુજરભાઈ અમીરભાઈ મોટરવાળા એ મનસ્વી રીતે ભૂગર્ભ ગટરમાં કનેકશન માટે ન.પાક.ચેરીના ધ્યાન બહાર તેમજ પૂર્વ મંજુરી મેળવ્યા વગર ચોરી છુપીથી રોડ તોડી નાંખ્યો હતો અને ન.પા.ને આર્થિક નુકશાન કરેલ છે જે માટે કોઈ પણ પ્રકારની કાયદાકીય મંજુરી લીધેલ નથી. આ બાબતે ધાનેરા નગર-પાલિકાના સત્તાધીશો દ્વારા ધાનેરા પોલીસને લેખીતમાં અરજી આપી સ્થળ સ્થિતિની તપાસ કરી. તેમજ ફરીયાદ નોંધવા પી.આઈને લેખીત જાણ કરાઈ છે. જે મુદો છે ધાનેરામાં ટોક.ઓફ ધી ટાઉન બની જવા પામ્યો છે.

લાખણી તાલુકામાં ...

પાના નં.૮ ચાલુ

તપાસ સમિતિ બનવવા ની પણ માંગ ઉઠી છે ત્યારે આ કૌભાંડને પાર પાડવામાં તલાટીઓની પણ મહત્વની ભૂમિકા નિભાવી હોવાનું તાલુકામાં ચર્ચાઈ રહ્યું છે કેમ કે ટેકાનો ભાવ મેળવવા ખેડૂતોને ૭/૧૨ ના ઉતારા અને ખેતરમાં વાવેતર કરેલ પાક માટે પાણીપત્રક બનાવવાનું હોય છે એટલે વચેટીઆઓ અને વેપારીઓ એ પોતાના વિશ્વાસું ખેડૂતોના ઉતારા લાવીને ગ્રામ પંચાયતના તલાટી પાસે ગાંધીછાપ નોટો આપી પાણીપત્રક બનાવીને ગેરરિતી આચરવામાં આવી છે. જેના પરિણામે સરકારની તિજોરીએ કરોડો રૂપિયાનો બોજ પડ્યો હશે તેમજ જગત ના તાત કેવતા ખેડૂતોના નામે કૌભાંડ કરનાર લોકો વિરુદ્ધ તાપસ સમિતિની રચના કરવામાં આવે તેવી તાલુકાના ખેડૂતોએ માંગ કરી છે અને જો આ કૌભાંડ દબાવવામાં આવશે તો આવનાર સમયમાં તેનું પરિણામ ભોગવવા તૈયાર રહેવાની ચીમકી પણ ખેડૂતો આપી રહ્યા છે.

જિલ્લામાં બટાટા...

પાના નં.૮ ચાલુ

ખર્ચાળ હોવાથી સાથે સાથે લાંબા સમય બાદ ફળ પાક આવે છે. ત્યાં સુધી ખેડુતોને ખર્ચ કરવો પડતો હોય છે. પણ જ્યારે ફળ આવે અને તેનું ઉત્પાદન થાય તે સમયે ભાવો ઘટી જતા ખેડુતવર્ગ ને દાડમની ખેતીમાં પરવડતુ નથી. જેથી નુકશાની ભોગવવી પડતી હોય છે. વળી આ વર્ષે જિલ્લામાં થયેલા ભારે વરસાદની અતિવૃષ્ટિના કારણે દાડમના પાકનું ઉત્પાદન પણ ઘટી જતાં ૫૦ ટકા જેટલુ ઉત્પાદન થઈ રહ્યું છે. તેમાંય પુરતા પ્રમાણમાં ભાવો ન મળતા ખેડુતોને પડતા પર પાટુ માર્યા સમાન છે.

બનાસકાંઠા જિલ્લામાં સૌપ્રથમ લાખણી તાલુકામાં દાડમની ખેતીની શરૂઆત થઈ હતી. ત્યારે આજે થરાદ ધાનેરા દિયોદર કાંકરેજ ડીસા, દાંતીવાડા જેવા અનેક વિસ્તારોમાં દાડમના ખેતરો જોવા મળી રહ્યા છે. જિલ્લાના ખેડુતોએ બટાટામાં ચાલી રહેલી મંદીના કારણે બટાટાના પાકને છોડી દાડમના પાકમાં સારી એવી કમાણી થતી હોવાથી દાડમની ખેતી તરફ વળેલા ખેડુતોને લા દાડમમાં પણ ભાવો ન મળતા નુકશાની ભોગવવાનો વારો આવ્યો છે. બટાટા અને દાડમના ઉત્પાદનમાં બનાસકાંઠા જિલ્લો મોખરે છે. તેમ છતાં જિલ્લામાં આ બન્ને પાકોને માટે કોઈ પ્રોસેસિંગ યુનિટની સ્થાપના થઈ નથી. જેથી ખેડુતોને બહારની બજારો પર આધારિત રહેવું પડે છે. અન્ય બજારોમાં મંદી ચાલે તો અ હીંના ખેડુતોને પીસાવાનો વારો આવી રહ્યો છે. જિલ્લામાં બટાટા અને દાડમના પાકને લઈ સ્થાનીક લેવલે કોઈ પ્રોસેસીંગ યુનિટની સ્થાપના થાય અને તેનુ માર્કેટીંગ થાય તો ચોક્કસ જિલ્લાના ખેડુતો દ્વારા ઉત્પાદન થતાં બટાટા અને દાડમના પાકનું મહત્વ વધી શકે છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા આ અંગે કોઈ ગંભીરતાભર્યુ પગલુ વિચારશે ખરા?

ઉત્તરાયણ બાદ ટીમ રાહુલને લઇને ચિત્ર સ્પષ્ટ થઇ શકે

નવી દિલ્હી

કોંગ્રેસના પ્રમુખ તરીકે રાહુલ ગાંધીની તાજપોશીને બે સપ્તાહથી વધારે સમય થઇ ગયો હોવા છતાં હજુ સુધી તેમની ટીમને લઇને કોઇ ચિત્ર સ્પષ્ટ થઇ રહ્યુ નથી. કોંગ્રેસમાં હાલમાં એજ ટીમ કામ કરી રહી છે જે પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીની હતી. રાહુલે હાલમાં સંગઠનમાં ફેરફાર કરવા માટેની કોઇ ઉતાવળ દર્શાવી નથી. અલબત્ત ટીમને લઇને કવાયત અને ચર્ચા ચાલી રહી છે. એમ માનવામાં આવે છે કે રાહુલ ગાંધી ટીમને લઇને અંતિમ નિર્ણય માતા સોનિયા ગાંધી અને બહેન પ્રિયંકા વાઢેરા ગાધી સાથે કર્યા બાદ કરશે. ઉત્તરાયણ બાદ જ કોઇ નિર્ણય કરવામાં આવી શકે છે. સંગઠનમાં ફેરફાર ચોક્કસપણે કરવામાં આવનાર છે. હકીકત એ છે કે ટીમ રાહુલમાં જે કઇ પણ ફેરફાર થશે તે લોકસભાની સાથે સાથે કેટલાક રાજ્યોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને કરવામાં આવનાર છે. હજુ પણ સોનિયા ગાંધીની કોર ટીમ જ મોટા ભાગના મામલામાં રણનિતી નક્કી કરી રહી છે. જેમાં અહેમદ પટેલ અને મોતીલાલ વોરા જેવા નેતા સામેલ છે. જો કે સંગઠનમાં હાલમાં એક મોટો પ્રશ્ન અહેમદ પટેલની ભૂમિકાને લઈને છે. પટેલ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના રાજકીય સચિવ તરીકે છે. આવનાર દિવસોમાં તેમની ભૂમિકા શુ રહેશે તેને લઈને કોઈ વાત હજુ સુધી કરવામાં આવી નથી. રાહુલ ગાંધીના રાજકીય સચિવ કોણ રહેશે તે અંગે કોઈ નિર્ણય કરાયો નથી. કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ કહ્યુ છે કે પટેલ સોનિયા ગાંધીના નહીં બલ્કે કોંગ્રેસના પ્રમુખના રાજકીય સચિવ તરીકે કામ કરે છે. હાઈ કમાન્ડ ઈચ્છે તો હાલમાં આ વ્યવસ્થા જારી રાખવામાં આવી શકે છે. એક સમય સોનિયા ગાંધી અને પટેલ વચ્ચે ખુબ અંતરની સ્થિતી હતી.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર(કીલોના)	
ચાંદી ચોરસા	**૩૮૫૦૦-૩૮૮૦૦**
રૂપુ કાચું	૩૮૫૦૦-૩૮૮૦૦
સોનુ તોલો	૨૯૬૦૦-૨૯૮૦૦
તેલ બજાર	
રાધે પામોલીન	**૧૦૫૦**
પામોલીન	૧૦૪૦
સોયા રીફાઈન	૧૩૭૦
રાયડાતેલ ૧૫કી.	૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી.	૧૫૫૦-૧૬૪૦
સીંગતેલ ૧૫ લી.	૧૫૫૦
સીગતેલ ૫ લી.	૫૦૫
તિરૂપતી કપા.	૧૨૫૦
૫ લીટર	૩૯૫
વનસ્પતિ ઘી	૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો	૩૨૦૦
૫ કે. કોપરેલ	૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ	૫૧૦
૧૫ લીટર સનફલાય	**૧૨૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી.	૧૨૬૦
૫ લી.	૪૬૦
૨ લી.	૧૬૩
ચોખા-દાળ બજાર	
(૧૦૦ કીલોના ભાવ)	
કીચન ચેમ્પીયન કલાસીક	૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર	૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર	૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર	૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના	૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર	૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર	૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા	૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા	૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન	૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક	૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક	૯૫૦૦
દાવત સ્પેસીયલ	૭૮૦૦
દાવત	૭૭૦૦
દાવત તીબાર	૭૭૦૦
દાવત દિલખુશ	૭૮૦૦
દાવત રોજાના	૬૮૦૦
દાવત મોગરા	૪૮૦૦
દાવત મીની મોગરા	૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.	૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.	૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.	૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.	૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.	૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.	૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.	૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.	૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.	૮૦૦૦
દુન પ્રીમીયમ	૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.	૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.	૭૨૦૦
નર્મદા મગ પોલીસ	૫૯૫૦
મગદાળ નર્મદા સુપર	૬૦૦૦
નર્મદા મગ મોગર	૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી	૬૯૦૦
નર્મદા અડદદાળ	૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના	૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો	૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી	૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા	૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા	૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫	૯૦૦૦
તુવરદાળ ખીડીયાર	૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક	૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ	૮૦૦૦
લાલ કીલ્લો તીબાર	૭૦૦૦
લાલ કિલ્લો દુબાર	૫૫૦૦
લાલ કિલ્લો મોગરો	૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ	૯૦૦૦
હેરીટેજ તીબાર	૭૮૦૦
હેરીટેજ દુબાર	૬૦૦૦
હેરીટેજ મીની દુબા	૫૦૦૦
કાયનાત પી	૮૫૦૦
કાયનાત સુપર	૮૧૦૦
કાયનાત	૬૮૦૦
રાજા બાસમતી	૪૦૦૦
કુરૂક્ષેત્ર	૫૮૦૦
એપ્પલ પ્રીમીય	૪૮૦૦
ઓરેન્જ	૬૦૦૦
દાવત અપ્સરા	૫૦૦૦
જીરાસર ચંદન	૩૮૦૦
ચણાદાળ ૪૪૪	૭૧૦૦
મગદાળ સમરદીપ	૭૨૦૦
મગમોગર રીયલ	૮૦૦૦
અડદદાળ અક્ષર	૮૩૦૦૦
મગ	૫૭૦૦
અંગુર તુવેરદાળ	૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી	૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ	૬૦૦૦
કિસાન તુવેરદાળ	૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ	૬૦૦૦
પરખ સ્પેશીયલ	૫૨૦૦
લાલપરી તીબાર જુના	૪૨૦૦
લાલપરી દુબાર જુના	૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા	૪૪૦૦
લાલપરી દુબાર નવા	૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી	૪૦૦૦
લાલમંદિર બાસમતી	૩૬૦૦
ખાંડ બજાર	
(બોરીના ભાવ)	
ખાંડ એસ.	**૩૫૫૦-૩૬૫૦**
ખાંડ એમ.	**૩૬૫૦-૩૭૫૦**
ખાંડએલ.	૩૬૦૦
ચા-બજાર	
સુરજ છાપ ચા	૩૦૦
હરણ છાપ ચા	૨૨૦
આખા મરચાં-હળદર	
હળદર આખી રાજાપુરી	૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા	૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ	૯૦
હળદર તળેલી સાંગલી	૮૦
મરચા વન્ડર હાટ	૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ	૧૭૦૦
મરચા તેજા	૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ	૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો	૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ	૧૯૦૦
કાશ્મીરી	૯૦
કાશ્મીરી મમરી	૯૦
સુપર પટની ૧૦૫	
સુપર રજવાડી	૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫	
મરચાં	૫૮૦૦
ગોળ બજાર	
વડેચા ગોલ્ડ ૧૦ કે	૪૪૦૦
વડેચા રજી ૧૦ કે.	૪૬૦૦
વડેચા ૫ કી.	૪૮૦૦
વડેચા ૧ કી.	૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ	૫૦૦૦
સાંગલી ૧૦ કે.	૪૩૦૦
ખોળ બજાર	
દાણ ૭૦ કી.ગ્રા.	૬૫૦
મોરબી ખોળ	૧૦૫૦-૧૧૦૦
જીરાળુ	૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા.	૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા.	૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.	૫૭૦
પરચુરણ	
સોજી	૭૮૦
મેંદો	૭૧૦
શ્રીફળ એમ.	૮૮૦
નિરમા સાબુ	૫૨૫
મેદી	૬૦-૧૦૦
અજમો	૧૪૦-૧૭૦
સાકરીયા	૪૪૦૦
ખાંડ બુરૂ	૪૪૦૦
કોકમ ફુલ	૧૮૦
એલચી	૯૦૦-૧૧૦૦
મોરૈયો	૬૫-૯૪
તલ	૯૦-૧૦૦
ખસ-ખસ	૩૫૦-૫૮૦
સીંગદાણા	૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)	
દુધી	૨૦૦-૨૪૦
સુકી ડુંગળી	૬૦૦-૭૦૦
લસણ	૭૦૦-૮૦૦
ધાણા	૬૦૦-૮૦૦
મરચાં	૪૦૦-૫૦૦
લીંબુ	૩૦૦-૪૦૦
અડવી પત્તા	૨૦૦-૩૦૦
આદુ	૬૦૦-૭૦૦
રીંગણ	૩૦૦-૪૦૦
ટામેટા	૧૨૦-૧૪૦
ભીંડા	૭૦૦-૮૦૦
કોબી	૧૦૦-૩૦૦
વટાણા	૫૦૦-૬૦૦
ટીંડસા	૫૦૦-૬૦૦
ગવાર	૯૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા	૧૪૦-૨૦૦
સાંગા બટાકા	૧૨૦- ૧૪૦
ચોળી	૪૦૦-૮૦૦
તુરીયા	૩૦૦-૬૦૦
તુવેર	૬૦૦-૮૦૦

સ્મિથે સચિનને પાછળ છોડતા સૌથી ઓછી ઈનિંગમાં ૨૨મી સદી ફટકારી

એશિઝ સિરીઝની ત્રીજી ટેસ્ટના ત્રીજા દિવસે ઓસ્ટ્રેલિયાઇ કેપ્ટન સ્ટીવ સ્મિથે ૨૨મી ટેસ્ટ સદી નોંધાવી. આ સાથે ઓછી ઈનિંગમાં ૨૨ સદી પૂર્ણ કરવાના મામલે સ્મિથે માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરને પાછળ રાખી દીધા છે. ઈંગ્લેન્ડ વિરુદ્ધ પર્ત ટેસ્ટમાં સ્મિથની સદીથી ઓસ્ટ્રેલિયાએ પોતાની સ્થિતિ મજબુત બનવા લીધી છે.

૨૮ વર્ષના સ્મિથે પોતાની ૧૦૮મી ઈનિંગમાં આ ઉપલબ્ધિ હાંસલ કરી છે. જ્યારે સચિનનો અહીં સુધી પહોંચવા માટે ૧૧૪ ઈનિંગ રમવી પડી હતી. પરંતુ સૌથી ઓછી ઈનિંગમાં ૨૨ સદીનો વર્લ્ડ રેકોર્ડની વાત કરીએ તો આ રેકોર્ડ સર ડોન બ્રેડમેનના નામે છે. તેમણે માત્ર ૫૮ ઈનિંગમાં આટલી સદી નોંધાવી હતી.

ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર સ્ટીવ સ્મિથે પોતાની સદીથી વધુ એક ઉપલબ્ધિ હાંસલ કરી છે. સ્મિથે પોતાના ટેસ્ટ કેરિયરમાં સતત ચોથા વર્ષે ૧૦૦૦ રન પૂર્ણ કર્યા. આ મામલામાં તેણે વેસ્ટઈન્ડિઝના દિગ્ગજ બ્રાયન લારા, ઈંગ્લેન્ડના માર્ક્સ ટ્રેસ્કોથિક અને કેવિન પીટરસનને પાછળ છોડી દીધા છે. જેમણે સતત ત્રણ વર્ષ ૧૦૦૦ રન બનાવ્યા હતા.

ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઓછી ઈનિંગમાં ૨૨ સદી :

૫૮ ઈનિંગ – ડોન બ્રેડમેન
૧૦૧ ઈનિંગ – સુનીલ ગાવસ્કર
૧૦૮ ઈનિંગ – સ્ટીવ સ્મિથ
૧૧૪ ઈનિંગ – સચિન તેન્ડુલકર

સેહવાગ આઈસ ક્રિકેટમાં ભાગ લેશે

(જી.એન.એસ) ન્યુ દિલ્હી

ગ્રેમ સ્મિથ અને શાહિદ આફ્રિદી સ્વિટ્ઝર્લૅન્ડમાં બે દિવસના કાર્યક્રમની ૮-૯ ફેબ્રુઆરીએ યોજાનાર પ્રથમ સેન્ટ મોરીટેઝ આઈસ ક્રિકેટમાં રમવા માટે અન્ય ટોચના ભૂતપૂર્વ ખેલાડીઓ સાથે જોડાયા છે. આફ્રિદીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતિ લીધા પછી તે આ સ્પર્ધામાં નિયમિતપણે રમી રહ્યો છે, પણ સ્મિથ ફેબ્રુઆરી ૨૦૧૬માં માસ્ટર્સ ચેમ્પિયન્સ લીગમાં ભાગ લીધા પછી તેમાં પહેલી વાર રમશે. ભાગ લેનાર અન્ય ક્રિકેટ સીતારા છે વિરેન્દર સેહવાગ, મોહંમદ કૈફ, શોએબ અખ્તર, માહેલા જયવર્દને, લસીથ મલીન્ગા, માઈકલ હસી, જેક કેલીસ, ડેનિયલ વેટોરી, નેથન મેકલમ, ગ્રાન્ટ એલીયટ, મોન્ટી પનેસર, ઓવેસ શાહ. આયોજક વી. જે. સ્પોટ્ર્સનો દાવો છે કે સ્પર્ધાને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી) તરફથી માન્યતા મળી ચૂકી છે. ખેલાડીઓ લાલ બોલ સહિત પ્રણાલીગત ક્રિકેટના સાધન વાપરશે પણ સ્પાઈકના બદલે સ્પોટ્રસના બુટ પહેરશે. મેચો મેટીંગ પીચ પર રમાશે.

પુજારા

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

જ્યારે મિચેલ માર્શ ૪૪ ક્રમ ઉપર ચઢીને ૬૫માં ક્રમે છે. જોની બેરશો એક ક્રમ ઉપર ચઢીને ૧૫ અને ઉસ્માન ખ્વાજા બે ક્રમ ચઢીને ૧૯માં સ્થાન પર છે. બીજી તરફ ભારતીય ક્રિકેટ ટીમની શ્રીલંકા સામે વનડે સીરીઝમાં જીત પછી કેપ્ટનની ભૂમિકા ભજવી રહેલા રોહિત શર્માએ પણ આઈસીસી વનડે રેંકિંગમાં પાંચમુ સ્થાન મેળવી લીધું છે. આ રેકિંગમાં વિરાટ કોહલી હજુ પણ ટોપ ઉપર છે જ્યારે સાઉથ આફ્રિકાના એબી ડિવિલિયર્સ બીજા, ઓસ્ટ્રેલિયાના ડેવિડ વોર્નર ત્રીજા અને પાકનો બાબર આઝમ ચોથા નંબર છે.

મહિલા ક્રિકેટર એશ્લઈ ગાર્ડનરે ૧૦ છગ્ગા ફટકારી ઈતિહાસ રચ્યો

વિમેન્સ બિગ બેશ લીગ ૨૦૧૭-૧૮ સીઝનમાં સિડની સ્કિસર્સની બેટ્સમેન એશ્લઇ ગાર્ડનરે ધમાકેદાર અંદાજમાં બેટિંગ કરતાં સદી ફટકારી છે. પોતાની ઈનિમગ દરમિયાન તે ખૂબ જ આક્રમક અંદાજમાં જોવી મળી હતી. આ સાથે જ ગાર્ડનર આ સિઝનમાં સોથી ઝડપી સદી ફટકારનાર ક્રિકેટર બની ગઇ છે. ટી-૨૦ ફોર્મેટમાં ક્રિકેટરકો વારનવાર રેકોર્ડ તોડતાં જોવા મળે છે.

પુરુષ પ્રિકેટની વાત કરીએ તો ક્રિસ ગેલે આઉપીએલમાં સૌથી ઝડપી સદી ફટકારવાનો રેકોર્ડ પોતાને નામ કર્યો છે. આ મેચમાં જ સિડની સિક્સર્સની બેટ્સમેન એલિસી પેરીએ પણ ધમાકેદાર બેટિંગ કરતાં ૪૯ બોલમાં ૯૧ રન ફટકાર્યા હતાં. પરંતુ તે સદી ફટકારવામાં અસફળ રહી હતી.

ગાર્ડનરે ૫૨ બોલમાં ૧૧૪ રનની ઈનિંગમાં ૯ ફોર અને ૧૦ સિક્સ ફટકારી હતી. ઓસ્ટ્રેલિયા માટે ૧૨ વનડે અને ૬ ટી-૨૦ મેચ રમનારી ગાર્ડનર આ સમયે મહિલા બિગ બેશ લીગની સિડની સિક્સર્સની ટીમ તરફથી રકમી રહી છે.

ગાર્ડનર અને પેરીની ધમાકેદાર ઈનિંગના કારણે સિડની સિક્સર્સે૨૦ ઓવરોમાં ૪ વિકેટ પર ૨૪૨ રન ખડકી દીધાં હતાં. મેલબર્ન સ્ટાર્સની ટામ આ લક્ષ્ય સુધી પહોંચી ન શકી અને ટીમે ૨૦ ઓવરમાં ૭ વિકેટ પર ૧૫૬ રન બનાવ્યાં હતાં.

રિતુ ફોગાટને અંડર-૨૩ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો

ભારતીય મહિલા રેસલર રિતુ ફોગાટે અંડર-૨૩ સિનિયર વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો હતો. પોલેન્ડમાં ચાલી રહેલી આ ચેમ્પિયનશિપમાં રિતુને ૪૮ કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ મેડલ માટેના મુકાબલામાં હારનો સામનો કરવો પડયો હતો. ૨૩ વર્ષીય રિતુએ ગત વર્ષે કોમનવેલ્થ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો પરંતુ તે પોતાના ગોલ્ડન પ્રદર્શનને દોહરાવી શકી નહોતી. રિતુને તુર્કીની મહિલા રેસલર દેમિરહાને પરાજય આપતાં સિલ્વર મેડલથી સંતોષ માનવો પડયો હતો.

આ પહેલાં રિતુએ ક્વાર્ટર ફાઇનલમાં બલ્ગેરિયાની સેલિષ્કાને ૪-૨થી પરાજય આપ્યો હતો જ્યારે સેમિફાઇનલમાં રિતુએ ચીનની રેસલર જિયાંગ ઝૂને ૪-૩થી હરાવી ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું. રિતુએ આ પહેલાં ઇંદોરમાં યોજાયેલી નેશનલ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો જ્યારે ગત મે મહિનામાં યોજાયેલી એશિયન ચેમ્પિયનશિપમાં પણ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

આશિષ નેહરા આઈપીએલની એક ટીમનો કોચ બને તેવી શક્યતા

ભારતીય ક્રિકેટમાં પોતાના શાનદાર છાપ છોડનાર પૂર્વ ફાસ્ટ બૉલર આશીષ નહેરા હવે યંગ પ્લેયર્સને ફાસ્ટ બૉલિંગ કરવાની ટ્રેનિંગ આપશે. તાજેતરમાં ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ પોતાની છેલ્લી ્-૨૦ મેચ રમીને ક્રિકેટમાં સંન્યાસ લેનાર આશીષ નહેરા હાલમાં ક્રિકેટ કૉમેન્ટેટર તરીકે જોવા મળી રહ્યા છે.

સૂત્રોનુસાર, આશીષ નહેરા ઁન્ની એક ટીંમની સાથે કોચ તરીકે જોડાવવાની તૈયારી કરી રહ્યા છે. આ ટીમ બીજી કોઇ નહી પરંતુ રૉયલ ચેલેન્જર્સ બેંગલોર (ઇઝ્મ)ની ટીમ છે. ઇઝ્મની કેપ્ટન્સી ટીમ ઇન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીની પાસે છે એટલે કે વિરાટની કેપ્ટન્સીમાં રમી ચૂકેલા આશીષ નહેરા હવે વિરાટ કોહલી અને ઇઝ્મની ટીમને ક્રિકેટ ટિપ્સ આપશે.

તમને જણાવી દઇએ કે, ક્રિકેટ કરિયરમાં ઘણી ઇજાઓ થવા છતાં આશીષ નહેરાએ લગભગ ૧૯ વર્ષ સુધી ઇન્ટરનેશનલ ક્રિકેટ રમ્યા. તે મોટેભાગે ઇજાઓને કારણે ટીમ ઇન્ડિયામાંથી અંદર-બહાર રહેતા. પોતાના ઇન્ટરનેશનલ કરિયર દરમિયાન લગભગ ૧૨ ગંભીર ઇજા પહોંચ્યા છતાં આશીષ નહેરા ટીમ ઇન્ડિયામાંથી ડ્રોપ થયો, પરંતુ પોતાના ફોર્મને કારણે ટીમ ઇન્ડિયામાંથી ક્યારેય બહાર ન થયા હતા.

ભારત સામે અફઘાનિસ્તાન પ્રથમ ટેસ્ટ રમશે

અફઘાનિસ્તાન પોતાની પ્રથમ ટેસ્ટ મેચ ભારત સામે રમશે. આ ટેસ્ટ મેચનુ આયોજન ભારતમાં કરવામાં આવશે. બીસીસીઆઈના કાર્યકારી સચિવ અમિતાભ ચૌધરીએ બોર્ડની વિશેષ સાધારણ બેઠક બાદ આ અંગેની જાહેરાત કરી. ચૌધરીએ જણાવ્યુ કે, અફઘાનિસ્તાનને ચાલુ વર્ષે આઈસીસીએ ટેસ્ટનો દરજ્જો આપ્યો છે. અફઘાનિસ્તાનની સાથે ભારતના ખાસ સંબંધને જોતા અમે આ દેશની સાથે પ્રથમ ટેસ્ટ મેચ રમવાનો નિર્ણય કર્યો છે.

આ મેચ ભારતમાં રમાશે. જેની તારીખોની જાહેરાત આગામી સમયમાં કરવામાં આવશે. પહેલા અફઘાનિસ્તાનની ૨૦૧૯માં ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ પ્રથમ ટેસ્ટ રમવાની યોજના હતી, પરંતુ હવે અમારે પહેલા તેની મેજબાની કરવાની છે. બીસીસીઆઈએ સૈદ્ધાંતિક રુપથી ૨૦૧૯-૨૦૨૩ સુધી ફ્યૂચર ટૂર્સ પ્રોગ્રામ અંતર્ગત કુલ ૮૧ મેચોની મેજબાની કરવાનો નિર્ણય કર્યો છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ....જ.તા. ....ઉ.વ.
પરિચય: ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....

CMYK

Website : www.rakhewaldaliy.com
E-mail : rakhewal@gmail.com
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

વડાલીના ચામુંડા મંદિરમાં તસ્કરો ત્રાટકયાઃ દાનપેટીમાંથી રોકડની ચોરી

વડાલી

વડાલીના ચામુંડા માતાજીના મંદિરમાં ચોરી થતાં ચકચાર મચી જવા પામી હતી. તસ્કરો દાનપેટી તોડી અંદરથી રોકડ રકમ ચોરી ગયા હતા. જો કે મંદિરના સીસીટીવી કેમેરામાં તસ્કરો દેખાયા હોવાનું સામે આવ્યું છે. જાણવા મુજબ વડાલીના શુરાવાસમાં રોડ પર આવેલા ચામુંડા માતાજીના મંદિરમાં મધ્યરાત્રીએ અજાણ્યા ત્રણ શખ્સો મંદિરમાં ઘુસ્યા હતાં તેઓએ મુખ્ય દરવાજાના તાળા તોડી તસ્કરોએ મંદિરમાં જઈને દાનપેટી તોડી અંદરથી રોકડ રકમ ચોરી કરી નાસી ગયા હતા. હવે સીસી કેમેરા મારફતે તસ્કરો સુધી પોલીસ પહોંચશે તેવી શક્યતા જણાય છે. વડાલીમાં શિયાળાની રાત્રી દરમ્યાન કડક પોલીસ પેટ્રોલીંગ હાથ ધરવામાં આવે તો ચોરીના બનાવોને નાથી શકાય.

ચાણસ્મા ખાતે કોલેજ કક્ષાની યુનિવર્સિટી વ્યાખ્યાનમાળા યોજાઈ

ચાણસ્મા

“નિમા મેમોરિયલ” ગ્રામ વિકાસ ટ્રસ્ટ, રૂપપુર-ચાણસ્મા સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્મામાં તા.૨૦-૧૨-૨૦૧૭ ને ગુરૂવારના રોજ કોલેજ કક્ષાની યુનિવર્સિટી વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવેલ. મહિલા કોલેજ, ઉંઝાના પ્રિ.ડૉ. લીલાબેન એમ. સ્વામીએ ‘ભારતીય કર વ્યવસ્થાના સુધારાઓ અને તેની અસરો’ વિષે અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપ્યું. સંસ્થાના આચાર્ય પ્રિ.ડૉ. રોહિતકુમાર દેસાઈએ અધ્યક્ષીય પ્રવચન કર્યુ. સાંસ્કૃતિક પ્રવૃતિના ઉપક્રમે યોજાયેલ આ વ્યાખ્યાનમાં કન્વીનર પ્રા.ડી.એલ. ભાવસાર અને પ્રા.જે.વી. પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું અને કાર્યક્રમનું સફળ સંચાલન કયું હતું.

વિસનગરમાં ભડકેલી ગાયે એક જ પરિવારના ત્રણને ફંગોળતાં ઈજા

વિસનગર

વિસનગરમાં સિવિલ હોસ્પિટલ નજીક ભડકેલી ગાયે ત્રણ લોકોને અડફેટે લઇ ઈજા પહોંચાડતાં દોડધામ મચી હતી. પાલિકાના કર્મીઓએ ભારે જહેમત બાદ ગાયને સલામત સ્થળે ખસેડતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. વિસનગર શહેરના ત્રણ દરવાજા નજીક રખડતી ગાય સોમવારે ભડકીને સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાં ઘૂસી ગઇ હતી અને સિવિલના પાછળના ભાગે રહેતા વિજય ઈશ્વરભાઇ દેવીપૂજક, તેમની પત્ની ભાવના અને પિતા ઈશ્વરભાઇ દેવીપૂજકને અડફેટે લેતાં ઈજા પહોંચી હતી. આ અંગે પાલિકાને જાણ કરાતાં કર્મચારીઓ ગાય પકડવાનું પાંજરૂ લઇ દોડી આવી પકડવા ભારે જહેમત ઉઠાવી હતી, પરંતુ ગાય ત્યાંથી નીકળી જતાં ડોસાભાઇ બાગના પાછળના ભાગે સલામત સ્થળે ખસેડાઇ હતી. પાલિકાના સૂત્રોએ જણાવ્યું કે, ગાયને હાલ સલામત સ્થળે ખસેડાઇ છે, બે દિવસ બાદ પકડી બીજે લઇ જવાશે.

વિવિધ બજાર ભાવ

	લાખણી
એરંડા	૮૨૦-૮૨૮
રાયડો	૬૫૮-૬૮૧
ર.બાજરી	૩૦૦-૩૫૧
કપાસ	૧૦૦૦-૧૦૨૮
	પાલનપુર
ઘઉં	૩૨૬-૩૬૯
બાજરી	૨૧૧-૨૭૧
એરંડા	૮૪૬-૮૫૩
રાયડો	૬૬૮-૬૮૦
મગફળી	૬૭૦-૮૨૭
રાજગરો	૮૦૭-૮૨૯
	વડગામ
ઘઉં	૩૨૫-૩૭૬
બાજરી	૨૨૫-૨૪૦
એરંડા	૮૫૧
મગફળી	૭૩૧-૭૯૫
ગવાર	૭૨૫-૭૭૧
	થરાદ
એરંડા	૮૨૫-૮૩૮
જીરૂ	૩૦૦૦-૩૮૫૦
મગફળી	૭૦૦-૮૧૮
મેથી	૩૬૧-૬૭૧
તલ	૧૩૩૫-૧૬૬૧
ગવાર	૭૪૫-૭૮૦
મગ	૮૫૦-૧૦૦૦
મઠ	૫૯૦-૬૧૮
રાયડો	૬૮૦-૭૦૦
	રાહ
એરંડા	૮૩૫-૮૪૫
રાયડો	૬૮૦-૬૯૦
બાજરી	૩૩૦-૩૭૫
ચીકુડી	૮૭૦-૯૦૫
	ધાનેરા
ઘઉં	૩૦૦-૩૩૨
બાજરી	૨૪૫-૨૯૦
મગ	૯૪૫-૯૮૪
ગવાર	૭૧૧-૭૬૮
બીજડા	૧૩૮૧
મગફળી	૬૫૦-૮૦૧
સરસવ	૬૦૦-૭૦૩
રાયડો	૬૫૦-૬૯૧
એરંડા	૮૨૬-૮૪૧
ઈસ.	૧૮૯૦
જીરૂ	૩૫૫૧-૩૭૨૦
તલ	૧૪૭૦-૧૭૩૩
મેથી	૫૭૦-૫૮૭
સુવા	૯૨૯-૯૬૬
વરી.	૧૦૭૦
રાજગરો	૭૫૦-૮૧૧

અજમો	૭૩૯
અન્ય	૫૦૦-૬૦૦
	ભીલડી
એરંડા	૮૩૯-૮૫૦
રાયડો	૬૬૫-૬૭૩
બાજરી	૨૩૨-૨૬૧
ઘઉં	૩૨૮-૩૫૦
ગવાર	૭૪૮-૭૭૮
તલ	૧૬૫૦-૧૬૯૫
અડદ	૭૪૦-૮૧૧
મગફળી	૭૫૦-૮૦૦
કપાસ	૯૨૬-૧૦૧૮
	પાટણ
એરંડા	૮૪૦-૮૬૫
મેથી	૪૮૧-૫૫૦
સુવા	૯૨૦-૯૬૭
રાયડો	૬૩૦-૬૮૩
જીરૂ	૨૪૦૦-૩૮૭૭
વરી.	૧૦૨૧-૧૨૦૦
જુવાર	૫૬૨-૬૬૦
તલ	૧૩૦૦-૧૬૦૦
ઘઉં	૩૨૦-૩૬૫
બાજરી	૨૪૦-૨૬૯
બંટી	૩૫૫-૩૭૭
અજમો	૧૦૦૦-૧૪૫૦
મગ	૮૯૧
અડદ	૭૪૦-૯૩૧
ગવાર	૭૪૦-૭૯૮
કપાસ	૧૦૦૦-૧૦૭૫
	થરા
જીરૂ	૩૬૦૦-૩૮૧૫
એરંડા	૮૪૩-૮૪૬
રાયડો	૬૬૦-૬૬૨
ગવાર	૭૪૦-૭૭૩
ઘઉં	૩૨૧-૩૫૬
બાજરી	૨૪૨-૨૬૩
તલ	૧૬૫૦-૨૦૧૨
અડદ	૭૫૦-૮૩૧
બંટી	૩૬૦-૩૬૫
મગફળી	૯૦૦
	સિદ્ધપુર
ઘઉં	૩૩૭-૩૯૨
બાજરી	૨૦૦-૨૬૫
જુવાર	૫૩૯-૬૮૫
એરંડા	૮૦૮-૮૫૭
મગ	૬૭૦-૭૮૩
અડદ	૬૩૦-૯૮૪
રાયડો	૬૭૪-૬૮૮
ગવાર	૭૨૦-૭૮૬
ચોળા	૭૮૬
કપાસ	૯૩૮-૧૦૭૩

નેશનલ હાઈવે પરથી શામળાજી પોલીસે રૂા.૯.૬૦ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

મોડાસા

નેશનલ હાઈવે માર્ગના અણસોલ સ્ટેન્ડ પાસેથી પસાર થતાં ટ્રક કન્ટેઈનરમાં ભરેલા પરચૂરણ સર સામાનની આડમાં છૂપાવેલો રૂા.૯.૬૦ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. શામળાજી પોલીસે ૧૯૨૦ બોટલો કબજે કરી ભાગી છૂટેલા ચાલક (આરોપી) ને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

શામળાજી પોલીસ સબ ઈન્સ્પેકટર એન.એમ.ચૌધરી સહિત ટીમ દ્વારા ગત રવિવારે સાંજે નેશનલ હાઈવે પર નાકાબંધી કરાઈ હતી ત્યારે રાજસ્થાન તરફથી પુરઝડપે આવી રહેલ ટ્રક કન્ટેઈનરનો ચાલક પોલીસ નાકાબંધી જોઈ રસ્તા પર ટ્રક મુકી નાસી છૂટ્યો હતો.

પોલીસે તપાસ ચલાવતા એક મોટા કાર્ટુનની આડમાં વિદેશી દારૂની ૧૬૦ પેટીનો જથ્થો ઝડપી પાડયો હતો. રૂા.૯.૬૦ લાખનો દારૂ અને ૧૦ લાખની ટ્રક સાથે કુલ રૂા.૧૯.૬૦ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો. નાસી છૂટેલા ટ્રક ચાલકની શોધખોળ ચલાવવામાં આવી છે.

પાટણમાં મહિલાઓએ આંખ લાલ કરી મોબાઈલ ટાવરની કામગીરી અટકાવી

(જી.પ્રતિનિધિ) પાટણ

પાટણ શહેરના પદ્મનાભ ચાર રસ્તા નજીકની પદ્મના ભનગર અને માધવનગર સોસાયટીના સોસાયટીના પ્લોટમાં રિલાયન્સ કંપનીનો મોબાઈલ ટાવર ઉભો કરવા મંગળવારે કામગીરી હાથ ધરાતાં જ મહીલાઓ અને રહીશોએ લાલ આંખ કરીને કામગીરીને અટકાવવાની ફરજ પાડી હતી.

અત્રે નોંધનીય છેકે પ્લોટના માલિકે ભાડા પટ્ટે પ્લોટ ટાવર માટે આપતાં ટાવરના રેડિયેશનથી સ્વાસ્થ્ય ઉપર માઠી અસર થવાની ભીતિ સાથે રહિશો દ્વારા તાજેતરમાં જ નગરપાલિકા અને જિલ્લા કલેકટરને આવદનપત્ર આપી વિરોધ કરી ટાવર ન નાખવા માંગ કરાઇ હતી. તેમ છતાં કંપનીના માણસો દ્વારા મંગળવારના રોજ મોબાઇલ ટાવર ઉભુ કરવાની કામગીરી હાથ ધરાતા સોસાયટીના રહિશો રોષે ભરાયા હતા અને કામ બંધ કરાવ્યુ હતું. આ વિસ્તારના કોર્પોરેટર ધેમરભાઇ દેસાઇએ પણ કામગીરી અટકાવવામા સહકાર આપ્યો હતો.

ઊંઝા ખાતે શ્રી બહારગામ કડવા પાટીદાર પરિવારનો નવમો વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજાયો

ઊંઝા

જય અંબે પાર્ટીપ્લોટ, ઊંઝા ખાતે શ્રી બહારગામ કડવા પાટીદાર પરિવાર, ઊંઝાનો નવમો વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ સંસ્થાના સ્થાપક પ્રમુખશ્રી ભીખાભાઇ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. ઊંઝા ખાતે ૧૮ કડવા પાટીદાર સમાજના ૧૨૦૦ પરિવારો વસવાટ કરે છે. આ પ્રસંગે બહારગામ કડવા પાટીદાર સમાજના ૫૪ તેજસ્વી તારલાઓને ઈનામ આપી સન્માન કરાયું હતું. ઈનામદાતા દિનેશભાઇ પટેલ અને અન્ય મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૨૦૦ પરિવારોએ સમુહ ભોજન કર્યુ હતું. ભોજન દાતાઓનું પણ શાલ અને પુષ્પગુચ્છ આપી સન્માન કરાયું હતું. આ પ્રસંગે નાટય અકાદમી, ગાંધીનગર દ્વારા સામાજીક અને હાસ્યથી ભરપુર નાટક “લગ્ન કાર્યાને લોચા પડયા” કલાકારોએ રજુ કર્યું હતું. લોકોએ ભરપેટ માણ્યું હતું. સંસ્થાના સ્વાપક પ્રમુખશ્રી ભીખાભાઇ પટેલે જણાવ્યું હતું કે, કડવા પાટીદાર સમાજના ૧૮ સમાજો ભેગા મળી મજબુત સંગઠ્ઠન બનાવ્યું છે. મજબુત સંગઠ્ઠનથી સમાજનો વિકાસ થાય સમાજની ક્રેડીટ સોસાયટીનો લાભ લેવા તેમજ તેજસ્વી તારલાઓને અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે બહારગામ સમાજના સભ્ય અને ઊંઝા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય ડૉ. આશાબેન પટેલનું સન્માન કરાયું હતું. ડૉ.આશાબેન પટેલે જણાવ્યું હતું કે, ઊંઝા મત વિસ્તારના લોકો અને સમાજના લોકોએ મુકેલા વિશ્વાસને એળે જવા નહીં દઉ. તમામ જ્ઞાતિઓનો સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહીશ.કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ઉપપ્રમુખ મહેશભાઇ પટેલ અને જયંતીભાઇ પટેલ, મંત્રી ધનશ્યામભાઇ પટેલ અને જયેશભાઇ પટેલ, ખજાનચી સોમાભાઇ પટેલ તથા કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

બેટી બચાવો અને બેટી પઢાઓની વિભાવનાને ચરિતાર્થ કરવા માટે સહિયારો સામાજીક આંદોલન જરૂરી છે : રાજેશ રાજયગુરૂ

પાટણ

પાટણના ઇ.ચા. કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરૂએ સમાજમાં દિકરીઓના સર્વાંગી ઉત્કર્ષની સાથે બેટે બચાવો બેટી પઢાઓના સંકલ્પને ચરીતાર્થ કરવા માટે સામુહિક પ્રયાસો હાથધરવા અનુરોધ કર્યો છે. સરકાર દ્વરા ઉત્તપ્રેરીત કરાતા અનુસાંગિક કાર્યક્રમોમાં આખુ સમાજ સહભાગી બને તે જરૂરી છે. દિકરીઓનો ઘટતો જતો સેકસરેશીયો સામાજિક સંકટ બની રહયો છે, ત્યારે પ્રત્યેક દીકરી જન્મ લે અને જન્મ્યા પછી શિક્ષણ સાથે જીવન વિકાસના બધા ઉદ્દીપકો હાસલ કરે તેવુ આદર્શ સામજિક વાતાવરણ નિર્માણ થાય તે જરૂરી છે. અને બેટી બચાવોના કાયદાકીય પ્રાવધાનો વધારે સમાજાભિમૂખ બને તે માટે વર્કશોપ સહિત પ્રચાર-પ્રસારના કાર્યક્રમો વ્યાપક રીતે યોજાવા જોઇએ.

બેટી બચાવો અને બેટી પઢાઓના જિલ્લા કક્ષાના ટાસ્કફોર્સની બેઠકમાં શ્રી રાજેશ રાજયગુરુ અધ્યક્ષ સ્થાનેથી બોલી રહ્યા હતા. આઇ.સી.ડી. એસ.ના પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી ગૌરીબેન સોલંકીએ જણાવ્યુ કે, જિલ્લાના બેટી બચાવ બેટી પઢાઓના શંદેસા માટે જિલ્લાના તમામ ગામોમાં ભીતસુત્રો લખવામાં આવ્યા છે. તેમજ ૧૬ ગામોમાં ભવાઇ કર્યક્રોમો પણ યોજવામાં આવનાર છે. જિલ્લામાં આ અંગેના વર્ષકશોપનું પણ આયોજન કરવામાં આવનર છે.

જેન્ડર રીસોર્સ ઓફિસર-અમદાવાદ મહેન્દ્રભાઇ મકવાણાએ જણાવ્યુ કે, જેન્ડર રીસોર્સ સેન્ટર દ્વારા કોમન એક્ષન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં બેટી બચાવો અભિયાન, દિકરીઓનું આરોગ્ય, શિક્ષણ, સલામતિજેવી વગેરે બાબતોને આવરી લઇ રાજયવ્યાપી એક્ષન પ્લાન તૈયાર કરાયો છે. સુશિક્ષિત દિકરીઓને ગ્રામ એમ્બેસેટર બનાવવાના, ધાર્મિક અને સામાજીક સંસ્થાઓની સંકળામણ વધારવા વગેરે બાબતો આવરી લેવાનું આયોજન કરાયુ છે.

બેઠકમાં અધિક નિવાસી કલેકટર બી.જી.પ્રજાપતિ, ડી.વાય.એસ.પી. જે.ટી. સોનારા, દિપક ફાઉન્ડેશન વડોદરાના સહાયક કો-ઓર્ડીનેટર રોશની શાહ,

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ભરતભાઇ ગોસ્વામિ, જિલ્લા મેલેરીયા અધિકારી, સનત જોષી, બાળ સુરક્ષા એકમના કેતન પ્રજાપતિ, સહાયક માહિતી નિયામક ભરતભાઇ રાવલ અને ડૉ. અલ્પેશ સાલ્વી, આર.સી.એચ.ઓ. હાજર રહ્યા હતા.

સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષામાં વારાહીનો વિદ્યાર્થી સાંતલપુર તાલુકામાં પ્રથમ આવતાં સન્માન

વારાહી

વારાહીની શ્રીમતી ડીપી સોની શિશુવિહાર, વારાહીનો વિદ્યાર્થી સાંતલપુર તાલુકામાં પ્રથમ આવતાં સન્માન કરાયું હતું.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર હરિદ્વારા દ્વારા સંચાલિત ભારતીય સંસકૃતિ જ્ઞાન પરીક્ષા ૨૦૧૭ માં શ્રીમતી ડી.પી.સોની શિશુ વિહાર વારાહીમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી કાપડિયા હર્નિલ રાકેશભાઈ સમગ્ર સાંતલપુર તાલુકામાં પ્રથમ નંબર આવતા તેનું સન્માન ગાયત્રી શક્તિપીઠ, ડીસા ખાતે કરવામાં આવ્યું જેમાં બધા તાલુકામાં પ્રથમ નંબર મેળવેલ વિદ્યાર્થીઓનું સન્માન તથા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે છગનભાઈ એસ પટેલ નિયામક ડી.એન.પી આર્ટસ એન્ડ કોર્મસ કોલેજ ડીસા, દિનેશભાઈ વ્યાસ, શ્રીમતી જાગૃતિબેન આર દેસાઈ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ડીસા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દેવીસિંહ આર પરમાર શ્રીમતી ડી.પી સોની શીશુવિહારના આચાર્ય તથા નયનાબેન પ્રજાપતિ ધો.૫ ની વર્ગ શિક્ષિકા એ કાપડિયા હર્ષિલ રાકેશભાઈને પ્રોત્સાહિત કરેલ. કાપડિયા હર્ષિલ રાકેશભાઈએ પ્રથમ નંબર મેળવતાં તેમના માતા-પિતાએ તથા પરિવારજ નોએ ખૂબ જ ઉત્સાહની લાગણી વ્યક્ત કરેલ તથા આવા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા કાર્યક્રમો વારંવાર યોજાય તેવું જણાવેલ.

પાટણના હારીજ પાલિકાના

પૂર્વ પ્રમુખ મથુરજી ઠાકોર હત્યા પ્રકરણઃ આરોપીઓની ધરપકડની ખાત્રી બાદ મૃતદેહ સ્વીકારાયો

પાટણ

પાટણ જિલ્લાના હારીજ પાલિકાના પૂર્વ પ્રમુખ મથુરજી ઠાકોરની ગઈકાલે બપોરે જુથ અથડામણમાં હત્યા થયા બાદ તેમના પરિવારજનોએ જ્યાં સુધી આરોપીઓ ન પકડાઈ ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈક્રાર કરી દેતા મામલો બીચકયો હતો. દરમિયાન આજે બપોરે પોલીસે બે દિવસમાં આરોપીઓને ઝડપી લેવાની ખાત્રી આપતા મૃતદેહ સ્વીકારીને અંતિમવિધિ માટે હારીજ લઈ જવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગઈકાલે બપોરે પાટણના હારીજ ખાતે જૂની અદાવતમાં ભરવાડ સમાજ અને ઠાકોર સમાજ વચ્ચે બઘડાટી બોલી હતી. જેમાં હારીજ પાલિકાના પૂર્વ પ્રમુખ મથુરજી ઠાકોરની હત્યા કરવામાં આવી હતી.ત્યાર બાદ મામલો ગરમાયો હતો અને ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને ઠાકોર સમાજના હોદેદારો અને કાર્યકરો પાટણ હોસ્પીટલે પહોંચી ગયા હતા.

આ બનાવ બાદ ભરવાડ સમાજના આરોપીઓને ઝડપી લેવાની માંગ સાથે મૃતદેહ સંભાળવામાં આવ્યો ન હતો. ત્યાર બાદ આજે બપોરે પોલીસ અધિકારીઓએ ખાત્રી આપતા મૃતદેહ સંભાળી લેવામાં આવ્યો છે અને હત્યા પ્રકરણમાં સંડોવાયેલા ૭ ભરવાડ શખ્સોને બે દિવસમાં ઝડપી લેવાની પોલીસે ખાત્રી આપી છે.

આ ઘટના બાદ ધારાસભ્ય ધારાસભ્ય અને ઠાકોર સમાજના અગ્રણી અલ્પેશ ઠાકોર પણ હારીજની મુલાકાતે આવનાર હતા પરંતુ તેમનો કાર્યક્રમ રદ થયો હતો.

મોડાસાના પૂર્વ કોર્પોરેટરના પત્નીનું અકસ્માતમાં મોત

મોડાસા

મોડાસા નગરપાલિકાના ભાજપના પૂર્વ કોર્પોરેટરના પત્ની શુક્રવારે સાકરીયા હનુમાનજીના મંદિરે દર્શનાર્થે ગયાં હતાં. જ્યાં મોડાસા-માલપુર હાઈવે પરના સાકરીયાની સીમમાં પગપાળા જઈ રહેલી મહિલા સાંજના સમયે કોઈ વાહને ટક્કર મારતાં મહિલાને ૧૦૮ દ્વારા સારવાર માટે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં જ્યાં મોડી રાત્રે મહિલાનું મોત નિપજ્યું હતું. મોડાસાના ભાજપના સક્રિય કાર્યકર ભગવાનદાસ શીવાભાઈ ભોઈના ધર્મપત્ની મંજુલાબેન શુક્રવારે મોડાસા પાસેના પ્રસિદ્ધ સાકરીયા હનુમાન મંદિરે પગપાળા દર્શનાર્થે ગયાં હતાં.

મોડાસા માલપુર હાઈવે પરનો બનાવ : ચાલક ઘટના સ્થળેથી ફરાર

તે દરમિયાન આ મહિલા મોડાસા હાઈવે રોડ પરના સાકરીયા ગામની સીમમાંથી પસાર થતી હતી. તે દરમિયા કોઈ અજાણ્યો વાહન ચાલક પોતાના કબજાના વાહનને ગફલત ભરી રીતે હંકારી લાવી મહિલાને ટક્કર મારતાં મહિલાને મોંઢાના અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેને સ્થાનિક લોકોએ ૧૦૮ની મદદથી મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડી હતી. પરંતુ મહિલાને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમનું સાર્વજનિક હોસ્પિટલ ખાતે શુક્રવારની મોડી રાત્રે ભોઈ મંજુલાબેન ભગવાનદાસ શીવાભાઈ ભોઈ (ઉ.વ. ૫૨) નું દુઃખદ અવસાન થતાં ભગવાનદાસે ફરિયાદ કરતાં પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સા.કાં.માં બટાટા, જીરૂ અને રાયડાનું વાવેતર ઘટ્યું, ઘઉં, મકાઈ અને ચણાનું વાવેતર વધ્યું

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામાં ચાલુ વર્ષે ડિસેમ્બર માસના અંતે ગત વર્ષની સરખામણીએ ૧૫ હજાર હેક્ટર વાવેતર વિસ્તાર વધ્યો છે. જેમાં ઘઉં, મકાઇ અને ચણાના વાવેતરમાં વધારો થયો છે. જ્યારે જીરૂ, તમાકુ અને રાયડાનુ વાવેતર ઘટ્યુ છે. ખેતીવાડી સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ડિસેમ્બર માસના ત્રીજા સપ્તાહને અંતે જિલ્લામાં ૧,૨૫૧૦૪ હેક્ટરમાં રવિ વાવેતર કરવામાં આવ્યુ છે.

ચાલુ વર્ષે ચોમાસાની સિઝન એકંદરે સારી ગયા બાદ જિલ્લામાં પિયતની સારી સંભાવનાઓને પગલે ખેડૂતોએ નોંધપાત્ર વાવેતર હાથ ધરતા ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષના રવિ વાવેતરમાં વધારો થયો છે. સામાન્ય રીતે રવિ વાવેતરમાં ઘઉં, બટાટા ખેડૂતોની પહેલી પસંદ હોય છે. પરંતુ બદલાતા જતા વાતાવરણમાં અને ઉપજ આવવાના સમયે નીચે ઉતરી જતા ભાવને કારણે ચાલુ વર્ષે જિલ્લામાં બટાટા, જીરૂ, રાયડાનુ વાવેતર ઘટ્યુ છે. તેની સામે ઘઉં, મકાઇ ચણાનું વાવેતર વધ્યુ છે. ગત ૨૨ મી ડિસેમ્બર – ૨૦૧૬ સુધી જિલ્લામાં કુલ ૧૧૧૮૩૭ હેક્ટરમાં વાવેતર થયુ હતુ. ચાલુ વર્ષે ૨૧ મી ડિસેમ્બર – ૨૦૧૭ સુધીમાં ૧,૨૫,૧૦૪ હેક્ટરમાં વાવેતર થયું છે. ખેતીવાડી સૂત્રો દ્વારા મળતી માહીતી અનુસાર અત્યાર સુધીમાં ૮૫૧૩૨ હેક્ટરમાં ઘઉંનું સૌથી વધુ વાવેતર થયું છે. તમાકુ, રાયડો જેવા પાકને કારણે જમીનને વત્તા ઓછા અંશે થતી વિપરિત અસરો અને ઉનાળુ વાવેતર માટે આ બંને રવિ પાક વિષમ પરિણામો આપતા હોવાથી તથા જીરૂમાં બદલાતા વાતાવરણને કારણે નુકસાનની સંભાવનાઓ વધી જતી હોવાથી ત્રણેયના વાવેતરમાં ઘટાડો થયો છે.

હજુ વાવેતર વધશે

ઘઉંની કેટલીક જાતોમાં જાન્યુઆરીના બીજા સપ્તાહ સુધી વાવેતર થતુ હોવાને કારણે હજુ તેમાં વધારો થવાની સંભાવના છે. ખેતીવાડી અધિકારી વી. કે. પટેલે જણાવ્યુ કે ચાલુ વર્ષે પિયતની સુવિધાઓ વધતા ઘઉંનુ વાવેતર વધ્યુ છે. તથા કુદરતી કારણોને લઈને જીરૂ અને રાયડાના વાવેતરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

પાટણની અમૃતપાર્ક સોસાયટીમાં ચોરી કરેલી કાર પોલીસે ઝડપી પાડી

પાટણ

પાટણમાં નાના - મોટા વાહન ચોરીના બનાવોએ માઝા મુકી દીધી છે. ત્યારે શહેરની અમૃતપાર્ક સોસાયટીમાંથી કારની ચોરી કરીને ભાગી રહેલા ચોરને શહેરની બી. ડીવીઝન પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી કારનો કબજો લીધો હતો. જાણવા મુજબ શહેરની અમૃતપાર્ક સોસાયટીમાં રહેતા પટેલ કાનજીભાઈ રૂગનાથભાઈએ સોસાયટીના પોતાના મકાન આગળ કાર પાર્ક કરી હતી. સવારે બહાર જવાનું હોવાથી કાર નજરે ન પડતાં ચોરી થઈ હોવાનું જણાતા તેઓએ બી.ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. દરમ્યાન ઈન્ચાર્જ પીઆઈ એ.એ.સુમરા અને ડી.સ્ટાફના માણસોએ ખાનગી બાતમીના આધારે બોરતવાડના વિપુલ ભગવાનભાઈ ચૌધરીની કાર સાથે અટકાયત કરી હતી. ચોરી કરેલી કારમાંથી બે બેટરીઓ મળી હતી જે અન્ય વાહનમાંથી ચોરી કરી હોવાની વાત આરોપીએ પોલીસને જણાવી હતી.

CMYK